بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૯**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૬, અંક : ૦૨, સળંગ અંક : ૧૮૨

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ખુદાયા ! તું અમને કિરદારના ગાઝી બનાવી દે ! | 04 |
| 02 | **હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ !** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 05 | હદાઈકે બખ્શિશ | 17 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 22 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 24 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ | 27 |
| 09 | રાફઝી-શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો ! | 30 |
| 10 | Huzoor Hafiz-e-Millat رحمۃ اللہ علیہ | 31 |
| 11 | કુર્આન દુનિયામાં ઈસ્લામની હક્કાનિયતનો મહસૂસ (અનુભવાયેલ) જાહેર પ્રતિનિધિ | 33 |
| 12 | ટિક ટોક બે હયાઈકા સમંદર | 43 |
| 13 | આશ્ચર્યમાં છું કે દુનિયા શુંની શું થઈ જશે ?! | 45 |


**રઝા :આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં
દિલ કો જો અક્લ દે ખુદા તેરી ગલી સે જાએ ક્યૂં
રુખ્સતે કાફલા કા શોર ગશ સે હમેં ઉઠાએ ક્યૂં
સોતે હૈં ઉનકે સાયામેં કોઈ હમે જગાએ ક્યૂં
બાર ન થે હબીબ કો પાલતે હૈં ગરીબ કો
રોએં જો અબ નસીબ કો ચૈન કહો ગંવાએ ક્યૂં
યાદે હુઝૂર કી કસમ ગફલતે ઐશ હૈ સિતમ
ખૂબ હૈં કૈદે ગમ મેં હમ, કોઈ હમે છુળાએ ક્યૂં
દેખ કર હઝરતે ગની ફૈલ પળે ફકીર ભી
છાઈ હૈં અબ તો છાવની હશ્ર હી આ ન જાએ ક્યૂં
જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા
જિસકો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં
હમ તો હૈં આપ દિલ ફગાર ગમ મેં હંસી હૈ ના ગવાર
છેળ કે ગુલકો નવ બહાર ખૂન હમેં રુલાએ ક્યૂં
યા તો યહીં તળપ કે જાએં યા વહી દામ સે છુળાએં
મિન્નતે ગૈર ક્યૂં ઉઠાએં કોઈ તરસ જતાએં ક્યૂં
સંગે દરે હુઝૂર સે હમ કો ખુદા ન સબ્ર દે
જાના હૈ સર કો જા ચુકે દિલ કો કરાર આએ ક્યૂં
હૈ તો 'રઝા' નિરા સિતમ જુર્મ પે ગર લજાએં હમ
કોઈ બજાએ સોઝે ગમ સાઝે તરબ બજાએ ક્યૂં

# ખુદાયા ! તું અમને કિરદારના ગાઝી બનાવી દે !

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

આપણે અલ્લાહ ﷻનો અનહદ શુક્ર અદા કરીએ છીએ કે એણે આપણને મુસલમાન બનાવ્યા અને અહલે સુન્નત વ જમાઅતમાં પેદા કર્યા. યક઼ીનન! આપણે જે જમાઅતથી સંબંધ ધરાવીએ છીએ તે જમાઅત બરહક્ક઼ તથા જન્નતી છે અને આ જમાઅતમાં અવલિયાએ કિરામની એવી મોટી સંખ્યા ગુજરી છે જે ઈલ્મ તથા અમલ, તક઼્વો તથા નિખાલસતામાં સમયની અજોડ હતી. તેમની નિઃસ્વાર્થ કુર્બાનીઓ અને મહાન કોશિશો (જિદ્દોજેહદ)થી ઈસ્લામ તથા સુન્નિયત આપણા સુધી પહોંચી જેના કારણે આપણે તેમનું નામ લેનારા તથા અક઼ીદતમંદોમાં સામેલ છીએ, અને આજે એમના ઝિક્રે જમીલથી આપણી ઝબાનો તર રહે છે, અને આપણને એમના ઝિક્રથી સુકૂન મળે છે. **આજે આપણે તેમના વસીલાથી આપણી સમસ્યાનો હલ અલ્લાહ ﷻની બારગાહથી પામીએ છીએ, અને દરેક મુસીબતમાં તેમને યાદ પણ કરીએ છીએ, પરંતું એમના નક઼્શે ક઼દમ પર ચાલવાનો જઝ્બો આપણામાં જોવા મળતો નથી !** સ્ટેજો અને મિમ્બરો પરથી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّہُ الْعَزِیْز‎નો આ શેઅર આપણે જરૂર ગણગણતા તો દેખાઈએ છીએ :

*તેરે ગુલામોંકા નકશે ક઼દમ હૈ રાહે ખુદા*
*વહ ક્યા બહક સકે જો યહ સુરાગ લેકે ચલે*

એમનો નકશે ક઼દમ શું છે ? શું કદી આપણે એના પર વિચારણા કરી ? શું કદી આપણે એ જાણવાની કોશિશ કરી કે તેમણે કેવી રીતે ઈસ્લામને માણસો સુધી પહોંચાડયો ? હક઼ીકતમાં તેમની નિગાહોમાં આક઼ાએ કરીમ ﷺની આ દુઆ હતી જેને તેમણે ઝબાનનો વિર્દ બનાવી હતી, અને પોતાની જાતને તેની આમિલ બનાવી હતી, જેના કારણે તેમના કિરદાર તથા અમલને જોઈને લોકો સુન્નિયત ક઼બૂલ કરતા હતા અને સવાદે આ'ઝમ (અહલે સુન્નત)માં સામેલ થઈ જતા હતા. તે દુઆ આ હતી, એ દુઆને તમો પણ પઢો અને આપણે સૌ એના પર અમલ કરવાની કોશિશ કરીએ :–

اَللّٰھُمَّ اِنِّی اَعُوْذُ بِکَ مِنْ عِلْمٍ لَا یَنْفَعُ وَمِنْ قَلْبٍ لَا یَخْشَعُ وَمِنْ نَفْسٍ لَا تَشْبَعُ، وَمِنْ دَعْوَۃٍ لَا یُسْتَجَابُ لَھَا

"હે મારા પરવરદિગાર ! હું તારી પનાહ માગું છું એવા ઈલ્મથી જે ફાયદો ન આપે, એવા દિલથી જે આજીજી ન કરે, એવા નફસથી જે સૈર ન હોય અને એવી દુઆથી જે ક઼બૂલ ન થાય." *(મુસ્લિમ શરીફ)*

જેથી આપણા માટે જરૂરી છે કે આપણે ઈલ્મપ્રાપ્તિના હેતુને ઠીક કરીએ. આપણે ઈલ્મ એટલા માટે પ્રાપ્ત કરીએ કે તેના પર અમલ કરીશું. આજે આપણો હાલ એ છે કે આપણે ક઼ૌલના ગાઝી (મોઢાના વાઘ) તો છીએ પણ કિરદારના ગાઝી નથી બની શક્યા. એ જ કારણે આજે આપણે સમસ્યાઓના શિકાર છીએ. આજે આપણી જિંદગીઓ બેચૈનીની વાદીઓથી પસાર થઈ રહી છે. કેમ ?! કારણ એ છે કે આપણે અમલી એતબારથી ઘણા જ કમજોર છીએ. કાશ ! આપણે સુન્નિયતે જીવંત કરવા અને સુન્નિયતને વિકસાવવામાં પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફે કિરામ)ની જિંદગીનો અભ્યાસ કરતા અને તેમના ચિંધેલી અમલની રાહ પર ચાલવાની કોશિશ કરતા તો યક઼ીન જાણો કે આટલા પ્રમાણમાં બેઈજ્જતી, પડતી તથા બુરી હાલતના શિકાર ન થાત. આપણા અસ્લાફે કિરામ તે હતા કે જેમની નજીક થનારાઓને ખુદા તથા રસૂલનો કુર્બ (નિકટતા) નસીબ થઈ જતો હતો, અને વધુ પેજ 16 પર..

# હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ !

તંત્રી લેખ....

આજે ૧૪ જાન્યુઆરીના રોજ **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** હેઠળ ચાલતા મદ્રસાઓના વિઝિટરે મને ફોન કર્યો કે સવાર સવારમાં બે ત્રણ ગામોમાં આજે વિઝિટે પહોંચ્યો પણ ''ઉત્તરાયણ''નો તહેવાર હોવાથી મદ્રસા બંધ મળ્યા ! ઉસ્તાદ તરફથી કે મદ્રસા કમિટી તરફથી રજા જાહેર ન હતી પણ મુસલમાનોના બાળકોએ ઉત્તરાયણ મનાવવા મદ્રસાની સ્વેચ્છીક રજા પાડી દીધી ! ન માબાપે કોઈ કાળજી લીધી કે બાળકો મદ્રસે નથી ગયાં. બીજુ કે ''ઉત્તરાયણ'' એ કોઈ મુસ્લિમ તહેવાર પણ નથી, બલ્કે હિંદુઓનો તહેવાર છે જેમાં પતંગબાજી પાછળ લાખો રૂપિયા ખર્ચાય છે અને પતંગો ઉડાડી, ખાણી પીણી કરીને, ફિલ્મી ગીતો ધામધૂમથી વગાડીને ધાબાઓ પરથી, અગાશીઓમાંથી પતંગો ચગાવવામાં આવે છે. ઈસ્લામને આ તહેવાર સાથે કોઈ જ સંબંધ નથી, પછી મુસ્લિમો આવા તહેવાર શા માટે મનાવે છે ?! દર વર્ષે ઉત્તરાયણના દિવસે અનેક યુવાનો બાળકોનાં મૌત થાય છે, કેટલાય માણસો તથા પક્ષીઓનાં ગળાં કપાય જાય છે. દર વર્ષ જેમ આ વરસે પણ અત્યાર સુધીમાં ૧૭ લોકોનાં મૃત્યુ થયાં અને ૯૯ લોકોનાં ગળાં દોરીથી કપાયાં, ઈલેકટ્રીકના થાંભલે કરંટ લાગવાથી, ધાબા પરથી પટકાવાના ૧૩૦ બનાવો બન્યા. મારા મારીના ૯૪, વાહન અકસ્માતના ૨૭૩ અને નાની મોટી ઈજાના ૧૯૦ બનાવો બન્યા છે. બાઈક સવારોના ગળામાં દોરી ફસાતાં ગળુ કપાતાં મૃત્યુ થવાના સમાચારો મળી રહ્યા છે. પતંગબાજી એ ફુઝૂલ ખર્ચી છે અને ફુઝૂલ ખર્ચી કરનારા શૈતાનના ભાઈ છે એવું કુર્આન ફર્માવે છે, સાંભળો ! :

وَلَا تُبَذِّرْ تَبْذِيْرًا ۝ اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا اِخْوَانَ الشَّيٰطِيْنِ ۭ وَكَانَ الشَّيْطٰنُ لِرَبِّهٖ كَفُوْرًا ۝ ''અને ફુઝૂલ ન ઉડાવ, **બેશક ! ફુઝૂલ ઉડાવનારા શૈતાનના ભાઈ છે** અને શૈતાન પોતાના રબનો ઘણો જ નાશુકરો છે.'' *(સૂ. બની ઈસ્રાઈલ, આ ૨૬,૨૭)* જો મુસલમાનો કુર્આની આદેશોને નહીં ગણકારે તો પોતાના બુરા અંજામ માટે પણ તૈયાર રહે !

## પોતાને મુસલમાન કહેનારા આવા પણ લોકો છે !

**મુસલમાન** તો એ છે કે **જે અલ્લાહને એક જાણે અને ખુદા સિવાય કોઈની પૂજા કે ઈબાદત ન કરે, અને હુઝૂર ﷺને અલ્લાહના બંદા તથા આખરી નબી, રસૂલ માને, અને તેમના આદેશોને દિલથી માને અને તેના પર અમલ કરવા ભરપુર કોશિશ કરે.** પતંગબાજી તો પતંગબાજી છે પણ આજકાલ કૌમી એકતાના નામે કહેવાતા મુસલમાન હદો વટાવી રહ્યા છે. એક સમાચાર છે કે એક ગામમાં એક મુસ્લિમ શ્રધ્ધાળુ ! થકી સર્વ પિતૃ મોક્ષાર્થે એક સપ્તાહ સુધી શ્રીમદ ભાગવત કથા યોજીને વિશ્વનંદમયી દેવી દ્વારા કથામૃત ખાત કરાવાયું. (ન્યૂઝ : ૩૦–નવે. લોક સંસાર) તો વળી ક્યાંક સમાચાર મળે છે કે ફલાણા મુસલમાને ''હનુમાન ચાલીસા'' કરાવ્યાં ! તો વળી ક્યાંક એક ડોકટરે સાંઈબાબાના મંદિરે જઈને આરતી ઉતારીને પૂજા કરી. તો વળી ક્યાંક કહેવાતા સૂફી સંત બાવાએ જૈન સાધુઓ સાથે ગાયને કુમ કુમ તીલક લગાડી ગાયની પૂજા કરી. તો ક્યાંક કહેવાતા પીરબાવા, સજ્જાદાએ લેકચરમાં કહી દીધું કે અલ્લાહ ભગવાન, રામ રહીમ સૌ એક જ છે. (મઆઝલ્લાહ !) તો ક્યાંક સમાચાર મળ્યા કે, ''અજમેર દરગાહના ખાદિમોએ શ્રીનાથજીના દર્શન કર્યા.'' તો વળી ક્યાંક કહેવાતા

Reasarcher મૌલાના બની બેઠેલા "મુજદ્દિદે રવાં સદી !" સર્વ ધર્મવાળાઓને ભેગા કરી તેમના જ રિવાજ તથા અક઼ીદા પ્રમાણે તેમના મઅબૂદ (ગોડ, ભગવાન)નો ઝિક્ર કરવાનુ, જાપ કરવાનું કહીને કુફ્રી કલામ બોલાવે છે ! અને એને બહાદુરી ગણે છે ! વળી મશહૂર કવ્વાલ ચાંદ ક઼ાદરીને પણ "જય ગણેશ"ના જાપ સાથે કવ્વાલી કરતો લોકોએ જોયો, સારાંશ કે આવા અનેક અક્કલના ઓથમિર કહેવાતા મુસ્લિમો બલ્કે કહેવાતા સૂફીસંત તથા મૌલાના પણ ન જાણે કઈ લાલચમાં શિર્ક તથા કુફ્રમાં પડીને દીન ઈમાનથી હાથ ધોતા જોવા મળે છે.

## આવો ! ઈમાન તથા ઈસ્લામની હક઼ીક઼તને કુર્આનથી સમજો

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ યહૂદીઓના મહાન આલિમ હતા. હુઝૂર ﷺ વિશે તૌરાતમાં આવેલી નિશાનીઓ જોઈને તેમને યક઼ીન થઈ ગયું કે આપ ﷺ અલ્લાહના સાચા પયગંબર તથા આખરી નબી છે, જેથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ તથા તેમના અમુક સાથીઓ હુઝૂર ﷺ પર ઈમાન લઈ આવ્યા. ત્યાર બાદ શરીઅતે મૂસવીના અમુક હુકમો પર ક઼ાયમ રહ્યા. શનિવારની તાઝીમ કરતા અને તે દિવસે શિકારથી બચવાને લાઝિમ જાણતા. અને ઊંટના દૂધ તથા ગોશતથી પરહેઝ કરતા. અને એવું વિચારતા કે આ ચીજો ઈસ્લામમાં તો મુબાહ (કરો ન કરો, ન સવાબ ન ગુનોહ) છે, એને કરવું જરૂરી નથી અને તૌરાતમાં એનાથી બચવું જરૂરી ઠરાવ્યું છે, તો એને ત્યજી દેવામાં ઈસ્લામની વિરૂધ્ધ પણ ન થશે અને શરીઅતે મૂસવી પર અમલ પણ થઈ જશે. એના પર આ આયત નાઝિલ થઈ :

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا ٱدْخُلُوا فِى ٱلسِّلْمِ كَآفَّةً ۖ وَلَا تَتَّبِعُوا خُطُوَٰتِ ٱلشَّيْطَٰنِ ۚ إِنَّهُۥ لَكُمْ عَدُوٌّ مُّبِينٌ ﴿٢٠٨﴾ હે ઈમાનવાળાઓ ! **ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ** અને **શૈતાનના ક઼દમો પર ન ચાલો.** બેશક ! તે તમારો **ઉઘાડો દુશ્મન છે."** *(સૂ. બકરહ, ૨/૨૦૮, કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન)*

મુસલમાનો ! વિચારો ! યહૂદીઓના મહાન આલિમ હુઝૂર ﷺમાં આખરી રસૂલ વિશે નિશાનીઓને જોઈને યક઼ીનની સાથે આપ પર ઈમાન લાવ્યા હતા. પાકા મુસલમાન બલ્કે રસૂલુલ્લાહ ﷺના સહાબી હતા અને ઉપર વર્ણવ્યું તેમ શરીઅતે મૂસવી પર પણ અમલ થાય એવું વિચારીને શરૂમાં ઊંટના દૂધ તથા ગોશતથી પરહેઝ કરતા હતા અને શનિવારે શિકાર ન કરતા, તો હુકમ આવી ગયો કે ઈસ્લામના હુકમોનું સંપૂર્ણપણે પાલન કરો. એટલે કે તૌરાતના હુકમો મન્સૂખ થઈ ગયા (ઉઠાવી લેવામાં આવ્યા) હવે એના પર આધાર ન રાખો. (ખાઝિન) **આસ્માની કિતાબ જે ખુદ રબ તઆલાની નાઝિલ કરેલી તેના હુકમો પર સહાબીએ રસૂલને અમલ ન કરવા આદેશ થયો તો જેઓ ગૈર મઝહબના મઅબૂદોની પૂજા અર્ચના કરે તથા તેમના જેવા કુફ્રી કલામો બોલે બોલાવે છે તેમનો તો શું અંજામ થશે ?!**

## તમારા માટે તમારો દીન અને અમારા માટે અમારો દીન

આવો ! મુસલમાનો ! ધ્યાનપૂર્વક સાંભળો ! ખુદ હુઝૂર ﷺને કુરૈશની એક જમાઅતે કહ્યું હતું કે, **"આપ અમારા ધર્મનું અનુસરણ કરો, અમો તમારા ધર્મનું અનુસરણ કરીશું. એક વરસ તમો અમારા મઅબૂદોની ઈબાદત કરો અને એક વરસ અમે તમારા મઅબૂદની ઈબાદત કરીશું." સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહની પનાહ ! કે હું એની સાથે ગૈરને શરીક કરું !" તો કહેવા લાગ્યા,**

**તમો અમારા કોઈ મઅબૂદને કેવળ હાથ જ લગાડી દો અમો તમારું સમર્થન કરીશું,** તમારા મઅબૂદ (ખુદા)ની ઈબાદત કરીશું. તો એના પર સૂરએ કાફિરૂન નાઝિલ થઈ :

قُلْ یٰۤاَیُّهَا الْكٰفِرُوْنَۙ(۱) لَاۤ اَعْبُدُ مَا تَعْبُدُوْنَۙ(۲) وَ لَاۤ اَنْتُمْ عٰبِدُوْنَ مَاۤ اَعْبُدُۚ(۳) وَ لَاۤ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْۙ(۴) وَ لَاۤ اَنْتُمْ عٰبِدُوْنَ مَاۤ اَعْبُدُؕ(۵) لَكُمْ دِیْنُكُمْ وَ لِیَ دِیْنِ۠(۶)

"તમે ફર્માવો, હે કાફિરો ! ન હું પૂજુ છું જે તમે પૂજો છો, અને ન તમે પૂજો છો જે હું પૂજુ છું, અને ન હું પૂજીશ જે તમે પૂજ્યું અને ન તમે પૂજશો જેને હું પૂજુ છું. તમને તમારો દીન અને મને મારો દીન."

*–(સૂ. કાફિરૂન, કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન)*

હુઝૂર ﷺને દુનિયાની દૌલતની, સત્તાની, ખૂબસૂરત સ્ત્રીઓની, સરદારીની જાત જાતની ઓફરો કરીને દીને ઈસ્લામની તબ્લીગ છોડી દેવા કહેવામાં આવ્યું પણ આપે તેમની ઓફરો ઠુકરાવીને ઉપર મુજબ જવાબ આપ્યો હતો. **તો હવે આજે કોઈ મુસ્લિમ કહેવાતો સૂફી સંત કે પીર બાવો અને કોઈ રાજકારણી મુસ્લિમ નેતા ગૈરુલ્લાહની આરતીમાં ભાગ લે કે પૂજાવિધિમાં ઉભો રહે કે તેમની જય જય પુકારે કે અલ્લાહ ભગવાન એક બતાવે, તો તે મુસલમાન રહેશે ખરો ?!** ભલે પોતાને મુસલમાન કહેતો રહે. શું નબી પાક ﷺની વિરૂધ્ધ જઈને કોઈ સૂફી સંત, પીર કે મોલ્વી મુજદ્દિદ રહેશે ખરો !

## સૌથી શ્રેષ્ઠ મો'મિનો એટલે સહાબીઓએ વેઠેલી મુસીબતોની ઝલક

હુઝૂર ﷺના સાથીઓ સહાબાએ કિરામ જેમના જેવો હવે કોઈ થશે નહીં, એવા મજબૂત ઈમાનવાળા તેઓ હતા. આજે થોડીક દુનિયવી લાલચમાં કે સત્તાની લાલચમાં કે સૌના વહાલા બનવા માટે કેટલાય નાદાનો શિર્ક તથા કુફ્રમાં પડી જતા હોય છે, જ્યારે કે સહાબાએ કિરામ પર ઈસ્લામ સ્વીકારવાના સબબે અનહદ જુલ્મો કાફિરો થકી થતા હતા. જેમ કે હઝરત ખબ્બાબ رضی اللہ عنہને મક્કાના કાફિરો લોખંડનું બખ્તર પહેરાવી ગરમ ગરમ રેતીમાં નાખી દેતા, અસહ્ય ગરમીથી આપના શરીર પર ફોલ્લા પડી જતા, સાંજ પડતાં ગળામાં દોરડુ બાંધી રસ્તાઓ પર ઘસેડતા, માર્ગમાં પથ્થર આવે, શરીરમાં કાંટા ભોકાય જતા છતાં તેઓ ખેંચ્યે જ જતા, ક્યારેક માથુ ફૂટી જતુ, પરંતુ આવી તકલીફોમાં પણ આપના મુખેથી અલ્લાહુ અકબર....ની સદા નીકળતી રહેતી. છેવટે કાફિરોએ તેમને આગના અંગારાઓ પર સૂવાડયા અને છાતી પર વજની પથ્થરો મૂક્યા જેથી ચામડી બળીને શરીરની ચરબી ઓગળી ગઈ જેના વડે આગ બુઝાઈ ગઈ. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એકવાર આપની મુસીબતની દાસ્તાન સાંભળીને રડી પડયા અને ફર્માવ્યું કે, હે ખબ્બાબ ! કુર્તો ઉઠાવો ! હું તમારી એ પીઠની ઝિયારત કરીશ ! અલ્લાહ ! અલ્લાહ ! આ પીઠ કેટલી મુબારક તથા મુકદ્દસ છે જેને મહોબ્બતે રસૂલના કારણે આગમાં સળગાવવામાં આવી. (તબ્કાતે ઈબ્ને સઅદ, ભાગ : ૩, તઝકેરએ ખબ્બાબ)

એ જ પ્રમાણે હઝરત અમ્માર ઈબ્ને યાસર رضی اللہ عنہને સળગતા કોલસાઓ પર સૂવડાવતા, ચાબુક તથા કોરડાઓથી મારતા. હઝરત બિલાલ رضی اللہ عنہને પણ રસ્સી વડે બાંધીને ઘસેડતા અને તપતી રેતીમાં સૂવાડતા. હઝરત ખોબૈબ رضی اللہ عنہને ફાંસીના માંચડે ચડાવાયા છતાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના આ શયદાઈઓના મુખેથી કલમો જારી રહ્યો. ત્યાં સુધી કે કેટલાય સહાબાએ હબ્શા તરફ હિજરત કરી અને છેવટે કાફિરોના અસહય જુલ્મોને લઈને સર્વ

સહાબાએ પોતાનુ સર્વસ્વ છોડીને મક્કા છોડી મદીના હિજરત કરી લીધી, પણ દિલમાં ઈમાન તથા ઈસ્લામની મહોબ્બતમાં કોઈ આંચ ન આવી. હઝરત ઝયદ رضی اللہ عنہને જ્યારે કતલના માટે લઈ જવામાં આવ્યા તો અબૂ સુફયાન તે વખતે હજી ઈમાન ન લાવ્યા હતા તેમણે પૂછયું, હે ઝયદ ! હું તમને ખુદાની કસમ આપીને પૂછુ છું કે શું તમે એને પસંદ કરો છો કે અત્યારે અમારી પાસે તમારા બદલે મુહમ્મદ ﷺ હોય જેમને અમે કતલ કરી દઈએ અને તમો આરામથી બાળબચ્ચાંમાં બેસો. તેમણે જવાબ આપ્યો. અલ્લાહની કસમ ! હું પસંદ એ પણ નથી કરતો કે મુહમ્મદ ﷺ અત્યારે જે જગાએ છે ત્યાં તેમને એક કાંટો વાગવાની પણ તકલીફ થાય અને હું આરામથી મારાં બાળ બચ્ચાંમાં બેસેલો રહું. ત્યારે અબૂ સુફયાને કહ્યું, ''મેં લોકોમાંથી કોઈને નથી જોયા કે બીજાઓથી મહોબ્બત રાખતા હોય જેવી કે મુહમ્મદના સહાબીઓ મુહમ્મદ (ﷺ)થી રાખે છે.''

સહાબીએ રસૂલ હઝરત હબીબ બિન ઝયદ رضی اللہ عنہને નબુવ્વતના જૂઠા દાવેદાર મુસૈલમા કઝ્ઝાબે જ્યારે કહ્યું કે શું તમે ગવાહી આપો છો કે હું અલ્લાહનો રસૂલ છું ? તો આપે કહ્યું, હું ગવાહી આપુ છું કે મુહમ્મદ અલ્લાહ ﷺના રસૂલ છે ! તેણે ફરી કહ્યું પણ આપે એ જ જવાબ આપ્યો, તો તેણે જલ્લાદને આપની બોટી બોટી કરવાનો હુકમ આપ્યો. જલ્લાદ આપની બોટી બોટી કાપતો રહ્યો પણ જ્યાં સુધી આપના જીવમાં જીવ રહ્યો આપ એ જ એલાન કરતા રહ્યા કે, મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે. *(હવાલો : કિતાબ જાન હૈ ઈશ્ક મુસ્તફા ﷺ)*

સારાંશ કે આટલી સખત તકલીફો છતાં સહાબાએ કિરામ દીન ઈમાન પર અડગતાથી જામેલા રહ્યા, જ્યારે આજે કહેવાતા મુસ્લિમો જ નહીં પણ મુસ્લિમોના રહબરો, લીડરો પણ દુનિયાવી વાહ વાહ તથા લાલચમાં પડીને શિર્કિયા કામો કરતા જોવા મળે છે અને કૌમને ગુમરાહ કરી રહ્યા છે. તો એવાઓથી મુસલમાનોએ દૂર રહેવું જોઈએ.

## હુઝૂર ﷺના હુકમ પર મરી ફિટવાનો જઝબો અને સહાબા

બુખારી શરીફ કિતાબુલ ઈમાનમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **''તમારામાંનુ કોઈ ત્યાં સુધી મો'મિન નથી થઈ શકતું જ્યાં સુધી હું તેની નજીક તેના બાપ, ઔલાદ તથા સર્વ લોકો કરતાં મહબૂબ ન થઈ જાઉં.''**

બીજી હદીષમાં છે કે, **''તમારામાંથી કોઈ મો'મિન નથી થઈ શકતું જ્યાં સુધી હું તેની નજીક તેની જાન કરતાં પણ અધિક પ્યારો ન થઈ જાઉં.''** *(સહીહ બુખારી શરીફ)*

સહાબાએ કિરામની સમક્ષ હુઝૂર ﷺનાં આ ફર્માનો હતાં. તેઓ હુઝૂર ﷺની મહોબ્બતમાં પોતાનુ સર્વસ્વ લૂટાવવા તૈયાર હતા. અને સાચી મહોબ્બતનો તકાઝો પણ એ જ છે કે મહબૂબના હુકમનું પાલન કરવામાં સહેજેય અચકાય નહીં. આવો ! એ જાંનિષાર સહાબીઓના જીવનનાં અમુક દષ્ટાંતો જોઈએ.

## સુહાગ રાતે જ જંગના મેદાનમાં

જંગે ઓહદના દિવસોમાં હંઝલા બિન અબી આમિર رضی اللہ عنہની શાદી થઈ હતી. જે રાતે આપ પોતાની દુલ્હનને વિવાહ કરીને લાવ્યા તે જ રાતે સરકારે દો આલમ ﷺ તરફથી એલાન કરવામાં આવ્યું કે કાફિરો મદીના મુનવ્વરા પર હુમલો કરવાના છે તેમનો મુકાબલો કરવા માટે લડાઈના મેદાનમાં ચાલો. રસૂલે પાક

ﷺના આ શયદાઈ સર્વ કાંઈ ભૂલીને જેહાદના મેદાનમાં જવા લાગ્યા અને તે ફિકરમાં આપને ગુસ્લે જનાબત પણ યાદ ન રહ્યું. એ જ હાલતમાં લડાઈના મેદાનમાં પહોંચી ગયા અને જંગમાં શરીક થઈ શહીદ થઈ ગયા. જંગ ખત્મ થયા બાદ શહીદોની લાશોમાં આપની લાશ જોવા ન મળી તો રસૂલે પાક ﷺએ આકાશ તરફ નજર કરીને ફર્માવ્યું કે હંઝલાની લાશને ફરિશ્તાઓ નૂરાની તખ્ત પર સૂવડાવીને રહમતના પાણીથી ગુસ્લ આપી રહ્યા છે ! તે દિવસથી આપનો લક઼બ 'ગસીલુલ મલાઈકા' પડી ગયો.

વિચારો ! સુહાગ રાતના દિવસે હાલના યુવાનોની શું કૈફિયત હોય છે, કેટલાકને તો નમાઝનો પણ ખયાલ નથી રહેતો, જ્યારે સાચા આશિક઼ે રસૂલ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના સહાબા દીનની સલામતી માટે ગમે તે પળે ગમે તે પ્રસંગે સર્વ મોજમજા ત્યજીને પોતાની જાન કુર્બાન કરવા તત્પર રહેતા હતા. આવાં તો અનેક દષ્ટાંતો ઈસ્લામી ઈતિહાસમાં જોવા મળે છે.

## હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફાની દીન પર અડગતા

હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના દૌરમાં રૂમી સિપાહીઓએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હુઝૈફા رضی اللہ عنہ સહિત કેટલાક મુસલમાનોને કેદી બનાવી લીધા. ઈસાઈ રાજા તાગિયાએ ઈબ્ને હુઝૈફાને ઈસ્લામ છોડી ઈસાઈયત સ્વીકારના બદલામાં સલ્તનતનો એક ભાગ આપવાની લાલચ આપી પણ આપે તેને ઠુકરાવી દીધી. ફાંસીને માંચડે ચઢાવીને મારી નાખવાની ધમકીઓ આપી છતાં આપ ટસથી મસ ન થયા. ત્યાર બાદ રાજાએ એક દેગમાં પાણી ગરમ કરાવ્યું. જ્યારે તે ઉકળી ઉઠયું તો હઝરત ઈબ્ને હુઝૈફાની સામે અન્ય બે કેદીઓને પાણીમાં નાખ્યા જેમનો કરૂણ અંજામ જોયા બાદ પણ આપે ઈસાઈ રાજાની વાત ન સ્વીકારી. આપે કહી આપ્યું કે મારી એક જાન નહીં, સો જાનો પણ હોત તો એક એક કરીને સૌને ખુદાની રાહમાં કુર્બાન કરી દઉં પણ ઈસ્લામનો કલમો કદી ન છોડું.....સારાંશ કે ગમે તેવી મુસીબતો કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપને ઈમાન પરથી ડગમગાવી ન શકી.

આજે કહેવાતા મુસલમાનો રાજકરણના લાભ ખાતર કે ગૈર મુસ્લિમ મિત્રોને ખુશ કરવા ખુશામદમાં તેમના ધાર્મિક તહેવારોમાં હાજરી આપે છે, આરતીમાં પણ ભાગ લેતા હોય છે, તેમના ભગવાન કે દેવી દેવતાની જય જય પોકારતા હોય છે. તેમણે એ વાતોથી જાહેરમાં તૌબા કરી ઈમાન તથા ઈસ્લામની ક઼દર કરવી જોઈએ, નહીં તો દુનિયાની ચાર દિવસની વાહ વાહ તથા રોનક માટે હમેશાંની જહન્નમમાં જવું પડશે એ ન ભૂલે.

## અલ્લાહ વ રસૂલના હુકમ પર ઝુકી જવું તે આનુ નામ !

આજે મુસલમાનો ખુલ્લમ ખુલ્લા અલ્લાહ વ રસૂલના આદેશોથી વિરુદ્ધ બાગીની જેમ જિંદગી જીવતા જોવા મળે છે. પણ સહાબાએ કિરામમાં નબી પાક ﷺના આદેશોની કેટલી ક઼દર હતી અને ખુદા વ રસૂલને રાજી રાખવાનો કેવો જઝબો હતો તે જુઓ :–

- ❑ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ એક વ્યકિતના હાથમાં સોનાની અંગૂઠી (વીટી) જોઈ તો આપે એને કાઢીને ફેંકી દીધી. અને ફર્માવ્યું કે શું તમારામાંથી કોઈ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં રાખે ?! રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ ગયા પછી એ વ્યકિતને બધાએ કહ્યું

કે, તું તારી અંગૂઠી ઉઠાવી લે અને વેચીને એનાથી ફાયદો મેળવ ! તે શખ્સે જવાબ આપ્યો, **નહીં ! અલ્લાહની કસમ ! એને કદી પણ હાથ નહીં લગાડુ જેને રસૂલે ખુદા ﷺએ ફેંકી દીધી છે ! હું એને કદી પણ નહીં લઉં !** *(મિશ્કાત બહવાલા સહીહ મુસ્લિમ)*

- હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما કહે છે કે એક વખત સફરમાં અમે લોકો હુઝૂરે અકરમ ﷺની સાથે હતા. હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો. મારી ઉપર એક ચાદર હતી જે લાલ રંગમાં હલકી રીતે રંગેલી હતી. હુઝૂર ﷺએ જોઈને ફર્માવ્યું, આ શું ઓઢી રાખ્યું છે ?! મને આ સવાલથી હુઝૂર ﷺની નાપસંદીનો અણસાર જણાયો જેથી ઘરવાળાઓની પાસે હું પાછો ફર્યો તો એમણે ચૂલો સળગાવી રાખ્યો હતો. મેં એ ચાદર એમાં નાખી દીધી ! બીજા દિવસે જયારે હાજર થયો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે એ ચાદરનું શું થયું ? મેં પ્રસંગ વર્ણવી દીધો તો આપે ઈર્શાદ ફર્માવ્યો, ઔરતોમાંથી કોઈને કેમ ન પહેરાવી દીધી ?! ઔરતોને તો પહેરવામાં કોઈ વાંધો ન હતો ! *(અબૂ દાઊદ)*
- હુઝૂરે અકરમ ﷺ એક વખત ઘરેથી બહાર તશરીફ લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં એક મકાન જોયું જે બે માળનું બનેલ હતું. સાથીઓને પૂછયું, આ શું છે ? તેમણે અર્ઝ કરી, ફલાણા અન્સારીએ આ મકાન બનાવ્યું છે. હુઝૂર સાંભળીને ચૂપ રહ્યા. બીજા કોઈ વખતે અન્સારી ખિદમતમાં હાજર થયા, સલામ કરી પણ હુઝૂરે ચેહરા મુબારકને તેમનાથી ફેરવી લીધો, સલામનો જવાબ પણ ન આપ્યો. તેમણે એ ખ્યાલથી કે કદાચ તવજ્જોહ નહીં હોય જેથી બીજી વખત સલામ કરી તો હુઝૂરે પાછો ચહેરએ મુબારક ફેરવી લીધો અને જવાબ ન આપ્યો. એ અન્સારી સહાબી હતા, હુઝૂર એમનાથી નારાજ હોય એ કેવી રીતે સહન કરી શકે ! સહાબીઓ જે ત્યાં હાજર હતા તેમને પૂછયું, તેહકીક઼ કરી કે આજે હુઝૂર ﷺ મારાથી કયા કારણે નારાજ જણાઈ રહ્યા છે ! તેમણે કહ્યું, હુઝૂર બહાર તશરીફ લઈ ગયા હતા તો રસ્તામાં તમારું ઘર જોયું હતું અને પૂછયું કે આ કોનું ઘર છે ? એ સાંભળીને એ સહાબી તરત જ ગયા અને એને તોડીને એવું જમીનદોસ્ત કરી દીધું કે નામો નિશાન પણ ન રહ્યું. અને પછી આવીને જણાવ્યું પણ નહીં. અચાનક ! હુઝૂર જ એ જગા પર બીજા કોઈ પ્રસંગે પસાર થયા તો જોયું કે એ મકાન ત્યાં નથી ! પૂછયું તો સહાબીઓએ કહ્યું કે અન્સારીએ આપ હઝરતના નારાજ થવા વિશે કેટલાક દિવસ પહેલાં વાત કરી હતી, તો અમે કહી દીધું હતું કે તમારું (બે માળવાળુ) ઘર જોયું હતું, તો એમણે આવીને બિલકુલ તોડી પાડયું. હુઝર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, **દરેક બાંધકામ માણસ પર વબાલ છે ! પણ તે જે સખત જરૂરત અને મજબૂરીનું હોય.** *(અબૂ દાઊદ)*

સારાંશ કે સહાબાએ કિરામ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના કોઈ હુકમની વિરુદ્ધ જતા ન હતા બલ્કે આપની નારાઝગીનો અણસાર પણ પામતા તો તે કામથી દૂર થઈ જતા ! અને હુઝૂર ﷺનું ફર્માન છે કે **"મારા સહાબીઓ તારાઓની જેમ છે, જેનું પણ અનુસરણ કરશો ભલાઈ પામશો."** તો હવે આપણે ભલાઈ પામવી હોય, નજાત પામવી હોય તો સહાબાએ કિરામના માર્ગે તથા તેમના માર્ગે ચાલનારા બુઝુર્ગાને દીનના નક઼શે ક઼દમ પર ચાલી સાચા પાકા મુસલમાન બનીને શિર્કિયા તથા હરામ કામો કે એવી મેહફિલો, સરઘસોથી, એવી જગાઓએથી દૂર રહેવું જોઈએ તથા ઈસ્લામના આદેશો મુજબ ગુનાહો તથા હરામ કામોથી પણ દૂર રહી નેક રાહે જિંદગી ગુજારવી જોઈએ એમાં જ આપણા સૌની ભલાઈ છે. વમા તૌફીક઼ી ઈલ્લા બિલ્લાહ !

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

اِنَّ الَّذِيْنَ تَوَلَّوْا مِنْكُمْ يَوْمَ الْتَقَى الْجَمْعٰنِ
اِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطٰنُ بِبَعْضِ مَا كَسَبُوْا وَ
لَقَدْ عَفَا اللّٰهُ عَنْهُمْ اِنَّ اللّٰهَ غَفُوْرٌ حَلِيْمٌ (١٥٥)
يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ كَفَرُوْا وَ
قَالُوْا لِاِخْوَانِهِمْ اِذَا ضَرَبُوْا فِي الْاَرْضِ اَوْ كَانُوْا
غُزًّى لَّوْ كَانُوْا عِنْدَنَا مَا مَاتُوْا وَ مَا قُتِلُوْا
لِيَجْعَلَ اللّٰهُ ذٰلِكَ حَسْرَةً فِيْ قُلُوْبِهِمْ وَ اللّٰهُ يُحْيٖ
وَ يُمِيْتُ وَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ (١٥٦) وَ لَئِنْ
قُتِلْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ اَوْ مُتُّمْ لَمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ وَ
رَحْمَةٌ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ (١٥٧) وَ لَئِنْ مُّتُّمْ اَوْ
قُتِلْتُمْ لَاِلَى اللّٰهِ تُحْشَرُوْنَ (١٥٨) فَبِمَا رَحْمَةٍ مِّنَ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

બેશક! તે જેઓ તમારામાંથી ફરી ગયા[૧૨૨] જે દિવસે બન્ને સૈન્યો એકત્ર થયાં હતાં, તેમને શયતાને જ ભૂલ થાપ આપી તેમના અમુક અમલોના કારણે[૧૨૩] અને બેશક! અલ્લાહે તેમને માફી આપી, બેશક! અલ્લાહ માફી આપનાર સંયમી (નરમીવાળો) છે (૧૫૫) હે ઈમાનવાળાઓ! તે કાફિરોની જેવા[૧૨૪] ન થશો. જેમણે પોતાના ભાઈઓ માટે કહ્યું જ્યારે તેઓ સફર અથવા જિહાદમાં ગયા[૧૨૫] કે અમારી પાસે હોત તો મરત નહીં. અને ન માર્યા જાત, એટલા માટે કે અલ્લાહ તેમના દિલમાં એનો પસ્તાવો મૂકે, અને અલ્લાહ જીવાડે અને મારે છે[૧૨૬] અને અલ્લાહ તમારા કામ જોઈ રહ્યો છે (૧૫૬) અને બેશક! જો તમે અલ્લાહના માર્ગમાં માર્યા જાવ[૧૨૭] તો અલ્લાહની બખ્શિશ તથા રહમત[૧૨૮] તેમના સઘળા ધન દોલતથી શ્રેષ્ઠ છે (૧૫૭) અને જો તમે મૃત્યુ પામો અથવા માર્યા જાવ તો અલ્લાહ તરફ ઉઠવાનું છે[૧૨૯] (૧૫૮) તો અલ્લાહની કેવી મેહરબાની છે કે અય મહબૂબ! તમે એમના ખાતર નરમ દિલના બન્યા[૧૩૦] અને ચઢેલા દિમાગ અને સખત દિલના હોત[૧૩૧] તો તેઓ જરૂર તમારી પાસેથી વિખરાઈ જાત, તો તમે

اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَ لَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَا
نْفَضُّوْا مِنْ حَوْلِكَ ۪ فَاعْفُ عَنْهُمْ وَ اسْتَغْفِرْ
لَهُمْ وَ شَاوِرْهُمْ فِی الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ
عَلَى اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ یُحِبُّ الْمُتَوَكِّلِیْنَ ﴿۱۵۹﴾ اِنْ
یَّنْصُرْكُمُ اللّٰهُ فَلَا غَالِبَ لَكُمْ ۚ وَ اِنْ یَّخْذُلْكُمْ
فَمَنْ ذَا الَّذِیْ یَنْصُرُكُمْ مِّنْۢ بَعْدِهٖ ؕ وَ عَلَى اللّٰهِ
فَلْیَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿۱۶۰﴾ وَ مَا كَانَ لِنَبِیٍّ اَنْ یَّغُلَّ ؕ
وَ مَنْ یَّغْلُلْ یَاْتِ بِمَا غَلَّ یَوْمَ الْقِیٰمَةِ ۚ ثُمَّ تُوَفّٰى
كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَ هُمْ لَا یُظْلَمُوْنَ ﴿۱۶۱﴾ اَفَمَنِ
اتَّبَعَ رِضْوَانَ اللّٰهِ كَمَنْۢ بَآءَ بِسَخَطٍ مِّنَ اللّٰهِ وَ
مَاْوٰىهُ جَهَنَّمُ ؕ وَ بِئْسَ الْمَصِیْرُ ﴿۱۶۲﴾ هُمْ دَرَجٰتٌ
عِنْدَ اللّٰهِ ؕ وَ اللّٰهُ بَصِیْرٌۢ بِمَا یَعْمَلُوْنَ ﴿۱۶۳﴾

*એમને માફ કરો અને એમની શફાઅત કરો[૧૩૨] અને કામોમાં એમનો અભિપ્રાય લો[૧૩૩] અને જો કોઈ કામનો પાકો નિશ્ચય કરી લો તો અલ્લાહ પર ભરોસો રાખો[૧૩૪] બેશક ! તવક્કુલવાળા અલ્લાહને પ્યારા છે (૧૫૯) જો અલ્લાહ તમારી મદદ કરે તો કોઈ તમારા પર વિજયી બની શકતું નથી[૧૩૫] અને જો તે તમને ત્યજી દે તો એવો કોણ છે જે પછી તમારી મદદ કરે, અને મુસલમાનોએ અલ્લાહ પર જ ભરોસો (કરવો) જોઈએ (૧૬૦) અને કોઈ નબી વિશે એવો વિચાર થઈ (જ) શકતો નથી કે તે કંઈ છુપાવી રાખે[૧૩૬] અને જે છુપાવી રાખે કયામતના દિવસે પોતાની છુપાવેલી વસ્તુ લઈને આવશે, પછી દરેક જીવને તેની કમાણી પૂરેપૂરી આપશે, અને તેમના પર જુલ્મ નહીં થાય (૧૬૧) તો શું જે અલ્લાહની મરજી પર ચાલ્યો[૧૩૭] તો તેના જેવો થશે જેણે ખુદાનો ગઝબ ઓઢયો[૧૩૮] અને તેનું ઠેકાણું જહન્નમ છે, અને કેટલી ખરાબ જગ્યા (છે તે પાછા જવાની) (૧૬૨) તેઓ અલ્લાહને ત્યાં વર્ગ વર્ગ છે[૧૩૯] અને અલ્લાહ તેમના કામ જુએ છે (૧૬૩)*

### :: સમજૂતી ::

**૧૨૨ :** અને જંગે ઉહદ સમયે નાસી ગયા અને નબીએ કરીમ ﷺ સાથે તેર કે ચૌદ સહાબા સિવાય કોઈ રહ્યું નહીં.

**૧૨૩ :** કે તેમણે સૈયદે આલમ ﷺના હુકમ વિરૂધ્ધ મોરચો છોડી દીધો.

**૧૨૪ :** એટલે કે ઈબ્ને ઉબૈય મુનાફિક વગેરે.

**૧૨૫ :** અને તે સફરમાં મૃત્યુ પામ્યા અથવા જિહાદમાં શહીદ થયા.

**૧૨૬ :** મૃત્યુ અને જીવન તેના જ તાબે છે, તે ઈચ્છે તો મુસાફિર અને ગાઝીને સલામત લાવે અને ઈચ્છે તો ઘરમાં હિફાઝતથી બેઠેલાને મૃત્યુ આપે, તે મુનાફિકો પાસે બેસી રહેવું શું કોઈને મોતથી બચાવી શકે છે ? અને જિહાદમાં જવાથી શું મૃત્યુ અનિવાર્ય છે ? અને જે માણસ જિહાદમાં માર્યો જાય તો તેવું મોત ઘરના મૃત્યુથી હજારો દરજજે ઉત્તમ છે. માટે મુનાફિકોનું એવું કહેવું અસત્ય અને ફરેબ છે. અને તેમનો હેતુ મુસલમાનોમાં જિહાદ પ્રત્યે ઘૃણા જન્માવવાનો છે. જેમ કે હવે પછીની આયતમાં ફર્માવવામાં આવે છે.

**૧૨૭** : અને ધારો કે તેવું જ બની જાય જેનાથી તમને ડરાવવામાં આવે છે.

**૧૨૮** : જે ખુદાઈ માર્ગમાં મરવાથી મળે છે.

**૧૨૯** : અહીં બંદાઓના ત્રણે મરતબાઓનું બયાન કરવામાં આવ્યું છે. પહેલો મરતબો તો એ છે કે બંદો દોઝખના ડરથી અલ્લાહની ઈબાદત કરે તો તેને દોઝખના અઝાબથી બચાવી લેવામાં આવે છે. એના તરફ لَمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ માં ઈશારો છે. બીજા પ્રકારના તે બંદા છે જેઓ જન્નતના શોખમાં ઈબાદત કરે છે, તેના તરફ وَرَحْمَةٌ માં ઈશારો છે. કારણ કે રહમત પણ જન્નતનું એક નામ છે, ત્રીજા પ્રકારના તે બંદાઓ છે જેઓ ઈશ્કે ઈલાહી અને તેની જાતે પાકની મહોબ્બતમાં તેની ઈબાદત કરે છે, તેમનો હેતુ તેની જાતે પાક સિવાય અન્ય કંઈ જ નથી હોતો, તેમને અલ્લાહ તઆલા પોતાની બુઝુર્ગીના વર્તુળમાં પોતાની તજલ્લીથી માલામાલ કરશે, એના તરફ لَاِلَى اللّٰهِ تُحْشَرُوْنَ માં ઈશારો છે.

**૧૩૦** : અને આપના મિઝાજ શરીફમાં એટલી બધી મહેરબાની, કરમ અને કૃપા દૃષ્ટિ તથા રહમત થઈ કે ઉહદના દિવસે ગુસ્સો કર્યો નહીં.

**૧૩૧** : અને સખ્તી તથા કઠોરતાથી કામ લેતે.

**૧૩૨** : જેથી અલ્લાહ તઆલા (પણ) માફ ફર્માવે.

**૧૩૩** : કે એમાં એમની દિલદારી પણ છે અને હિમ્મત વધારવાનું પણ છે, અને એ ફાયદો પણ છે કે મશ્વરો કરવો સુન્નત બની જશે, અને પાછળની ઉમ્મત એનાથી ફાયદો ઉઠાવશે, મશ્વરાનો અર્થ છે કોઈ કામમાં અભિપ્રાય પૂછવો.

**મસ્અલો** : એનાથી "ઈજતિહાદ" જાઈઝ હોવો અને "કિ઼યાસ"નું દલીલ હોવું સાબિત થયું.

*(મદારિક, ખાઝિન)*

**૧૩૪** : તવક્કુલનો અર્થ છે અલ્લાહ પર ભરોસો રાખવો અને કાર્યોને તેના હવાલે કરી દેવાં. મકસદ એ છે કે તમામ કામોમાં બન્દાનો ભરોસો અલ્લાહ પર હોવો જોઈએ.

**મસ્અલો** : આનાથી જણાયું કે મશ્વરો તવક્કુલની વિરૂધ્ધ નથી.

**૧૩૫** : અને ખુદાઈ મદદ તે જ પામે છે જે પોતાની શક્તિ અને તાકત પર આધાર નથી રાખતો. અલ્લાહ તઆલાની કુદરત અને રહમતની ઉમ્મીદ ધરાવતો હોય છે.

**૧૩૬** : કારણ કે એ નુબુવ્વતની શાન વિરૂધ્ધ છે, ને બધા નબીઓ માસૂમ હોય છે. તેઓથી એ શક્ય નથી ન વહીમાં ન બિન વહીમાં, અને અગર કોઈ માણસ કંઈ સંતાડી રાખે તો તેનો હુકમ એ જ આયતમાં આગળ ફર્માવવામાં આવે છે.

**૧૩૭** : અને તેની આજ્ઞાઓનું પાલન કર્યું, ઉલ્લંઘનથી બચ્યો. જેમ કે મુહાજિરીન અન્સાર અને ઉમ્મતના નેક લોકો.

**૧૩૮** : એટલે કે અલ્લાહનો નાફર્માન બન્યો, જેમ કે કાફિરો અને મુનાફિકો.

**૧૩૯** : દરેકનો ઉતારો અને સ્થાન અલગ, નેકનું જૂદુ, બુરાનું નોખું.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દર્સે હદીષે પાક એટલે
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان

**(ત્રીજો વિભાગ)** *હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે જ્યારે મુસલમાન મદીના આવ્યા તો ભેગા થઈને નમાઝના સમયોનો અંદાઝો લગાડી લેતા હતા. નમાઝોની અઝાન કોઈ આપતુ ન હતું. એક દિવસે એના બારામાં મશ્વરો કર્યો. અમુકે કહ્યું કે ઈસાઈઓના શંખની જેમ બનાવી લો. અને અમુક બોલ્યા કે યહૂદીઓના બ્યુગલની જેમ બનાવી લો. ત્યારે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે કોઈને નમાઝની પોકાર કરવા માટે કેમ નથી મોકલી આપતા ?[૧] ત્યારે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બિલાલ ઉઠો ! નમાઝની પોકાર કરો[૨]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** મોહલ્લાઓમાં જઈને પોકારી આવે اَلصَّلٰوۃُ جَامِعَۃٌ મુસલમાનો ! નમાઝ તૈયાર છે. આ તે શરઈ અઝાન ન હતી જે અત્યારે રિવાજ પામેલી છે. તે તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદને ખ્વાબમાં કહેવડાવવામાં આવી. જેવું કે આગલી હદીષમાં આવી રહ્યું છે. જેથી હદીષમાં ટકરાવ નથી. એટલા માટે આપે અર્ઝ કર્યું : اَوَلَا تَبْعَثُوْنَ તમે લોકો મોકલતા કેમ નથી.

**૨.** મુસલમાનોના મહોલ્લામાં જઈને. આ હદીષના આધારે અુમક ઈતિહાસકારોએ ધોકો ખાધો કે તેમણે અઝાનને હઝરત ઉમરની રાયથી સમજી. દુરુસ્ત એ જ છે જે વર્ણવવામાં આવ્યું.

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ ઈબ્ને અબ્દુર્રબ્બિહથી રિવાયત છે[૧] ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ શંખ બનાવવાનો હુકમ આપવા ચાહ્યું કે જેથી નમાઝની જમાઅત માટે લોકોના માટે વગાડવામાં આવે[૨] તો મને ખ્વાબમાં એક શખ્સ દેખાયો જે પોતાના હાથમાં શંખ ઉઠાવેલ હતો. મેં કહ્યું, રબના બંદા ! શું તું શંખ વેચે છે ? તે બોલ્યો, એને તમે શું કરશો ? મેં કહ્યું, એના વડે નમાઝના માટે બોલાવ્યા કરીશું[૩] તે બોલ્યો, શું તમને એનાથી સારી ચીજ ન બતાવું ?![૪] મેં કહ્યું, હા ! ફર્માવે છે, તે બોલ્યો કહો, અલ્લાહુ અકબર..... છેવટ સુધી, અને એ જ પ્રમાણે તકબીર[૫]. જ્યારે સવાર થઈ તો હું હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો. જે કાંઈ જોયું હતું તે હુઝૂર صلی اللہ علیہ وسلم ને અર્ઝ કર્યું. ફર્માવ્યું, બફઝ્લિહી તઆલા આ ખ્વાબ સાચો છે[૬] તમે બિલાલની સાથે ઉભા થઈ જાવ અને જે કાંઈ ખ્વાબમાં જોયું છે તે એમને બતાવતા જાવ જેથી તે અઝાન આપે, કેમ કે તે તમારા કરતાં ઊંચા અવાજવાળા છે[૭]. હું હઝરત બિલાલની સાથે ઉભો થઈ ગયો. હું તેમને બતાવવા લાગ્યો, તે અઝાન આપવા લાગ્યા[૮]. ફર્માવે છે કે આ અઝાન હઝરત ઉમરે પોતાના ઘરમાં સાંભળી તો ચાદર ઘસેડતા નીકળ્યા. અર્ઝ કરવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એની ક઼સમ ! જેણે તમને હક્ક઼ આપીને મોકલ્યા છે, મેં પણ આવો જ ખ્વાબ જોયો છે જેવો કે તેમણે જોયો છે[૯]. હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહનો શુક્ર છે. (અબૂ દાઊદ, દારમી, ઈબ્ને માજહ) પણ ઈબ્ને માજહએ તકબીરનો ઉલ્લેખ નથી કર્યો. તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ સહીહ છે પરંતુ તેમણે શંખવાળો બનાવ સ્પષ્ટપણે નથી વર્ણવ્યો[૧૦].*

**૧.** આપ અન્સારી છે. ખઝરજી છે. બીજી બયઅતે ઉક્બામાં સિત્તેર અન્સારીઓમાં આપ પણ હતા. બદર તથા તમામ ગઝવાઓમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. આપ પોતે પણ સહાબી છે અને માબાપ પણ સહાબી છે. આપનો લક્બ સાહિબે અઝાન છે, કેમ કે એમના ખ્વાબ પર ઈસ્લામમાં અઝાન શરૂ થઈ. સ.હિ. ૧માં આપે આ ખ્વાબ જોયો અને સ.હિ. ૨માં આપની વફાત થઈ. ૬૪ વરસની ઉમર શરીફ થઈ. મદીના પાકમાં દફન થયા.

**૨.** અહીં અમ્ર એ અમ્રનો ઈરાદો અર્થમાં છે. જેમ કે મિર્કાતમાં છે. જણાય છે કે નબી ﷺનો ઈરાદો શંખ વગાડવાનો થઈ ચૂક્યો હતો અધિકતર ગુમાન એ છે કે એ ટેમ્પરરી ઈરાદો હશે કે જ્યાં સુધી એના બારામાં વહી ન આવે ત્યાં સુધી શંખથી કામ લેવામાં આવે. નહીં તો હુઝૂર ﷺ મેઅરાજની રાતે ફરિશ્તાઓ થકી અઝાન સાંભળી ચૂક્યા હતા. જેવું કે એ જ જગાએ મિર્કાતમાં છે.

**૩.** આ પરથી જાણવા મળ્યું કે માણસ જાગૃતાવસ્થામાં જે ખયાલમાં રહે છે તેવું જ ખ્વાબમાં પણ કરે છે અને કહે છે. તેમને ખ્વાબમાં શંખ જોઈને નમાઝ યાદ આવી. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે જે ખયાલમાં જીવશો એ ખયાલમાં મરશો અને મેહશરમાં ઉઠશો. યાદ રાખશો કે રબ તઆલાએ અન્ય હુકમોની જેમ હુઝૂર ﷺ પર અઝાનની વહી ન મોકલી બલ્કે સહાબાના ખ્વાબને દરમિયાનમાં રાખ્યા જેથી લોકોને એ હઝરાતની અઝમત (મહાનતા)ની જાણ થાય અને લોકો માને કે જ્યારે એ બુઝુર્ગોના ખ્વાબો આવા છે તો તેમની જાગૃતાવસ્થાના હુકમો કેવા પાકીઝા હશે. જુઓ, અઝાન જેવો ઈસ્લામી શિઆર (નિશાની) સહાબાના ખ્વાબનું પરિણામ છે. એમની ઊંઘ પર આપણા જેવા લાખોની બેદારીઓ (જાગૃતાવસ્થાઓ) કુર્બાન !

**૪.** જેમનામાં યહૂદીઓ તથા નસારા (ઈસાઈઓ)થી મુશાબેહત (મળતાપણુ) પણ ન હોય, અને નમાઝના એલાનની સાથે અલ્લાહનો ઝિક્ર તથા નમાઝ માટે આકર્ષણ પણ થઈ જાય, તથા નિરર્થક અવાજ પણ ન થાય.

**૫.** આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની મજબૂત દલીલ છે કે અઝાનમાં તરજીહ નથી. અને તકબીરના શબ્દો એક એક નથી. કેમ કે અઝાનની અસ્લ (દલીલ) આ ખ્વાબ છે. તેમજ એના પર જ સહાબીઓનો અમલ રહ્યો. યાદ રાખશો કે ઈક઼ામતમાં قَدْ قَامَتِ الصَّلٰوةُનું વધારવું અને ફજરની અઝાનમાં اَلصَّلٰوةُ خَيْرٌ مِّنَ النَّوْمِનો વધારો હુઝૂર ﷺના ઈજતેહાદી હુકમથી થયો.

**૬.** કેમ કે અમે પણ આ અઝાન મેઅરાજમાં ફરિશ્તાઓની ઝબાની સાંભળી હતી, હે અબ્દુલ્લાહ ! રબ તઆલાએ તમને ખ્વાબમાં દેખાડીને અમને ઈશારો કર્યો કે હે હબીબ ! તે જ ફરિશ્તાઓવાળી અઝાન કેમ નથી કહેવડાવતા. યાદ રાખશો કે અહીં ઈન્શાઅલ્લાહ બરકતના માટે છે ન કે શંકાના માટે. જેમ કે રબે ફર્માવ્યું : لَتَدْخُلُنَّ الْمَسْجِدَ الْحَرَامَ اِنْ شَآءَ اللّٰهُ આ હદીષથી જાણવા મળ્યું કે મો'મિનના ખ્વાબ ખાસ કરીને જ્યારે કે નબુવ્વતના થકી તેનું સમર્થન થઈ જાય એ વહીના હુકમમાં છે, પછી નબીના ખ્વાબનું તો પૂછવું જ શું ?! ઈબ્રાહીમ علیہ السلام ખ્વાબમાં જોઈને પોતાના ફરઝંદને ઝબહ કરવા માટે તૈયાર થઈ ગયા. ખ્વાબો ત્રણ પ્રકારના હોય છે : નફસના ખયાલો, શૈતાની વસવસાઓ અને રબ્બાની ઈલ્હામ. પહેલા બે ખ્વાબ ઈદ્‌ગાષ (જેની કોઈ તાબીર ન હોય) કહેવાય છે અને જૂઠા હોય છે અને ત્રીજો ખ્વાબ રૂઅયાએ સાદિક઼ા (સાચો ખ્વાબ) કહેવાય છે. ખ્વાબની સંપૂર્ણ તેહક઼ીક઼ ઈન્શાઅલ્લાહ ! કિતાબુર્રુઅયામાં કરવામાં આવશે.

**૭.** આ પરથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે અઝાનમાં મોટો અવાજ મહબૂબ (પસંદીદા) છે. લાઉડ સ્પીકર પર અઝાન ખૂબ જ બેહતર છે. બીજુ એ કે એ જાઈઝ છે કે એક માણસ અઝાન બતાવતો જાય અને બીજો અઝાન કહેતો જાય.

**૮.** એટલે કે મેં તે જ અઝાન હઝરત બિલાલને બતાવી જે ફરિશ્તા થકી સાંભળી હતી, જેમાં તરજીઅ ન હતી. જણવા મળ્યું કે ઈસ્લામની પ્રથમ અઝાન તરજીઅ વિના થઈ અને સૈયદના બિલાલ رضی اللہ عنہ છેવટ સુધી એ જ અઝાન આપતા રહ્યા છે.

**૯.** જાણવા મળ્યું કે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદનો ખ્વાબ કશ્ફથી માલૂમ કર્યો, અથવા એમણે અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદને ફરિશ્તા સાથે વાતચીત કરતા ખ્વાબમાં જોયા હતા. કેમ કે હજી આપને કોઈએ હઝરત અબ્દુલ્લાહનો ખ્વાબ વર્ણવ્યો ન હતો. મિર્કાતે ફર્માવ્યું, જાહેર એ જ છે કે જનાબ ઉમરે કશ્ફથી માલૂમ કર્યું.

**૧૦.** મિર્કાતે અહીં ફર્માવ્યું કે આ રાતે દસથી અધિક સહાબીઓએ લગભગ આવો જ ખ્વાબ જોયો. હુઝૂર ﷺએ એના પર ખુદાનો શુક્ર અદા કર્યો. ઈબ્ને કૈયિમે કિતાબુર્રૂહમાં લખ્યું કે મુસલમાનોના ખ્વાબોનો સમૂહ મુસલમાનોના ઈજતેમાની જેમ વિશ્વસનીય છે. એના પર આ જ હદીષ રજૂ કરી.

*હઝરત અબૂ બકરહથી[1] રિવાયત છે ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની સાથે ફજરની નમાઝના માટે નીકળ્યો, તો આપ જે સૂતેલા શખ્સ પાસેથી પસાર થતા હતા તેને નમાઝના માટે અવાજ આપતા અથવા પોતાના પગ મુબારક વડે હલાવતા[2]. (અબૂ દાઊદ)*

**૧.** આપનું નામ નફીઅ ઈબ્ને હારિષ છે. કુન્નિયત અબૂ બકરહ છે. કબીલા બની ષકીફથી છે. મશહૂર સહાબી છે.

**૨.** એટલે કે રસ્તામાં જે સૂતેલા લોકો મળતા તેમને અવાજ આપીને અથવા પોતાના પગ મુબારક વડે નમાઝના માટે જગાડતા હતા. આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે અઝાન બાદ કોઈ ખાસ રીતે નમાઝની ખબર આપવી જાઈઝ છે. જાણો કે આ ખાસ તષ્વીબ છે. બીજુ એ કે નમાઝનું નામ લઈને જગાડવું દુરૂસ્ત છે. અમુક લોકો કહે છે કે જગાડીને નમાઝનું નામ લે, પહેલાં ન લે, એ ગલત છે. ત્રીજુ એ કે પોતાનાથી નાનાને પોતાના પગો વડે હલાવીને જગાડવો દુરુસ્ત છે. ખુશનસીબ છે તેઓ જેમને હુઝૂર ﷺની ઠોકર નસીબ થઈ. સૂતેલાને ઠોકર વડે જગાડતા જતા. સૂફિયાએ કિરામનો તજરબો એ છે કે હુઝૂર ﷺ પોતાના ખાસ ગુલામોને હજી પણ ઠોકર વડે જગાડે છે જે એમને મેહસૂસ પણ થાય છે. ખુદા નસીબ કરે. ❑❑❑

પેજ 04 નું ચાલુ..

જેમનાં કથનો તથા અમલો (વાણી તથા વર્તાવ) તથા કુર્બાનીઓને જોઈને આખેરતને સમારવાનો જઝબો મોજાં મારવા માંડતો હતો. આજે સુન્નિયતની રક્ષા તથા સુન્નિયતના વિકાસ માટે આપણા જેવા વાતોનાં વડા કરનારાઓની નહીં બલ્કે કિરદારના ગાઝીઓની જરૂરત છે. કેવળ વાતો કરનારાઓની નહીં બલ્કે અમલ કરનારાઓની જરૂરત છે. આવો ! આપણે સૌ આપણા મઅબૂદે હકીકીની સમક્ષ દુઆ કરીએ કે બારે ઈલાહા ! તું અમને વાસ્તવિક અર્થમાં અમલ કરનાર બનાવી દે, અમારા ઈલ્મને અમારા માટે નફાકારક બનાવી દે, ઘમંડ તથા અભિમાનથી અમારા સીનાઓને પાક ફર્માવી દે જેથી અમે તારા મોકલેલા દીન પર યથાશક્તિ અમલ પણ કરીએ અને આ દીનને બીજા લોકો સુધી પહોંચાડવાની કોશિશ પણ કરીએ. અલ્લાહ પાક આપણને સૌને હુઝૂર ﷺની ઉપર દર્શાવેલ દુઆનો સદકો નસીબ ફર્માવે અને આપણને તેના સાચા આશિક તથા ગુલામ બનાવે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૧૯)*

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**નબી સરવરે હર રસૂલો વલી હૈ–નબી રાઝદારે مع اللہ لی (મઅલ્લાહિ લી) હૈ**

*(સરવર = સરદાર, રાઝદાર = રહસ્ય જાણનાર, મઅલ્લાહિ લી = અલ્લાહનો સાથ મારા માટે એક હદીષ પ્રતિ નિર્દેશ છે.)*

**અર્થાત :** આપણા આકા વ મૌલા નબીયુલ અંબિયા, હબીબે કિબરિયા علیہ الصلوۃ والسلام દરેક નબી તથા રસૂલ અને દરેક વલીના આકા તથા સરદાર છે, અને આપ જ لی مع اللہ (લીમઅલ્લા)ના રાઝદાર છે. لی مع اللہ એટલે તે હદીષ છે જેમાં આપે ઈર્શાદ ફર્માવ્યો : لی مع اللہ وقت لا یسعنی فیہ ملک مقرب ولا نبی مرسل "મારા માટે અને કેવળ મારા જ માટે અલ્લાહની સાથે ખાસ એક એવો સમય છે જેમાં ન કોઈ મુકર્રબ ફરિશ્તો અને ન કોઈ નબી કે રસૂલ પહોંચ હાંસલ કરી શકે છે." (જવાહિરુલ બિહાર) આ ખાસ સમયથી મુરાદ તે જ સમય છે જે મષ્નવી શરીફના હવાલાથી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત પામેલ હદીષમાં થોડાક પેજો આગળ વર્ણન થઈ ચૂક્યું. વિરોધીઓએ પણ મષ્નવી શરીફની આ હદીષને સ્વીકારી છે. *(જુઓ માહનામા લૌલાક, ફૈઝાબાદ)*

બલ્કે દરેક નબી علیہ السلام ને તેમના હાલના પ્રમાણે આ સમય નસીબ થાય છે. જેવું કે હઝરત યાકૂબ علیہ السلام ને પૂછવામાં આવ્યું કે યૂસુફ علیہ السلام કૂવામાં નજીક જ હતા તો આપે એમના બારામાં કાંઈ ન બતાવ્યું અને હવે ફર્માવી રહ્યા છો : انی لاجد ریح یوسف لو لا ان تفندون "જો તમે ભલુ બુરૂ ન કહો તો મને યૂસફ علیہ السلام ની ખુશ્બુ આવી રહી છે." *(સૂરએ યૂસુફ)* જ્યારે કે એ વખતે યૂસુફ علیہ السلام ખૂબ જ દૂર મિસ્રમાં હતા ?! તો એના પર યાકૂબ علیہ السلام એ ફર્માવ્યું, "એક સમય હોય છે કે જ્યારે અમે આલમે બાલા (ઉપરની દુનિયા) તથા અર્શે આ'લાની સૈર પર હોઈએ છીએ. અને એક સમય એવો પણ હોય છે (જ્યારે ઈસ્તેગરાકે કુલ્લી હાંસલ હોય છે) કે પગોની પીઠ પર પણ ધ્યાન નથી હોતું." *(ગુલિસ્તાને સઅદી)* મૌલાના રૂમે આ હદીષ બાદ એક શેઅર પણ લખ્યો છે જેને કેવળ મહોબ્બતવાળા જ સમજી શકે છે.

لی مع اللہ *(લીમઅલ્લા) દર શાને ખુદ ફરમૂદા–મન ન દાનમ બંદા યા હક્ક તૂઈ*

من رانی فقد رانی الحق "જેણે મને જોયો તેણે હક્ક જોયો." *(બુખારી શરીફ)*

આ બંનેવ હદીષોની રોશનીમાં આ શેઅરને સમજવામાં આવે, અને આમ તેમ ભટકવાથી બચવામાં આવે.

**વો નામી કે નામે ખુદા નામ તેરા–રઊફો રહીમો અલીમો અલી હૈ**

**અર્થાત :** આપ علیہ الصلوۃ والسلام તે નામી ગિરામી પયગંબરે ખુદા છે કે અલ્લાહ તઆલાએ આપ صلی اللہ علیہ وسلم ને

પોતાનાં નામો અતા કરી આપ્યાં છે. દા.ત. અલ્લાહ પણ રઊફ હુઝૂર પણ રઊફ, અલ્લાહ પણ રહીમ હુઝૂર પણ રહીમ, અલ્લાહ પણ અલીમ હુઝૂર પણ અલીમ. અલ્લાહ પણ અલી હુઝૂર પણ અલી. (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)

સાબિત થયું કે કેવળ શબ્દની સમાનતાથી શિર્ક લાગુ નથી થઈ જતું, નહીં તો અલ્લાહ તઆલા આપ ﷺને પોતાનાં નામો ન અતા કરત. આ મસ્અલાને સમજવા માટે જુઓ મારી (લેખકની) કિતાબ ''તૌહીદ વ શિર્ક કા સહીહ મા'ના વ મફહમ'' જેનું વર્તમાન નામ છે દો તેહકીકી મકાલે.

*મીઠા મીઠા હૈ મેરે મુહમ્મદ કા–ઉનપે લાખોં કરોળોં દુરૂદો સલામ (ﷺ)*

*જિસકી રહ્‌મતને ઢાંપા હૈ કૌનૈન કો–જિસને આ કે સંભાલા હૈ દારૈન કો*

*જિસકે દમસે હૈં દુન્યામેં રૌનકેં તમામ–ઉન પર લાખોં કરોળોં દુરૂદો સલામ*

**હૈ બેતાબ જિસકે લિયે અર્શે આ'ઝમ–વો ઈસ રહ રવે લા મકાં કી ગલી હૈ**

**અર્થાત :** જેના કદમોને બોસા આપવા માટે અર્શે આ'ઝમ બેતાબ નજર આવી રહ્યું છે (તે આપણા આકા علیہ الصلوٰۃ والسلام છે) અને અર્શે મુઅલ્લા તો આ સૈયાહે લામકાંના માટે એક રાહ અને ગલી બનીને રહી ગયું છે !

**નકીરૈન કરતે હૈં તા'ઝીમ મેરી !–ફિદા હો કે તુઝ પે યે ઈઝ્ઝત મિલી હૈ**

*(નકીરૈન = મુન્કર નકીર ફરિશ્તા જે કબ્રમાં આવે છે મુડદા પાસે સવાલ કરવા)*

**અર્થાત :** અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺની ગુલામીના તુફૈલ મને એ ઈજ્જત આપી છે કે કબ્રમાં બીજા લોકોને ધમકાવીને સવાલ કરનારા ફરિશ્તા (મુન્કર નકીર) મારી સામે જ્યારે આવ્યા તો (હુઝૂરના મારી કબ્રમાં આગમનના કારણે) હુઝૂરના ગુલામની પણ તા'ઝીમ થવા લાગી. એટલે કે ફરિશ્તા મારી હયા કરવા લાગ્યા કે ગુલામ પોતાના આકાની પનાહમાં છે.

**તલાતુમ હૈ કશ્તી પે તુફાને ગમ કા–યહ કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ**

*(તલાતુમ = મોજાં પાણીનાં, મુખાલિફ = વિરોધી)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! علیہ الصلوٰۃ والسلام ગમના તોફાનના મોજાંઓએ મારી કશ્તીને ઘેરી રાખી છે અને અજબની વિરોધી હવા પણ ચાલી રહી છે. આપની નજરથી જ મામલો ઠીક થઈ શકે છે.

*ફર્યાદ હૈ અય કશ્તીએ મિલ્લત કે નિગેહબાન–બેળા યહ તબાહી કે કરીબ આન પળા હૈ*

**ન ક્યૂંકર કહૂં યા હબીબી અગિષ્ની–ઈસી નામસે હર મુસીબત ટલી હૈ**

**અર્થાત :** સહાબા તથા અહલે બયત તથા અવલિયાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર અમલ કરતાં, જેવો કે અગાઉ હઝરત મૈમૂનાથી રિવાયત થયેલ એક સહાબી (હઝરત જાબિર)નો કિસ્સો વર્ણન થઈ ચૂક્યો છે. હઝરત આદમ علیہ السلامની તૌબા પણ આપના નામની બરકતથી કબૂલ થઈ. જુઓ આદમ علیہ السلامની વસિયત તેમના પુત્ર હઝરત શીષ علیہ السلامને જેમ કે મવાહિબમાં છે. અને કયામતના દિવસે જેનું નામ મુહમ્મદ હશે, તો કેવળ એ નામની બરકતથી તેની નજાત થઈ જશે. *(નસીમુર્રિયાઝ, મદારિજ)*

તો પછી હું કેમ ન કહું, (ﷺ) اَغِثْنِی یَا رَسُوْلَ اللّٰہِ۔اَغِثْنِی یَا حَبِیْبِی હે અલ્લાહના મહબૂબ રસૂલ ! ﷺ મારી પણ મદદ ફર્માવો. કેમ કે આપના જ નામની બરકતથી દરેક જણની મુસીબત ટળી છે.

*લબ પે જબ ઉનકા નામ આતા હૈ—લામકાં સે સલામ આતા હૈ*
*નામ નામી રસૂલે અકરમ કા—હર મુસીબતમેં કામ આતા હૈ*

**સબા હૈ મુઝે સર સરે દશ્તે તૂયબહ—ઉસીસે કલી મેરે દિલ કી ખિલી હૈ**

*(સબા = પ્રથમ રાતની ઉમદા સુહાની હવા, સર સર = તેજ આંધી)*

**અર્થાત :** મારા માટે તો મદીના તયબહના જંગલની ગરમ હવા પણ બાદે સબા (સવારની ઠંડી હવા, જન્નતની હવા) છે, કેમ કે મારા દિલની કળી આ બાબરકત હવાથી ખીલી છે, અને જ્યારે એ હવા ચાલે છે તો મહબૂબની યાદમાં એવો મગ્ન થઈ જાઉં છું કે સરસરની (તેજ આંધીની) ગરમી પણ મને લિજ્જત આપે છે. એક પંજાબી શેઅરનો અર્થ છે : યારના નામ પર ફાંસી પણ મળે તો પાછળ ન હટો અને ફંદાને ચૂમીને ગળામાં નાખી દો.

**તેરે ચારોં હમદમ હૈં યક જાન યક દિલ—અબૂબક્ર ફારૂક ઉષ્માં અલી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપની નિસ્બતથી જ્યારે સર સર (તેજ આંધીની ગરમ હવા) પણ પ્યારી લાગે છે તો પછી આપના પ્યારા યાર અબૂબક્ર,ઉમર, ઉષ્માન, અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ભલા કેમ ન અમને પ્યારા હોય ?! જ્યારે કે તેઓ આપસમાં એક તથા મુત્તહિદ હતા. (رحماء بینهم)

**આ'લા હઝરત અને નિસ્બતનો એહતેરામ :** મુહદ્દિષે આ'ઝમે હિંદ સૈયદ મુહમ્મદ અશરફી જીલાની કછોછવી رحمۃ اللہ علیہ જેઓ હઝરત ફાઝિલે બરેલ્વીના ફયઝ પામેલ અને ખાસ શાગિર્દ હતા. તેમણે પોતાનો એક ખાસ આંખે જોયેલ બનાવ વર્ણવ્યો છે જેને સાંભળીને દરેક મુસલમાનના દિલમાં ફિતરી (પ્રાકૃતિક) તૌર પર હઝરત ગ઼ૌષુલ વરા رضی اللہ عنہની મુક઼દ્દસ જાત અને તેમના નામે પાકથી પણ ગહરી અક઼ીદત અને અનહદ દિલી લગાવ પેદા થઈ જશે. મુસલમાનોના એક અઝીમુશ્શાન મજમાને સંબોધન કરતાં તેમણે ફર્માવ્યું :—

"બીજા દિવસે ઈફતા (ફત્વા લખવા)ના કામમાં લગાડતાં પહેલાં જાતે ૧૧ રૂા.ની શીરીની મંગાવી પોતાના પલંગ પર મને બેસાડીને અને શીરીની રાખીને ફાતિહાએ ગ઼ૌષિયા પઢીને પોતાના મુબારક હાથ વડે શીરીની મને પણ અતા ફર્માવી. અને હાજરજનોમાં વહેંચવાનો હુકમ આપ્યો. એવામાં અચાનક આ'લા હઝરત પલંગ પરથી ઉઠી પડયા તો સર્વ હાજરજનો પણ તેમની સાથે ઉભા થઈ ગયા કે કદાચ કાંઈ સખત જરૂરતને ખાતર અંદર તશરીફ લઈ જશે.

પરંતુ આશ્ચર્ય અતિઆશ્ચર્ય એ થયું કે આ'લા હઝરત જમીન પર બે પગો ઉભા રાખી બેસી ગયા. સમજમાં ન આવ્યું કે આ શું થઈ રહ્યું છે. જોયું તો એ જોયું કે વહેંચનારની ગફલતથી શીરીનીની એક રજકણ જમીન પર પડી ગઈ હતી અને આ'લા હઝરત એ રજકણને જીભની ટોચ વડે ઉઠાવી રહ્યા છે ! અને પછી પોતાની બેઠક પર રાબેતા મુજબ બેસી ગયા. આ બનાવને જોઈને સર્વ હાજરજનો સરકાર ગ઼ૌષિયતની અઝમત તથા મહોબ્બતમાં

ડૂબી ગયા, અને ફાતિહા ગૌષિયાની શીરીનીના એક એક રજકણના તબર્રુક બની જવામાં કોઈને બીજી કોઈ દલીલની જરૂરત ન રહી. અને હવે સમજ્યું કે વારંવાર મને ફર્માવવામાં આવતું કે હું કાંઈ નથી આ આપના જદ્દે અમજદનો સદક઼ો છે, એ કેવળ મને ખામોશ કરવા માટે ન હતું, અને ન કેવળ મને શરમ અપાવવાનું હતું બલ્કે હક઼ીક઼તમાં આ'લા હઝરત ગૌષ પાકના હાથમાં "ચૂં કલમ દર દસ્તે કાતિબ" હતા. જેવી રીતે કે ગૌષ પાક رضی اللہ عنہ સરકારે દો આલમ ﷺના "ચૂં ક઼લમ દર દસ્તે કાતિબ" હતા. *(ખુત્બએ સદારત–નાગપુર)*

ખુદ ઈર્શાદ ફર્માવે છે : "સૈયદ મુહમ્મદ અશરફી સાહબ તો મારા સાહબઝાદા છે. મારી પાસે જે કાંઈ છે તે તેમના જદ્દે અમજદ (એટલે હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ)નો અતિયો છે. *(મલ્ફૂઝાત, ૩/૧)*

*ક઼દ્ર વાલે જાનતે હૈં ક઼દ્ર શાને અહલે બયત*

સારાંશ કે નિસ્બતની અદબ શીખવી હોય કોઈએ તો આ'લા હઝરતથી શીખે. આપ સહાબા, અહલે બયત, અવલિયા સૌની તા'ઝીમ કરતાં શીખવાડે છે.

### ખુદાને કિયા તુઝ કો આગાહ સબસે–દો આલમમેં જો કુછ ખફીયો જલી હૈ

*(ખફી વ જલી = છુપુ તથા જાહેર)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! અલ્લાહ તઆલાએ આપને એવો ઈલ્મ અતા ફર્માવ્યો છે : اَلرَّحۡمٰنُ ۙ عَلَّمَ الۡقُرۡاٰنَ ؕ "રહમાને પોતાના મહબૂબને કુર્આન શીખવાડયું." *(સૂ. અર્રહમાન, ૫૫/૧–૨)* وَ عَلَّمَكَ مَا لَمۡ تَكُنۡ تَعۡلَمُ ؕ "અને તમને શીખવાડયું જે કાંઈ તમે ન જાણતા હતા." *(સૂ. નિસાઅ્, ૪/૧૧૩)* فعلمت ما فی السموات وما فی الارض કે આપ બંને જહાનની દરેક છુપી તથા દરેક જાહેર હક઼ીક઼તને જાણવાવાળા છો. *(હદીષ) મગર બેખબર, બેખબર જાનતે હૈં*

### કરું અર્ઝ કયા તુઝસે અય આલિમિસ્સિર્ર–કે તુઝ પર મેરી હાલતે દિલ ખુલી હૈ

**અર્થાત** : હે મારા સર્વ કાંઈ જાણવાવાળા ! આલિમે માકાન વમા યકૂન ﷺ હું આપની બારગાહમાં મારુ દુઃખડુ પેશ કરું છું. તો એનો મતલબ એ નથી કે નઊઝુબિલ્લાહ ! આપને મારા બતાવવાથી માલૂમ થાય છે. આપને તો અલ્લાહ તઆલાએ સર્વ કાંઈ બતાવી દીધું છે, હું તો મારા દિલનો બોજ હલકો કરવા માટે રોદણા રડુ છું, નહીં તો આપ તો છુપી ચીજોને પણ જાણવાવાળા છે. એક મારા બીમાર દિલની શું વિશાળતા છે, આપ પર તો દરેક દિલની હાલત ઉઘાડા દિવસની જેમ સ્પષ્ટ છે.

### તમન્ના હૈ ફર્માઈયે રોઝે મહશર–યહ તેરી રિહાઈકી ચિઠ્ઠી મિલી હૈ

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام મારી જિંદગીની સૌથી મોટી એ તમન્ના છે કે ક઼યામતના દિવસે જ્યારે નફસા નફસીનો આલમ હશે, કોઈ કોઈનો હાલ પૂછનાર ન હશે. હું પણ અન્ય લોકોની જેમ માર્યો માર્યો ફરતો હોઈશ, તો અન્ય લોકોને ફરિશ્તાઓ દોઝખથી મુક્તિ તથા જન્નતમાં દાખલ થવાની જો ખબર સંભળાવે તો તેમને એ મુબારક ! પરંતુ હું ચાહું છું કે મારા બારામાં આપ وَ مَا يَنۡطِقُ عَنِ الۡهَوٰى ؕ "અને તે કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા." *(સૂરએ નજ્મ, ૫૩/૩)*ની ઝબાનથી ખુદ ફર્માવો કે, "હે અહમદ રઝા ! આ તરફ આવી જા ! આ તારી

મુક્તિની ચિટ્ઠી મારા હાથમાં છે.'' મિશ્કાત શરીફમાં કલ્માએ શહાદતની એક એવી જ ઈમાન અફરોઝ ચિટ્ઠીનો હસીન બનાવ પણ મૌજૂદ છે. જે બંદાના ૯૯ રજીસ્ટરો ગુનાહોથી ભરેલાં હશે. એક રજીસ્ટર નજરની હદ સુધી ફેલાયેલું હશે. છેવટે એની નજાત એક કાગળના ટુકડાથી થઈ જશે જેના પર કલ્મએ શહાદત લખેલો હશે.

*–(તિર્મિઝી, અહમદ, ઈબ્ને માજહ)*

**જો મક્સદ ઝિયારત કા બર આયે ફિર તો–ન કુછ ક્સ્દ કિજિયે ન ક્સ્દે દિલી હૈ**

*(બર આયે = પૂર્ણ થાય, ક્સ્દ = ઈરાદો)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! આપની બારગાહમાં મહોબ્બતવાળાઓની ભીડમાં એ વાતની તમન્નાવાળો છું કે આપની ઝિયારત થઈ જાય, એ સિવાય ન કોઈ અન્ય ઈરાદો છે અને ન તો કોઈ દિલી તમન્ના છે.

**તેરે દર કા દરબાન હૈ જિબરીલે આ'ઝમ–તેરા મદહખ્વાં હર નબીઓ વલી હૈ**

*(મદહખ્વાં = પ્રશંસક)*

**અર્થાત :** હે મારા અઝમત તથા શાનવાળા નબી ! (ﷺ) આપની કઈ કઈ શાન વર્ણન કરવામાં આવે ! સૈયદુલ મલાઈકા જિબ્રીલે અમીન علیہ السلام આ પના દરના દરવાન છે, અને દરેક નબીએ પોત પોતાના દૌરમાં પોત પોતાની ઉમ્મતની સમક્ષ અને મસ્જિદે અકસામાં દરેક નબીએ તમામ રસૂલો સામે જિબ્રઈલ علیہ السلام અને ખુદ આપની મૌજૂદગીમાં આપની શાનના ખુત્બા પઢયા છે. (અમુક નબીઓનું હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાનમાં બયાન કુર્આનમાં આજે પણ ચમકી રહ્યું છે. જેમ કે હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું : مُبَشِّرًۢا بِرَسُوۡلٍ یَّاۡتِیۡ مِنۡۢ بَعۡدِی اسۡمُہٗۤ اَحۡمَدُ ''અને તે રસૂલની બશારત સંભળાવું છું જે મારા બાદ તશરીફ લાવશે, તેમનું નામ અહમદ છે.'' *(સૂરએ સાફ્ફ, ૬૧/૬)* હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ દુઆ કરી : رَبَّنَا وَابۡعَثۡ فِیۡہِمۡ رَسُوۡلًا ''હે અમારા રબ ! અને મોકલ એમાં એક રસૂલ.'' *(સૂ. બક઼રહ, ૨/૧૨૯)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું : دعوۃ ابراھیم وبشارۃ عیسیٰ ''હું ઈબ્રાહીમની દુઆ, ઈસાની બશારત અને મારાં વાલિદાનો ખ્વાબ છું.'' (علی نبینا علیھما السلام)

*વો જિસ્કે નામસે દાઊદને નગ્મા સરાઈ કી–વો જિસકી યાદ મેં શાહ સુલૈમાનને ગદાઈ કી*

*ખલીલુલ્લાહને જિસકે લિએ હક્ક઼ સે દુઆએં કીં–ઝબીહુલ્લાહને વક઼તે ઝબહ જિસ્કી ઈલ્તિજાએં કી*

*–(હફીઝ જલંધરી)*

**શફાઅત કરે હશ્રમેં જો 'રઝા' કી–સિવા તેરે કિસ કો યહ કુદરત મિલી હૈ**

**અર્થાત :** મારા જેવા ગુનેહગાર (અહમદ રઝા)ની શફાઅત હશ્રના મેદાનમાં મારા આક઼ા ! ﷺ ભલા આપના સિવાય કોણ કરી શકે છે ? કેમ કે મારા જેવા ગુનેહગારને બખ્શાવવું ભલા કોઈ મામૂલી વાત છે ?! કોઈ મહાન શાનવાળો જ હશે જે આ કામ કરી શક્શે. અને આપનાથી વધીને કોણ મહાન શાનવાળો હોય શકે છે ?!

*બઅદઝ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર*




**હપ્તો ૨૩**

❑ લેખક ❑
**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**
❑ અનુવાદકો ❑
**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## હુલિયા શરીફ

અલ્લાહે જે રીતે આપણા આકા ﷺને બાતિની ખૂબીઓથી નવાઝયા હતા એવી જ રીતે જાહેરી હુસ્નો જમાલ પણ અતા કર્યો હતો.

આપનું આખુ શરીર નૂરના સાંચામાં ઢળેલું હતું અને સાયાથી પાક હતું. રંગ ગોરો સફેદ. શરીર પર માખી મચ્છર ન બેસતા. બંને ખભાઓની વચ્ચે કબૂતરના ઈંડા જેટલી મોહરે નબુવ્વત હતી, કદ મધ્યમ હતું પરંતુ લોકોની વચ્ચે સૌથી બુલંદ દેખાય દેતા. માથુ મોટુ અને શાનદાર, વાળ ન તદ્દન સીધા ન ઘુંઘરાળુ ચહેરો મુબારક ખૂબ જ ખૂબસૂરત સફેદ રતાશ પડતો. પેશાની પહોળી અને ચમકદાર. મોઢું પહોળુ, દાંત વિશાળ તથા મોતી જેવા રોશન. ઝબાન ઈલ્મ તથા હિકમતનું ઉગમસ્થાન. લુઆબે દહન (થૂક મુબારક) ઝખ્મીઓ તથા બીમારો માટે શિફા. અવાજ ઘણો જ પ્યારો તથા મીઠો. ગરદન સુડોળ અને સુરાહી જેવી. હથેળીઓ પહોળી ગોશતથી ભરેલી. કલાઈ (પહોંચાં) લાંબી તથા નરમ તેમજ નાઝુક. પેટ તથા છાતી સપાટ અને સરખી. પગ મુબારકો પહોળા અને માંસલ ભરાવદાર, એડીઓ ઓછા માંસવાળી, તળવુ ઊંચુ જમીન પર ન લાગતુ હતું. બંને પિંડલીઓ એકંદરે પાતળી અને સાફ સફ્ફાક્, ચાલ બાવક઼ાર, જ્યારે ચાલતા તો એવુ જણાતુ કે ઉપરથી નીચે ઉતરી રહ્યા છે. રસ્તો ખૂબ તેજ ચાલતા જાણે જમીન આપના માટે સમેટી દેવામાં આવી હોય.

## અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)

અઝવાજે મુતહ્હરાતનો અર્થ છે પાક બીવીઓ. રસૂલે કરીમ ﷺની બીવીઓને અઝવાજે મુતહ્હરાત કહેવામાં આવે છે. અને આ પાક બીવીઓ તમામ મુસલમાનની માઓ છે, એટલા માટે એમને ઉમ્મહાતુલ મો'મિનીન પણ કહેવામાં આવે છે.

રસૂલે કાઈનાત ﷺએ તબ્લીગી જરૂરતોના કારણે અરબના વિવિધ ખાનદાનોમાં શાદીઓ કરી જેથી સંબંધો મજબૂત રહે.

આપણા આકા ﷺની કુલ અગ્યાર બીવીઓ હતી. એમાંથી છ કુરૈશ ખાનદાનના ઊંચા ઘરાનાની હતી જેમનાં મુબારક નામ આ પ્રમાણે છે :

(૧) ખદીજા બિન્તે ખુવૈલદ (૨) આઈશા બિન્તે અબી બકર (૩) હફ્સા બિન્તે ઉમર ફારૂક્ (૪) ઉમ્મે હ઼બીબા બિન્તે અબી સુફયાન. (૫) ઉમ્મે સલ્મા બિન્તે અબૂ ઉમૈયા (૬) સૌદા બિન્તે જમ્આ.

અને ચાર અરબના અન્ય ઈજ્જતદાર કબીલાઓથી હતી. તેમનાં નામ આ પ્રમાણે છે :–

(૭) ઝયનબ બિન્તે જહશ (૮) મૈમૂના બિન્તે

હારિષ (૯) ઝયનબ બિન્તે ખુઝૈમા (૧૦) જુવૈરિયા બિન્તે હારિષ (૧૧) સફિય્યહ બિન્તે હુયૈય (આ બની ઈસ્રાઈલની એક રઈસઝાદી હતાં).

સૌ પ્રથમ આપણા આક઼ા ﷺએ હઝરત ખદીજા رضی اللہ عنہاથી નિકાહ કર્યા. જ્યાં સુધી તે જીવંત રહ્યાં, આપે બીજી શાદી નથી કરી.

બે પત્નીઓ હઝરત ખદીજા رضی اللہ عنہا તથા હઝરત ઝયનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا તો આપની સામે જ વફાત પામ્યાં. બાકી નવ બીવીઓ રસૂલુલ્લાહ ﷺ વિસાલ બાદ સુધી મૌજૂદ રહી.

તેમના થકી મુસલમાનોને ઘણી બધી દીનની વાતો માલૂમ થઈ અને ખાસ કરીને હઝરત આઈશા رضی اللہ عنہاએ તો રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامથી ઘણી બધી હદીષો રિવાયત કરી જે હદીષની કિતાબોમાં મૌજૂદ છે.

## ઔલાદે કિરામ

આપણા આક઼ા ﷺની જેટલી પણ ઔલાદ થઈ સર્વે હઝરત ખદીજા رضی اللہ عنہاના શિક઼મ મુબારકથી થઈ, કેવળ એક સાહબઝાદા ઈબ્રાહીમ મારિયા કિબ્તિયા (બાંદી)થી હતા.

હઝરત ખદીજા رضی اللہ عنہاના પેટથી હઝરત ક઼ાસિમ અને હઝરત અબ્દુલ્લાહ હતા. અને ચાર સાહબઝાદીઓ હતી જેમનાં નામ આ પ્રમાણે છે :

(૧) ઝયનબ رضی اللہ عنہا (૨) રુક઼ૈયા رضی اللہ عنہا (૩) ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا (૪) ફાતિમા رضی اللہ عنہا.

હઝરત ઝયનબ رضی اللہ عنہاનો નિકાહ હઝરત અબુલ આસથી થયા. આપનો ઈન્તેક઼ાલ હિ.સ. ૮માં થયો. આપની એક પુત્રી હતી જેનું નામ ઉમામા હતું. રસૂલે કરીમ ﷺ તેમનાથી ખૂબ જ મહોબ્બત કરતા હતા અને પ્યારથી ખભા પર બેસાડી લીધા કરતા હતા.

હઝરત રુક઼ૈયા رضی اللہ عنہاના નિકાહ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સાથે થયા. હિ.સ. ૨માં હઝરત રુક઼ૈયાનો ઈન્તેક઼ાલ થઈ ગયો તો રસૂલે અકરમ ﷺએ પોતાની ત્રીજી સાહબઝાદી ઉમ્મે કુલ્ષૂમનો પણ નિકાહ આપની જ સાથે કરી આપ્યો. તેમનો ઈન્તેક઼ાલ હિ.સ. ૯માં થયો.

ચોથાં સાહબઝાદી ફાતિમા رضی اللہ عنہاનો નિકાહ હઝરત અલી رضی اللہ عنہ સાથે થયો. આ રસૂલુલ્લાહ ﷺની સૌથી પ્યારી બેટી હતાં. આપનો ઈન્તેક઼ાલ હિ.સ. ૧૧માં થયો. આપના બે સાહબઝાદા હઝરત ઈમામ હસન તથા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہما થયા. તેમની જાતથી દીનને બુલંદી મળી. તેમની જ ઔલાદને સૈયદ કહેવામાં આવે છે. રસૂલે અકરમ ﷺ આ બંનેવ હઝરાતથી બેહદ મહોબ્બત કરતા હતા. આપે ઈર્શાદ ફર્માવ્યો કે હસન તથા હુસૈન બંનેવ જન્નતી જવાનોના સરદાર થશે અને એ બંનેવ જન્નતના ફૂલ છે.


**કિતાબો મંગાવો**

**કિતાબ : સાદાતે કિરામ કી અઝમત બ નઝરે આ'લા હઝરત**
*(ગુજરાતી લિપિમાં, પેજીસ : ૪૮)*
**સંપાદક** : સૈયદ ઈન્આમુલહક્ક઼ ક઼ાદરી હૂદી હુસૈની રૂપાલ
**પ્રકાશક** : મલિક મુહમ્મદયૂનુસ બાબુમિયાં ક઼ાદરી, મુ. રામોલ, જિ. અમદાવાદ, Mob. 9537334316

**કિતાબ : શમ્સ તબરેઝી અને મૌલાના રૂમ**
(પેજીસ : ૭૫, કિંમત : ૧૦૦ રૂા. ટપાલ સાથે)
**સંપાદક** : શાહિદ અહમદ જી. કલીમી
**પ્રકાશક** : એન. બી. એસ. બુક ડિપો, ટોરન્ટ પાવર સામે, મોરકસવાડ, મિર્ઝાપુર,અમદાવાદ–૩૮૦૦૦,
Mob. 9377455369
નોંધ : બંનેવ બુર્ઝુગો વિશે જાણવા કિતાબ અચૂક મંગાવો.

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૨

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બ્રિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### આશિક઼ આવા હોય છે

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! જે મહોબ્બત તથા ઈશ્ક઼નો દાવો કરે છે તે માશૂક઼નો દરવાજો ત્યાં સુધી ખખડાવતો રહે છે જ્યાં સુધી તેના શરીરમાં જાન છે, એટલા માટે કે કદાચ કોઈ સમયે ખુલી જાય, અને કોઈ મર્તબા પર પહોંચી જાય.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! બની ઈસ્રાઈલમાં એક ઝાહિદે ૭૦ વરસ અલ્લાહ તઆલાની ઈબાદત કરી. એ સમયના પયગંબરને હુકમ થયો કે ફલાણા ઝાહિદને કહી દો કે ઈબાદતમાં બેહૂદા તકલીફ ન ઉઠાવે, અમને તારી ઈબાદત મંઝૂર નથી. જ્યારે સમયના પયગંબરે પયગામ આપ્યો તો ઝાહિદ રક્સ કરવા (નાચવા) લાગ્યો. કારણ પૂછવામાં આવ્યું તો કહ્યું, ભલે મારી ઈબાદત કબૂલ નથી, તેમ છતાં હું ગણત્રીમાં તો છું ! અને મને યાદ તો કર્યો છે.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! આ રાહમાં સાદિક઼ તથા આશિક઼ તે જ છે કે આલમે અસ્રારમાંથી જે મુસીબત વગેરે તેના પર નાઝિલ થાય તેના પર સબ્ર કરે અને રાજી રહે. જેમ કે અલ્લાહ તઆલા કલામે મજીદમાં ફર્માવે છે :–

رَبَّنَآ اَفۡرِغۡ عَلَيۡنَا صَبۡرًا وَّثَبِّتۡ اَقۡدَامَنَا وَانۡصُرۡنَا عَلَى الۡقَوۡمِ الۡكٰفِرِيۡنَ

"હે રબ અમારા ! અમારા પર સબ્ર ઠાલવ અને અમારા પગો જામેલા રાખ. કાફિર લોકો પર અમારી મદદ કર." *(સૂ. બક઼રહ, ૨/૨૫૦)*

પછી શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે આ શેઅર પઢયા જેનાથી બેખુદીની હાલત છવાઈ ગઈ. શેઅરનો અર્થ :–

**૦૧.** સાચા દોસ્તની પહેચાન એ છે કે તેની સામે રાઝો નિયાઝની વાત વર્ણન કરવામાં આવે તો બીજાની સામે વર્ણન ન કરે.

**૦૨.** સાચા આશિક઼ની પેહચાન એ છે કે શક્તિને તે છુપાવીને રાખે છે અને કોઈની સામે વર્ણન કરીને તેને શર્મિંદો નથી કરતા.

ત્યાર બાદ ફર્માવ્યું, હે દુરવેશ ! સાહિબે સિર્રમાં જાતી શક્તિ એ પ્રકારની હોવી જોઈએ જે સિર્રે હક઼ એના પર નાઝિલ થાય તેને મેહફૂઝ રાખી શકે.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી સંજરી رحمۃ اللہ علیہ લખે છે કે દોસ્તના અસ્રાર ખૂબસૂરત છે અને ખૂબસૂરત આશિક઼ના દિલમાં જ સ્થાન પામે છે. એટલા માટે કે જ્યારે યહયા મઆઝ રાઝી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આપને કદી હસતાં તથા વાત કરતાં નથી જોયા. તો ફર્માવ્યું કે કોઈ ઘડી એવી નથી પસાર થતી કે અલ્લાહ

તઆલાની તજલ્લીના અન્વાર તથા અસ્રાર મારા દિલમાં ન હોય. તો જે દિલમાં દોસ્તના અસ્રાર તથા અન્વાર હોય તેને હસી તથા અન્ય વાતોથી શો વાસ્તો ?! તો હે દુરવેશ ! હસી તથા વાતચીત એ દિવસે થાય છે જ્યારે એ હુકમ થાય છે કે وصل الحبیب الی الحبیب, દોસ્ત દોસ્તથી જઈને મળ્યો.

પછી એ મોકાના મુનાસિબ ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہને પૂછવામાં આવ્યું કે આપે શું વાત જોઈ કે હક્કતઆલાથી ઓળખ પામી. ફર્માવ્યું, એક દિવસે હું બેઠો હતો એવામાં મહોબ્બતનો આઈનો મારા હાથમાં આપવામાં આવ્યો. મેં એમાં નજર કરી તો મને એક સૂરત જોવા મળી જેના પર હું આશિક થઈ ગયો. હું ફરિયાદ કરી ઉઠયો અને તૌબા ઈસ્તિગફાર કર્યો અને કહ્યું કે આ નેઅમત મને અતા થાય ! હુકમ થયો કે આ નેઅમત તને આપીએ છીએ, પરંતું કોઈના પર અમારો આ ભેદ જાહેર ન કરશો કે જેથી અન્ય ભેદોના પાત્ર બની શકો.

પછી શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે આ રુબાઈ પઢી જે જનાબ કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી એક મજલિસથી સાંભળી હતી.

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! ખ્વાજા હસન અબુલખૈર ખિર્કાની رحمۃ اللہ علیہ રસ્તે ચાલી રહ્યા હતા. આપની મૂછો વધી ગઈ હતી. એક નાઈએ આપને કહ્યું કે લાવો, આપની હજામત બનાવી દઉં ! આપે ફર્માવ્યું, મારી પાસે પૈસા નથી. નાઈએ કહ્યું, પછીથી આપી દેજો. જ્યારે નાઈએ હજામત બનાવી આપી. તો આપ જે ઝાડની નીચે બેઠા હતા તેની ઉપરની તરફ જોઈને અર્ઝ કરી, યા ઈલાહી ! હું શું દરખાસ્ત કરું ?! ખ્વાજા સાહબે એ વાત હજી કરી જ હતી કે અલ્લાહ તઆલાના હુકમથી તે ઝાડ હાલ્યું અને જમીન લાલ દીનારોથી ભરાઈ ગઈ, અને નાઈ આશ્ચર્યમાં પડી ગયો. ખ્વાજા સાહબે ફર્માવ્યું કે જેટલુ ઉઠાવી શકો ઉઠાવી લો ! એટલુ કહીને ત્યાંથી ચાલી નીકળ્યા.

પછી શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું, કે હે દુરવેશ ! મર્દાને ખુદા એવું કર્યા કરે છે. દરેક મુસીબતના માર્યાને નેઅમત અતા કરીને ત્યાંથી ચાલી નીકળે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! એક સાહિબે હાલ દરરોજ સવારે ઉઠીને ફરિયાદ કર્યા કરતો હતો કે જેથી દોસ્તનો ઈશ્ક આવી જાય અને હસ્તીનું નામો નિશાન મિટાવી દે. એક દિવસે તે પોતાના ઈશ્કની આગથી સળગી જ ગયો અને યગાના થઈ ગયો. તો હે દુરવેશ ! જ્યાં મહોબ્બત આવે છે ત્યાં દૂઈ (બેગાનાપન) દરમિયાનમાંથી ઉઠી જાય છે. મહોબ્બતના મામલા યગના હોવું જોઈએ જેથી મહોબ્બતના વિસાલખાનામાં પ્રવેશ પામી શકે, નહીં તો કદાપિ કદાપિ પ્રવેશ પામી શકશે નહીં.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે આ મષ્નવી પઢી અને ફર્માવ્યું કે મેં એકવાર શયખુલ ઈસ્લામ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની મજલિસમાં સાંભળી હતી અને હજી એ મષ્નવીના શોખમાં છું. **(રૂબાઈનો અર્થ)** :

**૦૧.** આપના ઈશ્કે મને મજબૂર તથા હયરાન કરી આપ્યો છે. તે ગલીઓ જે ગલીઓમાં પરેશાન તથા ભયની નિશાનીઓ છે તેણે મને પરેશાન કરી રાખ્યો છે.

**૦૨.** આ જ કારણે મારા દોસ્તની પેશાનીને તમામ મુસીબતો રંજોએ એ પ્રમાણે કરી આપેલ છે કે દોસ્તની વચ્ચે રાઝો નિયાઝની વાતો છુપાવીને રાખેલ છે.

ત્યારબાદ શોખના પ્રભાવ હેઠળ આ હિકાયત વર્ણવી કે જ્યારે હઝરત યૂસુફ علیہ السلامએ ઝુલેખાથી નિકાહ કર્યો અને ઝુલેખાએ યાકૂબ علیہ السلامનો દીન કબૂલ કર્યો અને યાદે હક્કમાં મશગૂલ થઈ ગયાં. તો

એક દિવસે યુસૂફ عليه السلام ઝુલેખાનો પીછો કરતા હતા અને આપ પીછો છોડાવતાં હતાં. એ વખતે યૂસુફ عليه السلامએ પૂછયું કે એક દિવસ તે હતો કે તું મારો પીછો કરતી હતી અને હું પીછો છોડાવતો હતો, અને હવે હું પીછો કરું છું અને તું પીછો છોડાવે છે ! એનું શું કારણ છે ? કહ્યું, હે યૂસુફ ! મને તે દિવસે અલ્લાહ તઆલાની ઓળખ થઈ ન હતી અને તેની ઈબાદતથી દૂર હતી. તારા સિવાય કોઈની ઓળખ થઈ ન હતી. હું સમજતી હતી કે બસ તું જ તું છે. એટલા માટે હું તારો પીછો કરતી હતી. પરંતું હવે મેં અલ્લાહ તઆલાને ઓળખી લીધો છે અને તેની ઈબાદતમાં વ્યસ્ત છું અને મુજાહિદાથી મુશાહિદા સુધી પહોંચી ગઈ છું, અને તેની દોસ્તી મારા દિલમાં બેસી ગઈ છે. તો હે યૂસુફ ! હવે તું અને લાખો તારાથી બેહતર મારી નજરમાં નથી વસી શકતા, કેમ કે મને અલ્લાહ તઆલાથી ઉલ્ફત થઈ ગઈ છે, હવે હું તેના ગૈરથી ઉલ્ફત કરું તો હું જૂઠી દાવેદાર ગણાઈશ, ન કે તેની મહોબ્બતમાં સાચી કહેવાઈશ.

ત્યાર પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! જ્યારે મૂસા عليه السلامએ રૂયત (દીદારે ઈલાહી)ની દરખાસ્ત કરી કે رَبِّ اَرِنِیْۤ اَنْظُرْ اِلَیْكَ "હે રબ મારા ! મને તારો દીદાર દેખાડ કે હું તને જોઉં." *(સૂ. અઅરાફ, ૭/૧૪૩)*

ફર્માવ્યું : قَالَ لَنْ تَرٰىنِیْ "તું મને હરગિઝ જોઈ શકશે નહીં." *(સૂ. અઅરાફ, ૭/૧૪૩)* જયાં સુધી મુહમ્મદ મુસ્તફા પયગંબરે આખિરુઝ્ઝમા ﷺ મારો દીદાર ન કરી લે ત્યાં સુધી કોઈ શખ્સ અમારો દીદાર નથી કરી શકતો. મૂસા عليه السلام હક્કની મહોબ્બતના શોખથી માલામાલ હતા જેથી ફરી દરખાસ્ત કરી. હુકમ થયો કે હે મૂસા ! અમે તજલ્લી તો કરીશું પણ તું સહન કરી શકીશ નહીં. અર્ઝ કરી, કરી શકીશ ! હુકમ થયો, સારું ! કોહે તૂર પર જઈને બંદાઓની જેમ બે રકાત અદા કરો, અને અદબભેર બેસો જેથી અમે તજલ્લી કરીએ. જયારે એવું કર્યું અને રજ માત્ર નૂરની તજલ્લી કરી તો પહાડ ટુકડે ટુકડા થઈ ગયો અને આપ ત્રણ દિવસ સુધી બેહોશ પડયા રહ્યા. પછી અવાજ આવ્યો, હે મૂસા ! શું અમે ન કહેતા હતા કે તું નૂરની શક્તિને વેઠી શકીશ નહીં ! પછી એ ફર્માન થયું કે હે મૂસા ! તું અમારી રજમાત્ર તજલ્લીથી બેહોશ થઈ ગયો, અને અમારો ભેદ જાહેર કરી આપ્યો. મારા એવા બંદા પણ થશે જેઓ નબી આખિરુઝ્ઝમાં ﷺની ઉમ્મતમાં થશે જેમના પર દરરોજ હજાર વાર તજલ્લી થશે છતાં પણ અડગ રહેશે, બલ્કે اَنَا مُشْتَاقٌ اِلَی الْحَبِیْبِની ફરિયાદ કરશે.

## દાઢી મુંડાના છોળ દે !

**અઝ : મૌલાના જમીલુર્રહમાન રઝવી કાદરી સાહબ**

અય મેરે ભાઈ જરા દાઢી મુંડાના છોડ દે
શર્મ કર બેહરે ખુદા દાઢી મુંડાના છોડ દે

હે બઝાહીર બાલ લેકિન નૂર હૈ ઈસ્લામ કા
શકલ નૂરાની બના દાઢી મુંડાના છોડ દે

શકલ સે બેઝાર હૈ તેરી ખુદા ઔર મુસ્તફા
ઉનકો રાજી કર જરા દાઢી મુંડાના છોડ દે

આલ ઔર અસ્હાબે નબી ને ભી ઐસા કીયા
તું હૈ ક્યું ઉનસે જુદા, દાઢી મુંડાના છોડ દે

ક્યા અજબ હે ઔરતો પર ભી પડે ઈસકા અસર
વો ભી દે સરકો મુંડા, દાઢી મુંડાના છોડ દે

મર્દ પૈદા હો કે તું બીલકુલ મુખન્નસ બન ગયા
યે ગજબ કયસા કીયા, દાઢી મુંડાના છોડ દે

દાઢી કતરાના, ચળ્હાના ઔર મુંડાના સબ હરામ
માન હુકમે મુસ્તફા, દાઢી મુંડાના છોડ દે

ફર્ઝ હૈ ભાઈ પે દે ભાઈ કો રાહે હક્ક બતા
ઈસ લિયે મેને કહા, દાઢી મુંડાના છોડ દે

હો 'જમીલ' કાદરી કી ઈલ્તિજા યા રબ કુબૂલ
ઉમ્મતે ખૈરુલ વરા દાઢી મુંડાના છોડ દે

# તઝકેરતુલ અવલિયા — હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૨૧

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* // **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**બેનિયાઝી :** એક રાત હારૂન રશીદે ફઝલબર મક્કીને હુકમ આપ્યો કે મને કોઈ દુરવેશથી મિલાવી દો. જેથી તે હઝરત સુફયાનની ખિદમતમાં લઈ ગયો અને દરવાજા પર ટકોરા માર્યા બાદ જ્યારે હઝરત સુફયાને પૂછયું કે કોણ છે ? તો ફઝલે જવાબ આપ્યો કે અમીરુલ મો'મિનીન હારૂન રશીદ તશરીફ લાવ્યા છે. સુફયાને ફર્માવ્યું કે કાશ ! મને પહેલાંથી ઈલ્મ હોત તો હું જાતે પોતે જ સ્વાગત માટે હાજર થાત. આ જવાબ સાંભળીને હારૂન રશીદે ફઝલને કહ્યું કે હું જેવા દુરવેશની તલાશમાં હતો એ ગુણો એમનામાં નથી અને તમે મને અહીં શા માટે લઈને આવ્યા ? ફઝલે કહ્યું કે આપ જે પ્રકારના બુઝુર્ગની તલાશમાં છે તે ગુણો કેવળ ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہમાં છે. આમ કરીને હારૂનને ફુઝૈલ ઈબ્ને અયાઝને ત્યાં લઈ ગયો. એ વખતે આપ આ આયત તિલાવત કરી રહ્યા હતા :–

اَمْ حَسِبَ الَّذِيْنَ اجْتَرَحُوا السَّيِّاٰتِ اَنْ نَّجْعَلَهُمْ كَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ

"શું જેઓ બુરાઈઓમાં પડયા એવું સમજે છે કે અમે તેમને એમના જેવા કરી દઈશું જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યા ?! *(સૂ. જાષિયહ, ૪૫/૨૧)* આ સાંભળીને હારૂન રશીદે કહ્યું કે, આનાથી મોટી નસીહત બીજી શું હોય શકે છે ? પછી જ્યારે દરવાજા પર ટકોરા મારવાના જવાબમાં હઝરત ફુઝૈલે પૂછયું કે કોણ છે ? તો ફઝલ બરમક્કીએ કહ્યું કે અમીરુલ મો'મિનીન તશરીફ લાવ્યા છે. આપે અંદરથી જ ફર્માવ્યું કે એમનું મારી પાસે શું કામ ? અને એમને મારાથી શો વાસ્તો ? મારી મશગૂલિયતમાં તમે લોકો આડ ન બનો. પણ ફઝલે કહ્યું કે ઉલિલ અમ્ર (અમીર)ની ઈતાઅત ફર્ઝ છે. આપે ફર્માવ્યું કે મને તકલીફ ન આપો. પછી ફઝલે કહ્યું કે તમે અંદર દાખલ થવાની રજા નથી આપતા તો અમે વિના ઈજાઝતે દાખલ થઈ જઈશું. હું તો ઈજાઝત નથી આપતો, આમ તો તમે વિના ઈજાઝતે દાખલ થવામાં તમે મુખ્તાર છો અને જ્યારે બંનેવ અંદર દાખલ થયા તો આપે દીવો ઓલ્વી નાખ્યો. જેથી હારૂનને ચહેરો ન જોવા મળે. પણ આકસ્મિક રીતે હારૂનનો હાથ આપના હાથ મુબારક પર પડી ગયો. તો આપે ફર્માવ્યું કે કેટલો નરમ હાથ છે, કાશ ! જહન્નમથી નજાત હાંસલ કરી શકે ! આવું કહીને નમાઝમાં મશગૂલ થઈ ગયા. અને નમાઝથી ફારિગ થતાં જ્યારે હારૂને અર્ઝ કરી કે આપ કાંઈ આદેશ આપો. તો આપે ફર્માવ્યું કે તમારા પિતા હુઝૂર ﷺના કાકા હતા અને જ્યારે તેમણે હુઝૂર ﷺને વિનવણી કરી કે મને કોઈ દેશનો હુકમરાન બનાવી દો, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, હું તમને તમારા નફ્સનો હુકમરાન બનાવું છું, કેમ કે દુનિયવી હુકૂમત તો મેહશરના દિવસે શર્મિંદગીનો સબબ બની જશે. આ સાંભળીને હારૂને અર્ઝ કરી કે કાંઈ અધિક આદેશ આપો ! આપે ફર્માવ્યું કે જ્યારે ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہને સલ્તનત હાંસલ થઈ તો તેમણે કેટલાક બુદ્ધિવાનોને ભેગા કરીને ફર્માવ્યું કે મારા પર એક એવો બોજ રાખી દેવામાં આવ્યો છે જેનાથી છૂટકારાનો કોઈ માર્ગ નજર નથી

આવતો. એમાંથી એકે મશવરો આપ્યો કે **આપ દરેક ઉમરવાળા મો'મિનને બાપના સ્થાને ખયાલ કરો અને દરેક યુવાનને ભાઈના તથા પુત્રના સ્થાને સમજો, અને સ્ત્રીઓને મા, પુત્રી તથા બહેન સમજો, અને એ જ સંબંધોના પ્રમાણે સદ્‌વર્તાવથી વર્તજો.** હારૂન રશીદે ફરી અર્ઝ કરી કે કાંઈક અધિક નસીહત કરો, તો આપે ફર્માવ્યું કે **પૂરા ઈસ્લામી દેશના રહેવાસીઓને તમારી ઔલાદ સમજો, વૃદ્ધો પર મહેરબાની કરો, નાનાઓ સાથે ભાઈઓ તથા ઔલાદની જેમ વર્તો.** પછી ફર્માવ્યું, મને ડર છે કે ક્યાંક તમારી હસીનો જમીલ સૂરત જહન્નમની આગનું બળતણ ન બની જાય, કેમ કે **મેહશરમાં ઘણી બધી હસીન સૂરતોનો જહન્નમની આગમાં જઈને દેખાવ જ બદલાય જશે અને ઘણા બધા અમીરો અસીર (કેદી) થઈ જશે.** અલ્લાહથી ડરતા રહીને મેહશરમાં જવાબ આપવાના માટે હમેશા તૈયાર રહો, કેમ કે ત્યાં તમારાથી એક એક મુસલમાન વિશે પૂછતાછ થશે. અને **જો તમારા શાસન હેઠળ એક ગરીબ સ્ત્રી પર ભૂખી સૂઈ ગઈ તો મેહશરમાં તમારું ગરિવાન પકડી લેશે.** હારૂન પર આ નસીહત આમેઝ વાતચીત સાંભળતાં સાંભળતાં બેહોશી છવાઈ ગઈ અને ફઝલ બરમક્કીએ હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہને કહ્યું કે, જનાબ બસ કરો ! આપે તો અમીરુલ મો'મિનીનને અડધા મુડદા જ કરી દીધા. હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, હે હામાન ! ખામોશ થઈ જા ! મેં નહીં બલ્કે તેં તથા તારી જમાઅતે હારૂન રશીદને જીવતા દફનાવી દીધા છે ! આ સાંભળીને હારૂન પર અધિક ધ્રુજારી છવાઈ ગઈ અને ફઝલ બરમક્કીને કહ્યું કે મને ફિરઔન ખયાલ કરવાને કારણે તને હામાન તરીકે સંબોધ્યો છે. પછી હારૂને પૂછયું કે આપ કોઈના કરજદાર તો નથી ?! ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલાનો કરજદાર છું અને તેની અદાયગી કેવળ ફર્માંબરદારીથી જ થઈ શકે છે, પરંતુ એની અદાયગી પણ મારા વશની બહાર છે, કેમ કે મેહશરમાં મારી પાસે કોઈ સવાલનો જવાબ હશે નહીં. પછી હારૂને અર્ઝ કરી કે મારો મક્સદ દુનિયવી કરજ હતો. આપે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની અર્પણ કરેલ નેઅમતો જ એટલી છે કે મારે કરજ લેવાની જરૂરત નથી. તેમ છતાં હારૂને નજરાણારૂપે એક હજાર દીનારની થેલી પેશ કરતાં અરજ કરી કે આ રકમ મને મારા વાલિદના વારસામાં મળી છે જેથી એ તદ્દન હલાલ છે. એ સાંભળીને આપે ફર્માવ્યું, સેંકડો અફસોસ ! મારી સર્વ નસીહતો બેકાર થઈને રહી ગઈ ! કેમ કે તમે જરા સરખી પણ અસર ન સ્વીકારી. હું તો તમને નજાતની દા'વત આપી રહ્યો છું અને તમે મને હલાકતના કહેરમાં ઝોંકી દેવા ચાહો છો, કેમ કે જે માલ હક્દારોને મળવો જોઈએ તે તમે ગૈર હક્દારોમાં વહેંચવા ચાહો છો. ત્યાર બાદ હારૂને વિદાય થતી વખેત ફઝલ બરમક્કીને કહ્યું કે આ ખરેખર સાહિબે ફઝ્લ બુઝુર્ગોમાંથી છે.

**વલીની ઔલાદ :** હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہ એકવાર પોતાના બાળકને ખોળામાં લઈને પ્યાર કરી રહ્યા હતા. એવામાં બાળકે સવાલ કર્યો કે શું આપ મને આપનો મહબૂબ ગણો છો ? ફર્માવ્યું, બેશક ! પછી બાળકે પૂછયું કે અલ્લાહ તઆલાને પણ મહબૂબ સમજો છો ?! તો પછી એક દિલમાં બે ચીજોની મહબૂબિયત કેવી રીતે જમા થઈ શકે છે ! આ સાંભળતાં બાળકને ગોદમાંથી ઉતારીને ઈબાદતમાં લાગી ગયા.

અરફાતના મેદાનમાં લોકોના રૂદન તથા આજીજીનો મન્ઝર જોઈને ફર્માવ્યું કે જો આટલા રૂદન તથા આજીજીની સાથે કોઈ બખીલથી પણ દૌલત માગવામાં આવે તો કદાચ તે પણ ઈન્કાર નહીં કરી શકે. જેથી હે માલિકે હકીકી ! આટલા રૂદન તથા આજીજી પછી મગફેરત માગનારાઓને તો યકીનન ! માફ કરી આપીશ. અરફાની રાતમાં કોઈએ આપને સવાલ કર્યો કે અરફાતના વિશે આપનો શો ખયાલ

છે ? ફર્માવ્યું કે જો ફુઝૈલ એમનામાં સામેલ ન થાત તો યક઼ીનન ! સૌની મગફેરત થઈ જાત.

**રાઝો તથા આદેશો :** આપને કોઈએ સવાલ કર્યો કે ખુદાની મહોબ્બત કમાલની કક્ષાએ ક્યારે પહોંચે છે ? ફર્માવ્યું કે જ્યારે દુનિયા તથા દીન બંદાના માટે સમાન થઈ જાય. પછી કોઈએ સવાલ કર્યો કે જો કોઈ વ્યક્તિ એ ડરથી લબ્બૈક ન કહેતો હોય કે જવાબ નકારામાં ન મળી જાય, તો તેના સંબંધે આપનું શું મહત્વ છે ? ફર્માવ્યું કે એનાથી વધુ ઉચ્ચ મર્તબાવાળો કોઈ નથી. પછી દીનના પાયા વિશે સવાલ કરવામાં આવ્યો તો ફર્માવ્યું કે બુદ્ધિ દીનનો પાયો છે, અને બુદ્ધિનો પાયો ઈલ્મ છે અને ઈલ્મનો પાયો સબ્ર છે.

હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે મેં મારા કાનો વડે હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہને એવું કહેતાં સાંભળ્યા છે કે દુનિયાનો તાલિબ બેઈજ્જત તથા ઝલીલ થાય છે. અને જ્યારે મેં મારા પોતાના માટે કાંઈક નસીહત કરવા અરજ કરી તો ફર્માવ્યું કે, ખાદિમ બનો મખ્દૂમ ન બનો, કેમ કે ખાદિમ બનવું જ નેકબખ્તીનો સબબ છે. એકવાર બિશ્ર હાફી رحمۃ اللہ علیہએ પૂછયું કે ઝુહદ તથા રઝામાં અફઝલ કોણ છે ? ફર્માવ્યું કે રઝાને ફઝીલત એટલા માટે હાંસલ છે કે જે રાઝી બ રઝા રહે છે તે પોતાની વિસાતથી વધુ નથી માગતો.

સુફયાન થૌરી رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે એકવાર રાતે હું આપની ખિદમતમાં હાજર થયો અને કુર્આન હદીષના બયાન બાદ મેં અર્ઝ કરી કે આજની બેઠક તથા રાત બંનેવ મુબારક છે અને ખલ્વત (એકાંત) કરતાં કેટલાય અંશે અફઝલ છે. ફર્માવ્યું કે, એવું ન કહો ! આજની રાત તો સર્વ રાતોથી ખરાબ છે, કેમ કે આજની રાત આપણે બંનેવ એ જ ખયાલમાં ડૂબેલા રહ્યા કે વાતચીતનો વિષય એવો હોવો જોઈએ જે આપણા બંનેવનો પસંદીદા હોય, જ્યારે કે આ તસવ્વુરથી ખલ્વતનશીની અને ઝિક્રે ઈલાહીમાં મશગૂલિયત કેટલાય અંશે બેહતર છે. *(ક્રમશઃ)*

પેજ 30 નું ચાલુ..

બલ્કે કાફિરથી બદતર કહ્યા. *(સહીફએ નૂર, ૩/૧૯૭ તથા મુજલ્લાએ તૌહિદ, ભાગ-૫, વોલ્યુમ-૪, આખિર ખુત્બા ઈમામ ખોમૈની, ૧૩-રજબ હિ.સ. ૧૪૦૬)*

૦૭. ખોમૈનીનો અક઼ીદો છે કે નબીઓ પોતાના બઅષત (આગમન)ના હેતુમાં કામયાબ ન થઈ શક્યા, ત્યાં સુધી કે ખુદ હુઝૂર (ﷺ)ને પણ એમાં કામયાબી ન મળી. *(ખુત્બાએ ઈમામ ખોમૈની, તેહરાન રેડીયો, મતબૂઆ અર્રા ઉલ આલમ, કુવૈત)* વગેરે... અક઼ીદા ખોમૈનીના હતા.

આવા અક઼ીદાઓના કારણે અહલે સુન્નતના ફુક઼હાએ કિરામે ખોમૈનીની તક઼ફીર કરી છે, છતાં પણ પો. તાહિરુલ ક઼ાદરીએ ઉપર દર્શાવ્યું તે મુજબ ખોમૈનીની પ્રશંસા કરી છે ! હવે એથી વધુ પ્રો. તાહિરની ગુમરાહીની શું સાબિતી જોઈએ છે ?! *(કિતાબ : "તાહિરુલ ક઼ાદરીકી હક઼ીક઼ત" પેજ-૧૨૬,૧૨૭)*


**ફકત રૂા. ૩૦માં કિતાબ મંગાવો**

કિતાબ : **પ્રો. તાહિરુલ ક઼ાદરી હક઼ીક઼તના આઈનામાં** (પેજીસ : ૧૨૮)

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

પોતાના બયાનો તથા વાકચાતુર્યથી સામાન્ય પબ્લિકને આંજી દેનાર પ્રો. તાહિરુલ ક઼ાદરીની કેવી ગુમરાહીઓ છે તે જાણવા આ કિતાબ જરૂરતથી મંગાવો.

પ્રકાશક : **બરકાતે ખ્વાજા મંથલી,**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કિતાબ મેળવવા બેંક એકાઉન્ટમાં જમા કરો અથવા M.O. કરો રૂા. ૩૦/-**

**A/c. No. 34620100000303 Razvi Kitab Ghar**
**IFSC Code : BARB0DAYADR**
**Mo. 9427464411 (PhonePe/Paytm)**
બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

# રાફઝી-શીઆ ફિર્કાની

## ગુમરાહીઓથી બચો !

હપ્તો ૦૪

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

### એક નઝર ઈધર ભી !

### પ્રો. તાહિરુલ ક઼ાદરી શીઆઓના પેશવા ખોમૈનીના પ્રશંસક !

પ્રો. તાહિરુલ ક઼ાદરી શીઆઓના પ્રોગ્રામમાં ખૂબ હાજરી આપે છે અને કેટલીક વાર દિલ ખોલીને ખોમૈનીનાં વખાણ પણ કરે છે. એક એવા જ એક પ્રોગ્રામમાં **પ્રો. તાહિરુલ ક઼ાદરીએ કહ્યું કે :** "ઈમામ ખોમૈની **ઈસ્લામી ઈતિહાસના શુજાઅ (બહાદુર)** તથા નીડર, **મર્દાને હક્ક઼** (અલ્લાહવાળાઓ)માંથી છે. જેમનું **જીવવું અલીની જેમ** અને **મરવું હુસૈનની જેમ** છે. ખોમૈનીની મહોબ્બતનો તક઼ાઝો છે કે **દરેક બાળક ખોમૈની બની જાય.**"

*(રોઝનામા નવાએ વક઼્ત, લાહોર–ઈ.સ. ૧૯૮૯)*

જ્યારે કે ખોમૈની શીઆઓનો પેશવા અને તેમના જેવા જ અક઼ીદા ધરાવે છે છતાં આ પોતાને સુન્ની કહેતા પ્રો. તાહિરુલ ક઼ાદરીએ ખોમૈનીની ઉપરોક્ત શબ્દોમાં પ્રશંસા કરી. ખોમૈનીના અમુક અક઼ીદા જોતા ચાલો :

**૦૧.** ખોમૈની પોતાની કિતાબમાં લખે છે કે : "જો કોઈ આયત હઝરત અલીની ઈમામત તથા ખિલાફત પર અથવા કોઈ વર્ણન સ્પષ્ટ શબ્દોમાં પણ આવી જાત તો શખૈન હઝરાત (અબૂ બક્ર, ઉમર) એ આયતને ન સ્વીકારત અને ખુદાના હુકમ આપવા છતાં પણ ખુરશી ન છોડત. *(કશ્ફુલ અસ્રાર, પેજ–૧૧૯/૨૦)*

**૦૨.** ખોમૈનીનો અક઼ીદો છે : વર્તમાન કુર્આન યહૂદી તથા ઈસાઈઓની કિતાબોની જેમ ફેરફારવાળુ છે. *(કશ્ફુલ અસ્રાર, પેજ–૧૧૪)*

**૦૩.** જે માણસ એવો દાવો કરે કે કુર્આન જે પ્રમાણે નાઝિલ થયુ હતું તે પૂરુ એની પાસે છે તે જૂઠો છે. *(ઉસૂલે કાફી, પેજ–૧૩૯)*

**૦૪.** ખોમૈનીએ અકાબિર (અગ્રગણ્ય) સહાબીઓ, મુહદ્દિષો, મુફસ્સિરો, અગ્રેસર તાબઈન તથા હઝરત અમીર મુઆવિયહ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن વગેરેને સ્વાર્થી, શૈતાની, કુર્આન વિરુધ્ધ હુકૂમત કરનારા, ષડયંત્રો રચનારા, બહાનાબાઝ, દીનની ફરી ગયેલા, મુફસ્સિરો તથા મુહદ્દિષોને ખબીષ, જાલિમ, સિતમગર, શૈતાનોથી બદતર વગેરે કહ્યા. *(જુઓ ઈમામ ખોમૈનીનું વસીયતનામુ મુજલ્લા તૌહીદ, ઈરાન, ભાગ–૬, અંક–૫, પેજ–૨૪, ૨૪)*

**૦૫.** ખોમૈનીએ ઈસ્લામના ત્રણેવ ખલીફાઓને નફસાની ખ્વાહિશાતના શિકાર, પયગંબરથી વિમુખ બતાવ્યા અને તેમની ખિલાફતને રાજાશાહી તથા શહેનશાહી ગણાવી.

*–(સહીફએ નૂર, ૧/૧૬૫,૧૬૬)*

**૦૬.** ખોમૈનીએ અમીર મુઆવિયહ તથા તેમના સાથી સહાબીઓને નામ માત્રના મુસલમાન, ઈસ્લામને મિટાવનાર વધુ પેજ 29 પર..

# Huzoor Hafiz-e-Millat

***(May Allah be pleased with him)***

***Author :*** **Muhammad Ashfaq Misbahi**

*(Imam Masjid-e-Raza Balaclava Street, Blackburn, U.K)*

Hafiz-e-Millat (Alaihi Rahma) was born in Bhojpur, in Moradabad, Uttar Pradesh, India on a Monday in the year 1894 CEo He was given the name Abdul Aziz at birth, but later became better known by the title of Hafiz-e-Milat.

Having memorised the Quran from his father, he enrolled himself at Jamia Naeemiya in Moradabad where he studied for 3 years, achieving great knowledge up until the levels of Sharh e Jami, Qutbi etc. With his thirst for knowledge increasing day by day, it led him to the great Sadr **AI** Shari'ah (Alayhi Rahma). He arrived at the Madrasa Mueeniyah in Ajmer in 1342 AH. With effort and hard work, Hafiz-e-Millat completed the entire Dars-e-Nizami syllabus.

During the month of Shabaan in 1352 AH, Sadr **AI** Shari'ah (Alayhi Rahma) called him to Bareilly Shareef and informed him that because he (Sadr **AI** Shari'ah) had spent so much time away from his home district of Azamgarh, it had become corrupted. He wanted Hafiz-e-Milat (Alayhi Rahma) to go to Mubarakpur to lead the nation according to the Maslak of ai-Imam Ahmad Rida Khan (Alayhi Rahma).

Hafiz-e-Millat came to Mubarakpur on the zs" of Shawaal 1352 (14th January 1934) and was appointed the principal of the Madrasa-e-Ashrafia. At the time the Madrasa was situated at Purani Basti (Where Hazarat Aziz-e-Millat lived those days).

Instructions were given only in the reading of Quran, primary religious texts, the Persian language and Mathematics. There were no student from outside Mubarakpur. The annual budget of the Madrasa was 2757 Rupees, 14 annas and 9 pies. He emerged as the harbinger of a new enthusiasm in the Madrasa and created a unique Islamic atmosphere in the town. The Madrasa became famous far and wide for its quality education and drew many students from outside Mubarakpur, and soon became packed to capacity.


At the time of Hafiz-e-Millat's arrival, those in the opposition got panicky with these developments and began to intensify their activities. Hafiz-e-Millat accepted these challenges and got ready for constructive thoughts and deeds. He delivered speeches to counter the challenges opposed by the opponents and devoted all his energy in making the Madrasa thrive and flourish. Hafiz-e-Millat's efforts on these fronts were crowned with success and his sincerity played a key role in achieving these successes.

Hafiz-e-Millat did not do work for his name to be famous rather he said 'Do not work for the name, work sincerely to please Allah and the name itself will become known'. He was also an ideal personality, once saying 'I did not learn only knowledge from teachers rather I learned knowledge and practise'.

### *HAFIZ-E-MILLAT AND MANNERISM*

Good manners is one of the key teachings in Islam. The Prophet (Peace be upon him) introduced himself as a teacher to perfect good

manners. Hazarat Mufti Badrul Ulook (Alayhi Rahma) described the akhlaaq of Hafiz-e-Millat with the following words 'Hafiz-e-Millat was so polite, he can be described as a perfect example in following the footsteps of the Prophet (Peace be upon him).



Hafiz-e-Millat was a miraculous personality. One of his very famous miracle is that he performed Hajj without being photographed, exemplifying his Taqwa.

Hafiz-e-Millat left this materialistic world in 1976 (1'1 Jamda ul ukra 1396). He is the founder of al Jamia tul Asharafia Arabic university, Mubarakpur, India. Those who saw Hadrat all testify that he led a very humble and quiet life.

Some of his statements of wisdom are mentioned below -

**01.** In reality work is life and uselessness is death.

**02.** Become a person of work, for work elevates a man's status.

**03.** Work on Earth, rest beneath.

**04.** According to me, the answer for every opposition is work.

**05.** Lecturing is the easiest, more difficult than that is teaching and the most difficult is writing.

**06.** Wealth is a blessing from Allah, but a blessing greater than that is an eagerness to spend it in the path of Allah.

**07.** An intelligent man is he who learns from experiences of others and not to create experiences for others.

**08.** Unity is life, division is death.

**09.** Worthy of respect is he whose clothes are simple and heart is full of knowledge.

**10.** To waste time is the greatest loss.

**11.** He is not made unhappy who strives in work.

**12.** One should not sit in a place where one should have to move.

**13.** A sense of responsibility is the greatest asset.

**14.** No work should be done for fame, doing work will achieve fame anyway.

**15.** A Dar-ul-Uloom building without education being parted is just a building.

**16.** The life of heart is zikr.

**17.** The running of a Madrasa is a difficult task, the mind and spirit should be one for it.

**18.** Those who stop fearing Allah fear the entire world.

**19.** One should seek such a teacher who has both knowledge and practise.

**20.** I look at the good of others, not their short comings

# કુર્આન

# દુનિયામાં ઈસ્લામની હક્કાનિયતનો મહસૂસ (અનુભવાયેલ) જાહેર પ્રતિનિધિ

અઝ : મૌલાના મુહમ્મદ ફરોગુલ કાદરી
*(વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)*

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ પોતાની ખિલાફતના જમાનામાં કુર્આન શરીફના જે સાત (અમુક રિવાયત પ્રમાણે આઠ) સનદધારી સમર્થન પામેલ નુસ્ખા તૈયાર કરાવ્યા હતા અને એમાંથી એક મદીના તયબહમાં રાખીને બાકીના ઈસ્લામી દેશોના વિવિધ શહેરોમાં મોકલી આપ્યા હતા, એની વિગત ઈતિહાસની કિતાબોમાં મળે છે. તેમણે એ વાતની કાળજીપૂર્વક વ્યવસ્થા કરી કે કુર્આને અઝીમનો કોઈ એવો નુસ્ખો ન રહે જે એ સનદધારી તથા સમર્થન પામેલ નુસ્ખાઓના પ્રમાણે ન હોય. અને એવું કરવું અતિશય જરૂરી હતું એટલા માટે કે લોકોએ જે નુસ્ખા પોતાની રીતે રેડી કર્યા હતા તેમાં ભૂલ તથા ખતાની શક્યતા હોય શકતી હતી, ઉષ્માની યુગમાં કાયદેસર રીતે તમામ ઈસ્લામી કેન્દ્રોને જે એ દૌરના લેહાઝથી મહત્વનાં ગણાતાં હતાં તેમને આ સમર્થનવાળો નુસ્ખો મોકલવામાં આવ્યો કે ત્યાંના સ્થાનિક લોકો એના પ્રમાણે પોતાના કુર્આની નુસ્ખા તૈયાર કરી લે.

હઝરત સૈયદના ઉષ્માનગની رضی اللہ عنہએ પોતાના સનદી કુર્આની નુસ્ખાઓમાંથી જે નુસ્ખો મદીના તયબહમાં રાખ્યો અને જે શહાદતના સમયે આપની સામે મૌજૂદ હતો તેની ભાળ ખાત્રીપૂર્વકના ઝરીયાઓ થકી ચોથી સદી હિજરી સુધી મળે છે.

ત્રીજી સદીના મોહક્કિક અબૂ ઔબેદા અલકાસિમ બિન સલામ (વફાત : હિ. ૨૨૩) એ કિતાબુલ કિરાઅતમાં વર્ણવેલ છે કે તેણે એ મુસ્હફ (કુર્આનની પ્રત)ને ખુદ જોયી છે. મશહૂર સૈયાહ ઈબ્ને બતૂતાનું બયાન છે કે તેણે એને આઠમી સદી હિજરીમાં બસરામાં જોયો હતો. દસમી સદી હિજરી ઈબ્ને તૈમૂરના જમાનામાં અબૂ બક્ર શાશીએ તેને હઝરત અબ્દુલ્લાહના મઝાર પર જોયો હતો. જ્યારે રૂસમાં બાલશ્વીક હુકૂમત સ્થાપિત થઈ તો આ નુસ્ખો એમના હાથમાં આવી ગયો. એના સંબંધે ઈ.સ. ૧૯૫૯માં રૂસના એક મેગેઝિન સોવિયેટ ઓએસમાં જે માહિતી પ્રસિધ્ધ થઈ હતી એમાં કહેવામાં આવ્યું હતું કે આ ઉષ્માની નુસ્ખો સુલ્તાન તૈમૂરની લાયબ્રેરીમાં હતો જે ઈ.સ. ૧૨૯૩માં સમરકંદમાં સ્થાપ્વામાં આવી હતી. ત્યારબાદ ખબર નહીં કે ક્યા સંજોગો હેઠળ એ કુર્આની નુસ્ખો એ લાયબ્રેરીથી નીકળીને સમરકંદની મસ્જિદે ખ્વાજા અહરારમાં આવી ગયો અને સદીઓ સુધી એ મસ્જિદના એક માર્બલના થાંભલા પાસે ચાંદી તથા સોનાથી સજાવેલ સંદૂકમાં મેહફૂઝ રહ્યો. ઈ.સ. ૧૮૬૮માં રૂસે બુખારાની શહેનશાહિયત પર કબજો જમાવ્યો તો રૂસી ગવર્નર જનરલ વોન કાવફમેને ખરીદીને પેરીબર્ગના શાહી કુતુબખાનામાં તોહફો મોકલી આપ્યો. ઈ.સ. ૧૯૭૧ની રૂસની ક્રાંતિ પછી આ નુસ્ખો હુકૂમતના એક ફર્માનના મુજબ રૂસી પાર્લામેન્ટના મુસ્લિમ પ્રતિનિધિઓના એક સમૂહમાં ઔફન પહોંચ્યો પછી તેને તાશ્કંદ લાવવામાં આવ્યો. રૂસી પ્રચાર માધ્યમ (રેડિયો વગેરે)માં આ નુસ્ખા પર હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના લોહીના નિશાનોનો પણ ઉલ્લેખ કર્યો છે અને કહેવામાં આવ્યું છે કે રૂસી ઓરિએન્ટાલિસ્ટોએ તેના પૂરાણા હોવાનો સ્વીકાર કર્યો છે.

***(માખઝ** : અબૂ મહફૂઝ અલ્કરીમી મઅસૂમી, મુસ્હફે ઉષ્માનીકે તારીખી નુસ્ખે, પ્રકાશક : અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઈ.સ. ૧૯૬૧)*

એક કુર્આની નુસ્ખો મદીના તયબહમાં મૌજૂદ હતો જેને બીજા વિશ્વ યુધ્ધમાં તુર્કીના ગવર્નર ફખરી પાશા બીજા તબર્રુકોની સાથે કુસ્તુન્તુનિયા–ઈસ્તંબુલ લઈ ગયા. હવે એ ત્યાંના ટોપ કાપી મ્યૂઝિયમ–ઈસ્તંબૂલમાં મૌજૂદ છે. મેં મારા તુર્કીના દોરાના મોકા પર ઈસ્તંબુલમાં એ સર્વ તબર્રુકોની ઝિયારત કરી હતી જેમાં મોટાભાગનાનો સંબંધ રિસાલતકાળથી હતો. એ મ્યૂઝિયમના એક ઓફિસરે મને બતાવ્યું કે એ કુર્આની નુસ્ખો જે શહાદતના સમયે હઝરત સૈયદના ઉષ્માનગની તિલાવત કરી રહ્યા હતા જેના પર આપના લોહીનાં નિશાન મૌજૂદ છે એ અહીં જ મૌજૂદ તથા મેહફૂઝ છે. આમ દિવસોમાં નહીં પણ કેવળ રમઝાન મુબારકમાં દર વરસે તેની ઝિયારતની ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે.

એક નુસ્ખા વિશે મૌલાના શિબ્લી નોઅમાનીએ લખ્યું છે કે તેમણે તેને જામિઆ દમિશ્કમાં ઈ.સ. ૧૮૯૬માં જોયો હતો. એક અન્ય નુસ્ખાના બારામાં કહેવામાં આવે છે કે તે ફાસમાં છે. એક કુતુબખાના ખદીવિયહ મિસર તથા એક નુસ્ખો અલ્બર્ટ મ્યૂઝિયમ–લંડનમાં રાખવામાં આવ્યો છે. એ ઉપરાંત વિવિધ સહાબાએ કિરામના મુકદ્દસ હાથોથી લખાયેલ કુર્આનના શહપારાઓ હિંદુસ્તાન, ઈરાન, મરાકશ, મિસર, અરબ તથા તુર્કીના કુતુબખાનાઓ તથા અજાયબ ઘરોમાં મેહફૂઝ છે.

સાહિબે કુર્આન આકાએ દો જહાં સરવરે કાઈનાત અરવાહુના ફિદા ﷺની હયાતે જાહેરીથી આજ સુધી મુસલમાનોની આમ આબાદી નહીં, બલ્કે તેમની સલ્તનતો વિવિધ દેશોમાં સતત તથા એક પછી એક ચાલતી આવી છે. દરેક મો'મિન બંદાનો કુર્આને અઝીમ પર ઈમાન તથા અકીદો છે. એનો કમસે કમ એક નુસ્ખો દરેક ઘરમાં મૌજૂદ છે. સદીઓથી તલબા તેના ઈલ્મી તથા ફન્ની એહસાનોથી ડાયરેક્ટ લાભ પામી રહ્યા છે. તફસીરે કુર્આન પર આધારિત હજારો કિતાબો અત્યાર સુધીમાં લખાય ચૂકી છે. આ પૂરા હયાતના અરસામાં કુર્આન કરીમના કોઈ એક પણ એવા નુસ્ખાની ભાળ નથી મળતી જે બીજા નુસ્ખાઓથી અલગ હોય. તદ્ઉપરાંત રિસાલતકાળ થી લઈને આજ સુધી કરોડોની સંખ્યામાં હાફિઝો સતત એકધારા ચાલ્યા આવે છે. નમાઝ, તરાવીહ તથા પંજવક્તા નમાઝોમાં તેની દરરોજ તિલાવત થાય છે.

આ સર્વ હકીકતોનો સ્વીકાર કર્યા બાદ હવે કોઈ પ્રકારની શંકાની ગુંજાઈશ નથી રહી જતી કે કુર્આને અઝીમ પોતાની હકીકી તથા અસલી શકલો સૂરત (સ્વરૂપ)માં કયામત સુધી બાકી રહેવાવાળી કિતાબ છે.

કલામે ઈલાહી અને દીને ઈસ્લામની આ જ તે અઝમત તથા હરાવી ન શકાય તેવી શક્તિ છે જેણે સદીઓથી ફિરંગી બુધ્ધિજીવીઓને આશ્ચર્યમાં ડૂબાડી રાખ્યા છે :–

وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّ عَدْلًا ۚ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ

''પૂરી છે તારા રબની વાત સત્ય તથા ઈન્સાફમાં, એની વાતોને કોઈ બદલનાર નથી.''

*(સૂ. અન્આમ, ૬/૧૧૫, કન્ઝુલ ઈમાન)*

કુર્આને અઝીમ તે ઉચ્ચ કક્ષાની કિતાબ છે જે સૃષ્ટિના જમીન તથા આસમાનના ઉપરાંત અન્ય ઈલ્મો તથા વિદ્યાઓથી સમૃધ્ધ છે. તે પોતાના દાવાની દલીલ પણ પોતે જ છે. એ કુર્આન અઝીમનો એઝાઝ છે કે એણે لا رطب ولا يابس કહીને આસ્માનની સીમા તથા જમીન મતલબ પૂરી સૃષ્ટિને ઘેરી લીધેલ છે. કુર્આની ઈલ્મોના બારામાં મુફસ્સિરો તથા મુહક્કિકોએ પોતાની ખુદાદાદ ક્ષમતાઓ (સલાહિયતો)ના આધારે ઘણુ બધું લખ્યું છે. કાઝી અબૂબકર બિન અરબીએ કહ્યું કે કુર્આની ઈલ્મોની સંખ્યા લગભગ ૩૦૯૮૦૦ છે અને અલ્હમ્દુલિલ્લાહથી લઈને વન્નાસ સુધી વપરાનારો દરેક કલમો કોઈ કોઈ ન કોઈ ઈલ્મ તથા વિદ્યાકલાનો પાયો છે. *(કાનૂને તાવીલ)*

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે કુર્આનના દરેક હર્ફનો એક જાહેર તથા એક

બાતિન છે. વળી જાહેર તથા બાતિન માટે એક હદ શરૂઆત અને એક હદ અંત છે. હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ એ اعوذباللّٰہ તથા بسم اللّٰہ માં લાખો મસાઈલનો ઉલ્લેખ કયો છે. વિના શંકાએ કુર્આને અઝીમમાં ઈલ્મે અર્દ, ઈલ્મે ફલકિયાત, ઈલ્મે રિયાઝી, ઈલ્મે નફસ, ઈલ્મે ઈન્સાન, ઈલ્મે તિબ્બ, ઈલ્મે હયઅત, ઈલ્મે મીરાષ, ઈલ્મે તાબીર, ઈલ્મે ફસાહત વ બલાગત, ઈલ્મે રિજાલ, ઈલ્મે દઅવત, ઈલ્મે તસવ્વુફ, ઈલ્મે તારીખે અક્વામ, ઈલ્મે મઅદનિયાત, ઈલ્મે તિજારત વ મઅશિયત, ઈલ્મે રૂઅયા, ઈલ્મે તફસીરે કુર્આન, ઈલ્મે હયાત, ઈલ્મે તબઈય્યાત, તથા ઈલ્મે રમૂઝે કુર્આનના અગણિત મસાઈલ મૌજૂદ છે. (એટલે કે ભૂગોળ વિશે, અવકાશ શાસ્ત્ર વિશે, ગણિતશાસ્ત્ર, જીવ શાસ્ત્ર, માનવ શાસ્ત્ર, મેડિકલ વિદ્યા, ખગોળ શાસત્ર, વારસા વિશે જ્ઞાન, તાબીર વિશે, વાણી શાસ્ત્ર....વગેરે મસાઈલ મૌજૂદ છે.)

કુર્આને કરીમની કુલ ૬૬૬૬ મુબારક આયતો છે અને એમાંથી લગભગ ૬૦૦ કુર્આની આયતો સાયન્સી વિષયો તથા ઈલ્મોથી સંબંધિત છે, જેથી મુસ્લિમ વિજ્ઞાનીઓએ હમેશાં એ વિષયો પર તેહકીકી (સંશોધનાત્મક) કામ કર્યુ છે. મુસ્લિમ વૈજ્ઞાનિકોમાં કંદી, રાઝી, ફારાબી, ઈબ્ને સીના, ઈમામ રાઝી, ઈબ્ને હૈષમ, ઈબ્ને રશદ તથા અલ્લામા અબૂ રયહાન, અલ્બૈરૂનીના નામો અગ્રસ્થાને છે. એનાથી એ સાફ જાહેર છે કે ઈસ્લામે જ સાયન્સી ઈલ્મો–વિદ્યાઓનો પાયો રાખ્યો છે જેનાં ફળો આજે પૂરી દુનિયામાં જાહેર થઈ રહ્યાં છે. પશ્ચિમના પ્રગતિશીલ ઈલ્મો વિદ્યાકલાઓ એ અસલમાં ઈસ્લામને જ આભારી છે જેનો જાહેરમાં સ્વીકાર પશ્ચિમના બુધ્ધિજીવીઓને પણ છે.

**બ્રિટનના પ્રખ્યાત લેખક બ્રિફોલ્ટ પોતાની કિતાબ 1919 Making of Huminityના પેજ ૧૦૯ પર લખે છે કે :–**

જો યૂરોપની પ્રગતિનું કોઈ એવું પાસુ નથી જેમાં ઈસ્લામી સંસ્કૃતિની નિર્ણયાત્મક અસરનાં નિશાનો મૌજૂદ ન હોય, પણ એ અસર ક્યાંય એટલી સ્પષ્ટ તથા મહત્વની નથી જેટલી કે એની શક્તિના પ્રદર્શનમાં છે. જે અર્વાચીન જગતની ખાસ તથા મજબૂત શક્તિ અને એની કામયાબીનું સૌથી મહાન રહસ્ય છે. એટલે ''ચીજોની હકીકતોની તલાશ અને વૈજ્ઞાનિક વિચારધારા.''

પ્રખ્યાત અંગ્રેજ તત્વચિંતક થોમસ કાર્લાઈલ (જન્મ : ૧૭૯૫, મૃત્યુ : ૧૮૮૧) કુર્આને અઝીમના અભ્યાસ બાદ પોતાના પ્રત્યાઘાતોને આ સોનેરી અક્ષરોમાં ઈતિહાસકારોનાં પૃષ્ઠો પર અંક્તિ કરે છે કે :

''કુર્આનના હુકમો એટલા પ્રમાણમાં બુદ્ધિ તથા હિકમતના પ્રમાણે લાગુ થયેલા છે કે જો માણસ સહીહ દષ્ટિએ જુએ તો તે એક પાકીઝા જિંદગી પસાર કરી શકે છે. ઈસ્લામી શરીઅત ઉચ્ચ કક્ષાના બુદ્ધિજન્ય હુકમોનો સમૂહ છે. મારી દષ્ટિએ કુર્આનના સર્વ ભાવાર્થોમાં સત્યનું જૌહર હદ દરજાએ ઉપર તરી આવે છે એ રીતે મૌજૂદ છે. કુર્આન મુસલમાનોનો એવો સંયુક્ત કાનૂન છે કે જેમાં સામાજિક, આર્થિક, વ્યાપારિક, ફોજી, અદાલતી, સજાને લગતા તમામ મામલાઓ એમાં જોવા મળે છે, તેમ છતાં એ એક મઝહબી કિતાબ છે જેણે સૃષ્ટિની સર્વ બનાવટોની સ્પષ્ટતા તથા તાબીરને ઈલ્મ તથા વિદ્યાકલાની દુનિયા સામે રજૂ કરેલ છે.

**યૂરોપના મહાન વિજેતા નેપોલિયન બોનાપોર્ટ (૧૭૬૯–૧૮૯૩) એ કહ્યું કે :–**

''મધ્ય યુગમાં ઈસ્લામી ઈતિહાસ સંસ્કાર તથા સભ્યતાનો ઈતિહાસ છે. અમો મુસલમાનોના આભારી છીએ કે તેમણે યૂરોપની જાગૃતિના માટે યૂનાની ફિલોસોફી તથા વિજ્ઞાનને મરવાથી બચાવી લીધેલ છે અને એ શાનદાર યુગનો પ્રારંભ કર્યો જેણે રોઝર બેકોન (૧૨૧૪)ની ફિલોસોફીને ઠીક કરી. પૂરાણા જગત પર મુસીબતોએ પોતાના ઊંડા સાયા

નાખી દીધા હતા. મુસલમાનોના મહાન પયગંબર હઝરત મુહમ્મદ ﷺએ દુનિયાની સામે કુર્આન પેશ કરીને આધુનિક યુગનો પાયાનો પથ્થર રાખ્યો. ઈસ્લામી સંસ્કૃતિ તે છે જ્યાં વંશિક તથા ધાર્મિક ભેદભાવને અવકાશ નથી.'' તે આગળ લખે છે :–

''હઝરત મૂસા (علیہ السلام)એ પોતાની ક઼ૌમને, હઝરત ઈસા (علیہ السلام)એ રોમીઓને અને હઝરત મુહમ્મદ (ﷺ)એ પૂરી પૂરાણી દુનિયાને અલ્લાહની જાતની ઓળખ કરાવી. આર્ય ક઼ૌમો તથા કેટલાય અન્ય ફિર્ક઼ાઓએ ત્રણ ખુદાની માન્યતા પર ચર્ચાઓ કરીને એશિયાની શાંતિ તથા સુકૂન બર્બાદ કરી નાખ્યાં હતાં. હઝરત મુહમ્મદ ﷺએ એલાન કર્યું કે અલ્લાહ વહદહૂ લાશરીક (એક છે તેનો કોઈ શરીક નથી), તેનો બાપ છે ન બેટો. અને એ માન્યતા મૂર્તિ પૂજાનું એક સ્વરૂપ છે (ઈસાઈ માન્યતા કે ઈસા ખુદા તથા ખુદાના પુત્ર છે) હઝરત મુહમ્મદ ﷺએ કુર્આનના હેડિંગ પર લખ્યું, ''અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી.'' મને ઉમ્મીદ છે કે તે સમય દૂર નથી જ્યારે હું દુનિયાના તીવ્ર બુદ્ધિશાળી તથા એજ્યુકેટેડ વ્યક્તિઓને એક કરવાને માટે કાબેલ થઈ જઈશ, કેમ કે કુર્આનના સાચા નિયમો જ માનવ સમસ્યાઓની ખુશહાલની સાથે રહનુમાઈ કરી શકે છે.''

અફસોસ ! કે આ મહાન વિજયીને પોતાની સૌથી પ્રિય ઈચ્છાને પૂર્ણ કરવાનો મોક઼ો ન મળી શક્યો. અંગ્રેજોની સાઝિશ તેને લઈ ડૂબી, નહીં તો આજે અર્વાચીન યૂરોપથી લઈને અખંડ ભારત સુધીનો અમલી, વૈચારિક તથા ધાર્મિક નક઼શો જ કાંઈ જુદો હોત.

**પ્રો. હરબર્ટ વેલ્સે (૧૮૯૫–૧૯૪૬) લખ્યું છે કે :** ''કુર્આન જે અખ્લાક઼ી હિદાયતો (સુસંસ્કારની સૂચનાઓ) તથા બુદ્ધિપૂર્ણતા (શાણપણ)ની વાતોથી ભરપૂર છે, તે એવા સમયે દુનિયાની સામે રજૂ થયું જ્યારે ચો તરફ અજ્ઞાનતાનો અંધકાર છવાયેલો હતો. પૃથ્વી પર કોઈ જગા એવી ન હતી જ્યાં નેકી (ભલાઈ)ઓનો રિવાજ હોય અને કોઈ ગૃપ એવું ન હતું જે સીધા માર્ગે ચાલતુ હોય. કુર્આને માનવ જગતની જબરદસ્ત સુધારણા કરી અને જંગલીઓને સંપૂર્ણ માનવી બનાવી દીધા. જે વ્યક્તિઓએ એના વિષયો પર વિચારણા કરી છે તેઓ એ વાતને સમજે છે કે તે એક સંપૂર્ણ સન્માર્ગનો ક઼ાનૂન છે. માનવ જીવનનું કોઈ પણ ક્ષેત્રે લઈ લો, અશક્ય છે કે એ ક્ષેત્રમાં તેની (કુર્આનની) તા'લીમાત તેનું માર્ગ દર્શન ન કરતી હોય. મારો ખયાલ છે કે જો એ તા'લીમાત પર અમલ કરવામાં આવે તો એક સમજદાર દીર્ઘ દષ્ટિવાળો માણસ એક જ સાથે દુનિયવી તથા રૂહાની (આધ્યાત્મિક) પ્રગતિ સાધી શકે છે. કુર્આન સંપૂર્ણ હિદાયત (માર્ગદર્શન)ની કિતાબ છે. જિંદગીના સર્વ તક઼ાદાઓને પૂરા પાડે છે. તેનો પાયાનો હેતુ માનવ જાતને દરેક એતબારથી સદ્‌ગુણોવાળો બનાવવાનો છે અને એ આસમાની ધર્મોનું અંતિમ તથા સંપૂર્ણ એડીશન છે.''

**ડો. રાડેલ (૧૮૮૩–૧૯૪૯ ઇંગ્લેન્ડ) લખે છે કે :–**

''કુર્આને પ્રથમ તો અરબ દ્વિપના વિવિધ રણવાસી ક઼બીલાઓને એક ક઼ૌમમાં તબદીલ કરી દીધા, ત્યારબાદ તેણે ઈસ્લામી જગતની તે અઝીમુશ્શાન રાજકીય તથા ધાર્મિક જમાઅતો સ્થાપિત કરી જે આજે યૂરોપ તથા પૂર્વના માટે એક મહાન શક્તિનો દરજો ધરાવે છે. કુર્આનની વિશિષ્ટતા એ છે કે તે એક આધુનિક અમલી ચળવળની શરૂઆત કરનાર છે જેણે મધ્યયુગમાં બેહતરીન દિલો દિમાગવાળા યહૂદી તથા ઈસાઈ પર ગાઢ અસર છોડી છે. સંશોધનોથી એ જાહેર થઈ ગયું કે યૂરોપમાં ઈલ્મના આધુનિક યુગથી કેટલીય સદીઓ પહેલાં યૂરોપના સ્કોલર્સ, ફિલોસોફરો ભૂગોળ, ખગોળ શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર (Astonomy) તથા અન્ય ઈલ્મો–વિદ્યાઓના સંબંધે જે કાંઈ જાણતા હતા તે લગભગ સંપૂર્ણપણે અસલી અરબી કિતાબોના લાતિની અનુવાદોના થકી તેમને હાંસલ થયું હતું. એ

કુર્આનનું જ કારનામુ છે કે તેણે શરૂમાં એ વિદ્યાઓ હાંસલ કરવાનો શોખ તથા ઉમંગ અરબો તથા તેમના દોસ્તોમાં પેદા કર્યો." આગળ વધુમાં લખે છે :–

"એ ચોક્કસ સ્વીકારવું પડશે કે અલ્લાહ તબારક વ તઆલા વિશે જે વિચારધારા સિફતો, કુદરત, ઈલ્મ, આમ રબૂબિયત તથા વહદાનિયત સંબંધે કુર્આનમાં મૌજૂદ છે એના જેવી ક્યાંય જોવા નથી મળતી. એ કારણે કુર્આન શ્રેષ્ઠ પ્રશંસા તથા વખાણને પાત્ર છે. કુર્આને એ સાબિત કરી આપ્યું કે આ કિતાબની તા'લીમમાં એવી ખૂબીઓ મૌજૂદ છે જેના થકી જબરદસ્ત કૌમો તથા વિજયો પામનારી સલ્તનતો બની શકે છે, એની તા'લીમમાં તે તમામ ઉસૂલો મૌજૂદ છે જે ઈલ્મી શક્તિઓનો શ્રોત છે. આ કુર્આન દરેક પ્રકારની હેરફેરથી પાક છે."

**કાઉન્ટ ટોલ્સટોય રશિયન લેખક (૧૮૨૮–૧૯૧૦) લખે છે કે :–**

"આ કિતાબ (કુર્આન) વિશ્વના માનવો માટે એક શ્રેષ્ઠ માર્ગદર્શક છે. એમાં સંસ્કૃતિ, સભ્યતા, સામાજિકતા, સંસ્કાર તથા સભ્યતાની ઉચ્ચ તા'લીમાત મૌજૂદ છે. જો કેવળ આ કિતાબ જગત સમક્ષ હોત, અન્ય કોઈ સુધારક (Reformer) પેદા ન થાત તો પણ એ માનવ જગતની રહનુમાઈ કરવા માટે પૂરતી હતી. તે નિયમો તથા ઉસૂલો જે ફિલોસોફી તથા હિકમત પર આધારિત છે, જેનો પાયો અદ્લો ઈન્સાફ પર છે, જે દુનિયાની ભલાઈ તથા ઈસ્લામની તા'લીમ આપે છે, તેમાંથી એક ભાગ પણ એવો નથી જે કુર્આનમાં ન હોય. તે મધ્યમ માર્ગ તથા મધ્યમ ચાલનો માર્ગ દેખાડે છે. ગુમરાહીથી બચાવે છે. અખ્લાકી કમજોરીઓથી કાઢીને ફઝાઈલની રોશનીમાં લાવે છે અને માનવ જિંદગીની ખામીઓને કમાલમાં ફેરવી નાખે છે."

**એક ફ્રાંસીસી ઈતિહાસકાર લખે છે કે :**

"ઈસ્લામ હકીકતમાં એક પ્રકારનો સામૂહિક મઝહબ છે જેને દુનિયાએ હક્ક માન્યો છે. કુર્આનમાં તે સર્વ લાભો મૌજૂદ છે જેનાથી વર્તમાનકાળની સભ્યતા બની છે. ઈસ્લામે જ દુનિયાની સામાજિક પ્રગતિના માટે દરેક પ્રકારના ઝરીયા યૂરોપને એક સાથે પહોંચાડયા છે. જો ધારો કે પૃથ્વીના પટ પરથી ઈસ્લામ નષ્ટ થયો, મુસલમાન નેસ્તો નાબૂદ થઈ ગયા અને કુર્આનની હુકૂમત (ચલણ) જતી રહી તો દુનિયામાં અમ્નો અમાન (શાંતિ) કદાપિ સ્થાપિત રહેશે નહીં. પૃથ્વીના પટ પરથી જો કુર્આનની હુકૂમત જતી રહી તો દુનિયાનો અમ્નો અમાન કદી સ્થાપિત રહી શકશે નહીં. કુર્આન કેવળ ધાર્મિક કાનૂનો તથા આદેશોનો સંગ્રહ જ નથી બલ્કે એમાં સામૂહિક તથા સામાજિક આદેશો પણ છે જે માનવ જીવનના સર્વ ક્ષેત્રોના માટે લાભદાયક છે."

**ડો. કળોકળ લખે છે કે :–**

"આ કિતાબ (કુર્આન)ની મદદથી અરબોએ સિકંદરે આ'ઝમની તથા રોમીઓની સલ્તનતોથી પણ મહાન સલ્તનતો ફતહ કરી લીધી. વિજયોનું જે કામ રોમીઓ થકી સેંકડો વરસોમાં થયુ હતું, અરબોએ તેને દસમા ભાગના સમયમાં પહોંચાડી દીધું. એ જ કુર્આનની મદદથી જગતની કૌમોમાં એ એઝાઝ કેવળ મુસલમાનોને હાંસલ છે કે તેઓ શાહાના હૈસિયતથી ત્યાં દાખલ થયા જ્યાં ફ્રાંસવાસીઓ વેપારી તથા યહૂદી શરણાર્થીઓ તથા કેદીઓની હાલતમાં પહોંચ્યા હતા. એ અરબોએ માનવ જાતને રોશની દેખાડી જ્યારે કે ચારેવ તરફ અંધકાર છવાયેલો હતો. એ અરબોએ યૂનાનની બુદ્ધિ તથા સમજને જીવંત કરી અને પૂર્વ તથા પશ્ચિમને ફિલોસોફી, મેડિકલ તથા ખગોળ વિજ્ઞાનની તા'લીમ આપી અને વર્તમાન સાયન્સી વિદ્યાઓના પ્રચાર તથા પ્રસારમાં નોંધપાત્ર હિસ્સો લીધો.

**જર્મન સ્કોલર ગોઈટેએ જાહેરમાં એ વાતનો સ્વીકાર કર્યો છે કે :–**

"આ કિતાબ (કુર્આન)ની મદદથી અરબોએ સિકંદરે આ'ઝમના વિજયો તેમજ રોમીઓની મહાન

સલ્તનતથી વિશાળ સલ્તનત ફતહ કરી લીધી. કુર્આનનો કાનૂન વિના શંકાએ બાઈબલના કાનૂનથી અધિક અસરકારક છે.''

**What Happend in Historyના લેખક V.Gordon Childe (1892-1957) લખે છે કે :**

''હું તો ત્યાં સુધી કહું છું કે યૂરોપના કરારો, યૂરોપની રક્ષણાત્મક તદબીરો, યૂરોપની રાજકીય એકતા તથા આંતર રાષ્ટ્રીય પાર્લામેન્ટ અથવા હુકૂમતની તજવીઝ તથા અન્ય બીજી યુક્તિઓ (તદબીરો) નિષ્ફળ તથા નિરર્થક રહેશે, જો તેના પાયાઓમાં ખુદાના ખયાલ તથા સંસ્કારિક નિયમોને સ્થાન ન આપવામાં આવ્યું. જેવી રીતે વિશ્વશાંતિ માટે ઘણા નુસ્ખા અજમાવવામાં આવ્યા છે તેવી જ રીતે મઝહબનો આ નુસ્ખો પણ અજમાવીને જોઈ લેવો જોઈએ. જો એના માટે કોઈ તૈયાર થાય તો હું સલાહ આપીશ કે તેઓ એના અનુસંધાનમાં કુર્આનને હરગિઝ નઝરઅંદાઝ ન કરે (તેનાથી વિમુખ ન થાય) કેમ કે આ માર્ગના માર્ગદર્શનમાં આ કિતાબ (કુર્આન)થી વધીને કોઈ અન્ય કિતાબ રોલ ભજવી શકતી નથી.''

**એઅજાઝે કુર્આનીનું આ જ તે પાસુ હતું જેને જોઈને બ્રિટનનો મશહૂર ઈતિહાસકાર એડવર્ડ ગિબન (૧૭૩૭-૧૭૯૪) અનાયાસે પોકારી ઉઠ્યો કે :-**

''કુર્આનના સંબંધે આટલાંન્ટિક સમુદ્રથી લઈને ગંગાના દરિયા સુધીએ માની લીધુ છે કે એ પાર્લામેન્ટની રૂહ છે અને કેવળ મઝહબના ઉસૂલ માટે નહીં બલ્કે સજાઓના હુકમોના માટે અને કાયદાઓ માટે પણ છે હકીકત એ છે કે હઝરત મુહમ્મદ ﷺની શરીઅત સૌના પર છવાય ગયેલ છે. આ શરીઅત એવા દાનિશમંદાના (શાણપણભર્યા) નિયમો તથા એ પ્રકારના કાનૂની અંદાઝ પર સંપાદિત થઈ (રચાઈ) છે કે આખા જગતમાં એનું દષ્ટાંત નથી મળતુ.''

**ઈંગ્લિશ ઈતિહાસકાર લેખક અને મેમ્બર ઓફ બર્થ પાર્લામેન્ટ-લંડન (૧૭૭૪-૧૭૮૪) જણાવે છે :**

''કુર્આને અઝીમ આપણી વ્યક્તિગત તથા સામૂહિક જિંદગીનો પાયો છે. વિશ્વની અગણિત કિતાબો આપણા અભ્યાસમાં રહે છે. આંતર રાષ્ટ્રીય દર્સગાહો (યુનિવર્સિટીઓ)થી આપણે વિવિધ વિષયો પર ડિગ્રીઓ પણ હાંસલ કરીએ છીએ, પરંતું એક અતિશય મહત્વની કિતાબ ''કુર્આન''ની તરફ આપણુ ધ્યાન નથી જતું. એ વાત મોટાભાગે અનુભવવામાં આવી છે કે જે શખ્સ જેટલો શિક્ષિત હશે તેનામાં એ વાતની અધિક શક્યતાઓ મૌજૂદ છે કે તે કુર્આને અઝીમને અધિક સારા તથા બેહતર અંદાઝમાં સમજી શકશે.'' કુર્આને અઝીમની અઝમતનો એહસાસ દરેક મો'મિન બંદાના માટે દીની તથા ઈલ્મી ફરીઝો છે. દુનિયામાં જેટલી પણ ઈલ્મી તથા વૈચારિક ક્રાંતિઓ આવી છે સૌ એના તરફ જ પલટાયેલ જોવા મળે છે. આ કિતાબના વાંચન (પઢયા) બાદ એ યકીન થઈ જાય છે કે સૃષ્ટિનો વૈજ્ઞાનિક ઈલ્મ (જ્ઞાન) એક મો'મિનનો વારસો જેને બદ કિસ્મતીથી તે કેટલીય સદીઓ પહેલાં ગુમાવી ચૂક્યો છે. કુર્આને અઝીમમાં ૨૫૦ વખતથી અધિકવાર મુસલમાનોનું ધ્યાન સાઈન્સી હકીકતો તથા અનુભવોની તરફ દોરવામાં આવેલ છે. આપણે આપણી આ ગુમ થયેલ મૂડીને ફરીથી કેવી રીતે હાંસલ કરી શકીએ છીએ, એના માટે કોશિશ કરવી જોઈએ.

નજીકના ભૂતકાળના મુસ્લિમ મુફક્કિરોમાં શાઈરે મશ્રિક અલ્લામા ડો. મુહમ્મદ ઈકબાલની કોશિશો કુર્આની ઈલ્મોને જીવંત કરવા માટે ઘણી જ આગળ પડતી રહી છે. પશ્ચિમી યુરોપની અર્વાચીન દર્સગાહો (યુનિવર્સિટીઓ)ના ઈલ્મ તથા વિદ્યાના વિદ્વાનોને કુર્આને અઝીમની સાઈન્સી હકીકતોની પ્રતિ ધ્યાનિત કરાવવામાં તેમની સેવાઓ ન ભૂલાવી શકાય તેવી છે. તેમનું મંતવ્ય એ હતું કે :

"વર્તમાનકાળમાં ઈલ્મે કલામ (માન્યતા સંબંધી જ્ઞાન)નો પાયો પણ અર્વાચીન અનુભવ પામેલ ઈલ્મોની શોધો પર મજબૂત હોવો જોઈએ. એના માટે એનાં પરિણામો કુર્આની હકીકતોના એક્સપોઝ થવાના ((ઉઘડવાના) મુતાબિક છે. દીનનો સાઈન્ટિફિક ઈલ્મ વર્તમાન મુસલમાનોના અકીદાને ઔર મજબૂત કરી આપશે." તેમણે વધુમાં ફર્માવ્યું કે, "કલાસિકલ ફિઝિક્સે ખુદ પોતાના પાયાની રજૂઆતોની ટીકા કરવાનુ શીખી લીધુ છે, તેના પરિણામે ભૌતિકતાનો તે પ્રકાર જેના પર શરૂમાં તેના પાયાને મજબૂત કરવો જરૂરી સમજવામાં આવતો હતો તે ઝડપથી અદ્રશ્ય થતો જઈ રહ્યો છે, અને તે દિવસ દૂર નથી જ્યારે ધર્મ અને સાયન્સ પોતાની આ આપસની એકરૂપતાને શોધી કાઢશે જેની હજી સુધી કલ્પના નથી કરી શકાતી." (**Celonst ruction lecturs**)

વિના શંકાએ મઝહબ સાઈન્સી માપદંડથી (કક્ષાથી) કેટલાય અંશે બુલંદ છે. એની આપસમાં કોઈ સરખામણી નથી થઈ શકતી. વર્તમાનકાળના ચિંતકોએ એ વાતનો જાહેર એકરાર કર્યો છે. એ જ કારણે અલ્બર્ટ આઈન્સટાઈન (૧૮૭૯–૧૯૫૫) અને અન્ય વિજ્ઞાનીઓના લખાણોમાં ઠેક ઠેકાણે કુર્આની શબ્દો અથવા કુર્આની સમજ થકી હાંસલ થયેલ તાબીરો મળે છે. તેણે પોતાના વૈચારિક ટકરાવની મુશ્કેલી ખડી કરતી મંઝિલોએથી પસાર થતાં કેટલીયે વાર પાવરફુલ શક્તિનો અનુભવ કર્યો છે. ગણિતશાસ્ત્રની મંઝિલ સુધી પહોંચવામાં ઈસ્લામનો વૈચારિક તથા સમજને લગતો ઈન્કિલાબ દરેક પળે તેમના હાલમાં શરીક રહ્યો. તે પોતે લખે છે કે :–

"દુનિયામાં નવા યુગનું આગમન થઈ રહ્યું છે, એમાં એવા ધર્મનું શાસન હશે જે વિજ્ઞાનથી બેહતર તથા ચઢિયાતો હશે, અને સાયન્સ જેની ઉચ્ચતાનો સ્વીકાર કરશે, તે ઈસ્લામ ધર્મ તથા કુર્આન હશે.

કુર્આને અઝીમે આ સર્વ વિષયોનો અતિશય સમૃધ્ધપણે ઘેરાવ કરેલ છે જેને જેમને સૃષ્ટિની (આસમાન તથા જમીન) તાબીરમાં અલ્લાહની આયતો અને તેની હિકમતોથી યાદ કરવામાં આવે છે. જયારે માણસ કલામે ઈલાહી (કુર્આન)ની તિલાવત કરે છે તો વિના ઈરાદે તેનું ધ્યાન તે આયતોમાં વર્ણન કરેલ હિકમતોની તરફ થઈ જાય છે. આવી સ્થિતિમાં તે પોતાના ઝમીર (અંતર આત્મા)ના અવાજ પર મજબૂર છે કે તે હિકમતો પર વિચારણા કરે અને બનાવોનું કુર્આનની રોશનીમાં પરિક્ષણ કરે. આવું કરવાથી માણસ પર એ આશ્ચર્યજનક ભેદ ખુલશે કે કુર્આન માનવજીવન પર પણ એ જ પ્રમાણે છવાયેલુ છે જેવી રીતે તે સૃષ્ટિની બીજી ચીજો પર છે. એની હિકમત રજકણ રજકણથી જાહેર છે. ઈસ્લામ ધર્મની ખૂબી છે કે એ સાઈન્સી દષ્ટિને માનવના રૂહાની ફઝાઈલમાંથી દરેકના માટે جزولا یتجزی ની હૈસિયત ધરાવે છે અને એ તેની કાયમી સ્થિરતાની ઘણી મહાન દલીલ છે.

**વો ઈલ્મ કમ બસરી જિસમેં હમ કિનાર નહીં તજલ્લિયાતે કલીમ વ મુશાહિદાતે હકીમ !**

દુનિયાના અન્ય સર્વ ધર્મોની કિતાબો પણ મશહૂર છે, તેમ છતાં કુર્આને અઝીમના સિવાય બાકીની કિતાબોના વિશે ઈલ્મી જગત બલ્કે ખુદ એમના માનવાવાળાઓને પણ એ એકરાર છે કે એ (કિતાબો) મૂળ હાલતમાં મૌજૂદ નથી ! ખાસ કરીને બાઈબલના વિશે મશહૂર મેગેઝિન **Life** (લાઈફ)નું વર્ણન છે કે તે માણસની લખેલી કિતાબ છે, તેના મોટાભાગના શબ્દો તે લોકોનું લખાણ છે જેમનાં નામો પણ આપણને ખબર નથી ! અને ઈસાઈયતની ફેલાયા પછી તો ગલતીઓ વધતી રહી, ત્યાં સુધી કે 'અહદનામા જદીદ'માં 'અહદનામા કદીમ' કરતાં પણ અધિક તબદીલીઓ થઈ."

*(રિસાલા લાઈફ, બાઈબલના વિષયમાં, ૧૯–૪–૧૯૬૫)*

કુર્આને અઝીમ હુઝૂર નબી અકરમ ﷺનો નકારી ન શકાય તેવો મોજિઝો છે જેની અસરો તથા એજાઝો (મોજિઝા, ચમત્કારો) કયામતની સવાર સુધી જાહેર થતા રહેશે અને કુર્આનની સચ્ચાઈ તથા હક્કાનિયતના માટે દલીલ બનતા રહેશે. અલ્લાહ ﷻએ માણસને ''કલમ''ના થકી ઈલ્મ શીખવાડયો અને તે જ દરેક ક્ષણે માનવ ઈલ્મ તથા પહોંચમાં વધારો કરતો જઈ રહ્યો છે. કુર્આને જે હકીકતો સદીઓ પહેલાં વર્ણન કરી હતી, આજે બુધ્ધિ તથા ફિલોસોફીના તરીકા પર ચાલવાવાળા સંશોધન તથા ખોજની રાહ પર ચાલનારા પૂર્વ તથા પશ્ચિમના વિધ્વાનો પણ એનો જ સ્વીકાર કરી રહ્યા છે. અર્વાચીન યુગની વૈજ્ઞાનિક શોધો કુર્આને અઝીમની આભારી છે. મેડિકલ, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, સામાજિક વિદ્યા અને વૃદ્ધિકરણ આ એવા ઠોસ અને કઠિન ઈલ્મો તથા વિદ્યાઓ છે જેના પાયા કુર્આને અઝીમે પૂરા પાડેલ છે. ગુમાન તથા ધારણા (વહેમ) તથા અધર્મી ફિલોસોફીઓની સામે સાઈન્સી દષ્ટિ બિંદુ હેઠળ કુર્આને અઝીમે નષ્ટ ન થનારી હકીકતોથી માહિતગાર કર્યા છે. આ રીતે જે કુર્આની હકીકતોનું સમર્થન થઈ રહ્યું છે તે આજના શોધકો માટે દલીલ બની રહી છે.

એના બારામાં કેટલાક કુર્આની આદેશો રજૂ કરીએ છીએ. રબનો આદેશ છે :–

اَوَ لَمۡ یَرَ الَّذِیۡنَ کَفَرُوۡۤا اَنَّ السَّمٰوٰتِ وَ الۡاَرۡضَ کَانَتَا رَتۡقًا فَفَتَقۡنٰہُمَا ؕ وَ جَعَلۡنَا مِنَ الۡمَآءِ کُلَّ شَیۡءٍ حَیٍّ ؕ اَفَلَا یُؤۡمِنُوۡنَ ﴿۳۰﴾

''શું એ કાફિરોના ઈલ્મમાં એ વાત નથી આવી કે પહેલાં આકાશ તથા જમીન જોડાયેલ એક જ ચીજ હતાં, પછી અમે તેમને અલગ અલગ કરી દીધાં. એ કે દરેક જીવંત ચીજને અમે પાણી વડે પેદા કરી, તો પછી એઓ શા માટે ઈમાન નથી લાવતા ?

*(સૂ. અંબિયા, ૨૧/૩૦)*

વર્તમાનકાળના નાસ્તિકપણુ ધરાવતા ફિલોસોફરો, ઈસ્લામના મુન્કિરોએ પણ આ કુર્આની આયતની મહાનતા તથા સચ્ચાઈને જોઈ લીધી છે. તેઓ આ આયતે કરીમામાં વર્ણવેલ હકીકતોને દુનિયાની સમક્ષ લાવી રહ્યા છે, અને આ રીતે રબ તઆલાના કૌલ (કથન) તથા મુસ્તફા ﷺના મોજિઝાનું સમર્થન થઈ રહ્યું છે.

રબ તઆલાએ બીજા ઠેકાણે ઈર્શાદ ફર્માવ્યો :

ثُمَّ اسۡتَوٰۤی اِلَی السَّمَآءِ وَ ہِیَ دُخَانٌ فَقَالَ لَہَا وَ لِلۡاَرۡضِ ائۡتِیَا طَوۡعًا اَوۡ کَرۡہًا ؕ قَالَتَاۤ اَتَیۡنَا طَآئِعِیۡنَ ﴿۱۱﴾

''પછી આકાશને બનાવવાની તરફ ધ્યાન કર્યું, તે એ વખતે ધુમાડા જેવું હતું. તો તેને તથા જમીનને કહ્યું તમો બંને ખુશી ખુશી (અસ્તિત્વમાં) આવો. (છૂટકે ના છૂટકે) બંનેવે કહ્યું કે અમો ખુશીથી હાજર છીએ.''

*(સૂ. ફુસ્સિલત, ૪૧/૧૧)*

## સૃષ્ટિના સર્જન વિશે આધુનિક વૈજ્ઞાનિક માન્યતાઓ

હવે જુઓ વર્તમાનકાળના વૈજ્ઞાનિકો ખુદ એ વાતોને વર્ણવી રહ્યા છે. દા.ત. પ્રખ્યાત અણુ વિજ્ઞાની જ્યોર્જ ગેમો (૧૯૦૪–૧૯૬૮) જણાવે છે :

''વાતાવરણ પુષ્કળ શક્તિવાળાં ગામા કિરણો (**High Energy Gama Radiation**)થી ભરપુર હતું, પરંતું વર્તમાન માદ્દાનું વજન ખાસ જમીનથી ઉપરના વાતાવરણની હવા જેવું હતું. આપણી સૃષ્ટિના સર્જનની તારીખના પહેલા કલાક પછી સૃષ્ટિમાં ૩૦ લાખ વરસો સુધી કોઈ ખાસ બનાવ ન બન્યો. લગભગ એ જ જમાના વિશે કુર્આને કહ્યું છે કે સર્વ આકાશ ધૂમાડા તથા ગેસના સ્વરૂપમાં હતું.'' વધુમાં એ લખ્યું છે કે, ''પાયાની ચીજ કે જેનાથી સૃષ્ટિ બની છે તે અસલમાં હાઈડ્રોજન (**Hydrogen**) છે. એ ગેસ જે નવ સર્જન પામેલ અણુઓથી મિશ્રિત હતો

તે ફેલાતો રહ્યો." એના જ સંબંધે કુર્આનનો આદેશ છે કે : وَالسَّمَآءَ بَنَيۡنٰهَا بِاَيۡىدٍ وَّاِنَّا لَمُوۡسِعُوۡنَ

"આસ્માનને અમે અમારા કુદરતના હાથ વડે બનાવ્યું અને અમે તેના વિશાળ કરનાર અને ફેલાવનાર છીએ." *(સૂ. ઝારિયત, ૫૧/૪૭)*

મોટાભાગના વૈજ્ઞાનિકો એ વાતને માનનારા છે કે સૃષ્ટિનું એ ફેલાવું અત્યારે પણ ચાલુ છે, એટલે દરેક ક્ષણે આ સૃષ્ટિ વિસ્તરતી તથા ફેલાતી જઈ રહી છે, સાથોસાથ નવા અણુઓથી મિશ્રિત ગેસની ઉષ્માની કક્ષા (ડિગ્રી) ક્રમે ક્રમે ઓછાથી ઓછી થઈ રહી છે.

જ્યારે માદ્દો સર્જન પામી ચૂક્યો તો ન્યૂટનવાળુ વજનનું આકર્ષણ ઉપસ્થિત થવા લાગ્યું અને એણે એક સરખી સ્થિતિના ગેસને મહાન વાદળોના રૂપમાં ફેરવી દીધાં જેને ખગોળ શાસ્ત્રની ભાષામાં **Gigantic Cloud**માં ફેરવાવું કહે છે અને શરૂની આકાશગંગામાં **Proto Glaxies** બની ગયો. સૃષ્ટિ એ વખતે પણ ગરમ હતી, જો કે સંપૂર્ણપણે અંધારુ જ અંધારુ હતું.

**નોંધ** : કુર્આને અઝીમે જે કહ્યું છે :

وَكَانَ عَرۡشُهٗ عَلَى الۡمَآءِ "તેનો અર્શ પાણી પર હતો." *(સૂ. હૂદ, ૧૧/૭)* એમાં લગભગ એ મોકાની તરફ ઈશારો છે. અર્શનું પાણીની ઉપર હોવાનો મતલબ એ છે કે એ વખતે પણ એ જ વજૂદના સરમાયા પર આધારિત હતી અને એની સત્તા કાયમ હતી. એ પણ થઈ શકે છે કે આ આયત પાણીના બનવાના દૌરથી સંબંધિત હોય. અલ્લાહ બેહતર જાણનાર છે.

કઈ રીતે ચમકતા તારાઓ તથા પૃથ્વી અસ્તિત્વમાં આવ્યાં છે તેની સંપૂર્ણ વિગત કુર્આને અઝીમમાં દર્શાવવામાં આવેલ છે અને વિશ્વના સર્વ વૈજ્ઞાનિકો કુર્આની જાહેરાતને સ્વીકારવા માટે મજબૂર છે. મશહૂર ખગોળ શાસ્ત્રી ફ્રેડ હોલે (૧૯૧૫–૨૦૦૧) U.K. સૃષ્ટિના સર્જનને એક પેરેગ્રાફમાં આ રીતે સમાવે છે.

*The sum up stages first a uhirling disc of gas. Then eodies, clouds, condensation, finally stars. (the nature of the unnerse) Page 77*

"ટૂંકમાં એ કે પ્રથમ ગેસનો ઘુમતો એક ગોળો, પછી તેમાં લહેરો તથા ભંવરો, પછી વાદળ, પછી ઘનીકરણ, પછી તારાઓ, સૂરજ, ગ્રહો." કુર્આની બોલીમાં એને આ પ્રમાણે કહેવામાં આવે : પ્રથમ બાષ્પ, પછી પાણી, પછી આસ્માન તથા જમીન બની ગયાં.

જેવું કે કુર્આની આયતમાં વર્ણન છે :–

وَهُوَ الَّذِىۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ فِىۡ سِتَّةِ اَيَّامٍ وَّكَانَ عَرۡشُهٗ عَلَى الۡمَآءِ لِيَبۡلُوَكُمۡ اَيُّكُمۡ اَحۡسَنُ عَمَلًا

"અને તે જ છે જેણે આસ્માનો તથા જમીનને છ દિવસમાં બનાવ્યાં અને તેનો અર્શ પાણી પર હતો કે તમને અજમાવે કે તમારામાં કોનું કામ સારુ છે." *(સૂ. હૂદ, ૧૧/૭)*

પશ્ચિમી સંશોધકો એ વાતનો સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર કરે છે કે માદ્દાનું સર્જન ન કેવળ શક્ય છે બલ્કે દરેક ક્ષણે થઈ રહ્યું છે અને દરેક સમયે ચાલુ છે.

**બ્રિટિશ લેખક એડમોન્ડ હોયલે (૧૬૭૨–૧૭૬૯ લંડન) લખે છે :–**

*The Idea that matter is created continuously represents our ultimate goal... continuous creation is the most satisfactory.*

"અમારી દષ્ટિની અંતિમ (અમારો નિષ્કર્ષ) હદ એ છે કે માદ્દાનું સર્જન થતુ રહે છે અને એ જ માન્યતા અસલમાં સંપૂર્ણપણે સંતોષકારક છે."

અહીં હું બતાવતો ચાલુ કે એક જમાનો હતો કે અમુક મુસ્લિમ ફિલોસોફરો બૂ અલી સીના વગેરે પણ

યૂનાની ફિલોસોફીથી પ્રભાવિત થઈને એ વાતને માનનારા બની ગયા હતા કે માદ્દો અઝલી (હમેશાંથી) છે, પરંતુ ઈમામ ગિઝાલીએ દલીલો વડે તેમની અધર્મીભર્યી ફિલોસોફીના તાણાવાણા વિખેરી કાઢયાં. આ જે વૈજ્ઞાનિકોનું દષ્ટિબિંદુ અમલી તથા અનુભવના ખુલાસા બાદ કુર્આની હકીકતોથી કાયદેસર રીતે મળતાપણુ પેદા કરી રહેલ છે અને તેઓ પોતે આગળ વધીને અહીં પશ્ચિમી દર્સગાહો (યુનિવર્સિટીઓ)માં સૃષ્ટિના સર્જન તથા માદ્દાના સર્જન પર કિતાબો લખી રહ્યા છે. આ વિના શંકાએ કુર્આનનો મોજિઝો તથા નબવી ઈલ્મનો ફયઝાન છે. માદ્દાના આ સતત સર્જનના માટે દરેક પળે સૃષ્ટિ વિશાળથી વિશાળ થતી જઈ રહી છે અને દરેક પળે માદ્દાના સર્જન અને તેની જે નવી આકાશગંગાઓ પેદા થઈ રહી છે, સાથોસાથ કેટલાય પ્રકારની અન્ય ક્રાંતિઓ સૃષ્ટિની વ્યવસ્થામાં અસ્તિત્વ પામી રહી છે, સૃષ્ટિ (આસ્માન તથા જમીન)ની વિશાળતાઓમાં જેટલા પ્રમાણમાં સંશોધન થતુ રહેશે, તેમ બુધ્ધિવાદીઓની દુનિયા કુર્આન તથા સાહિબે કુર્આન (નબી ﷺ)ની કદી નષ્ટ ન થનારી મહાનતાઓથી નિકટથી નિકટ થતી જશે. ઈસ્લામ ધર્મનો ગલ્બો (છવાવું) અલ્લાહ ﷻના કરમના જિમ્મે છે અને લાગુ થઈને રહેશે. (ઈન્શાઅલ્લાહ !)

**યહ કાઈનાત અભી નાતમામ હૈ શાયદ**
**કે આ રહી હૈ દમાદમ સદાએ કુન ફયકૂન**

*–(ડો. ઈકબાલ)*

જો આપણે આપણી ખુદાદાદ કાબેલિયતોને કામે લગાડીને તેહકીક તથા રીસર્ચના મેદાનોમાં નીકળીએ તો આપણા માટે કેવળ આ દુનિયા જ નહીં બલ્કે અન્ય ઘણા જહાનો મુન્તઝિર (રાહ જોઈ રહેલ) છે કે આપણે આગળ આવીએ અને કુદરતના છુપાં રહસ્યોથી પર્દો ઉઠાવીએ. ચર્ચા હેઠળના વિષયનું ટાઈટલ "કુર્આન તથા સાયન્સ" હતુ. આ થોડીક લીટીઓ કુર્આનનાં વિદ્યાને લગતાં એહસાનો (ફન્ની મહાસિન) લખતી વખતે એના હેઠળ આવી ગઈ છે. આ એક પૂરો વિષય જે વિસ્તારપૂર્વક ચર્ચા ચાહે છે. કુર્આન અલ્લાહની પવિત્ર કિતાબ છે જેના વાસ્તાથી બંદો પોતાના રબ સાથે હમકલામી (વાતચીત) કરે છે એ આ દુનિયામાં ઈસ્લામની સદાકત (સચ્ચાઈ) તથા હક્કાનિયતનો મેહસૂસ (અનુભવાયેલ) પ્રતિનિધિ છે. તે હક્ક તથા બાતિલનું માપદંડ છે. કુર્આન અર્શનો અવાજ અને રબ્બાની બાદશાહતનું બંધારણ (દસ્તૂર) છે જે આ પૃથ્વી પર વસતા દરેક માનવી માટે છે. કુર્આન તે જીવન બંધારણ છે જેણે કોઈ રંગ વંશના ભેદભાવ વિના માનવના ઘડતર તથા વિકાસમાં પોતાનો આગળ પડતો રોલ ભજવ્યો છે. કુર્આન તે હિકમતની કિતાબ છે જેમાં વહદત (રબના એક હોવા વિશે)નું રહસ્ય પણ છે અને સૃષ્ટિનાં રહસ્યો પણ છે. ક્ષિતિજની વિશાળતાઓમાં લંગર નાખનારા ફઝ્લો કમાલવાળા લોકો તથા ફિક્ર તથા ચિંતન કરનારા બંદાઓ કુર્આનની દર્સગાહ (શિક્ષણ સ્થાન)ના જ પરવરિશ પામેલા હતા. કુર્આન તે સવારની સફેદી છે જે ભટકેલા હરણને હરમ તરફ લાવે છે. કુર્આન તે મિશ્કાતે બઝ્મે ઉલૂહિયત (અલ્લાહના એક હોવાની તાલીમ આપતી બઝ્મની ફાનસ) છે જેનાથી અંધારી રાતના મુસાફિર અને હક્ માર્ગની તલાશ કરનારા માર્ગ પામે છે.

*(કન્ઝુલ ઈમાન મંથલી–ઉર્દૂ, જાન્યુઆરી–૨૦૧૯)*


**કિતાબો મંગાવો**

**કિતાબ : રૂહાની ઈન્આમ**

**સંપાદક :** પીર સૈયદ દાદામિયાં શમ્સુદ્દીન કાદરી "મુહીબ' (રૂપાલવાળા)

રૂા. ૧૦ની ટપાલ ટિકિટ મોકલવી અને મંગાવનારે પોતાનું સરનામુ પૂરુ સારા અક્ષરે લખી મોકલવું.

**સરનામુ : બઝમે કાદરીયા** ઠે. સીંધીવાડ, કસ્બા, મુા. કડી, જિ. મહેસાણા, પીન : ૩૮૨૭૧૫

# ટિક ટોક બે હયાઈકા સમંદર

કાર્યાલય

ટિક ટોક બે હયાઈ ફેલાનેવાલા મકબૂલ તરીન એપ્લીકેશન હૈ જો દુનિયા કે ૧૫૦ દેશોં મેં ૫૦૦ મિલીયન (૫૦ કરોડ) ઈસ એપ કો ઈસ્તેમાલ કરતે હૈ.

યહ એપ્લીકેશનકો બનને મેં યહૂદિયોંને કાફી વકત લગાયા, ચીનને ઈસકો ૨૦૧૬કો સિતમ્બર મહીનેમે લાંચ કિયા, દો સાલ મેં ટિક ટોક કો ઈતની શોહરત હાંસિલ હુઈ જિતની ૨૦ સાલોં મેં ફેસબુક ઔર યૂટયૂબકો શોહરત હાસિલ નહીં હુંઈ, દો સાલ મેં ૧૫૦ મુલ્કકે ૫૦૦ મીલયન ઈસ એપ્લીકેશન કો ઈસ્તેમાલ કરતે હૈ.

ઈસ એપ્સ કો લાંચ કરને કા મકસદ સિર્ફ ઔર સિર્ફ ઈસ્લામકો નિશાના બનાના થા, આપ ઈસ એપ્સ પર દેખેંગે કિ યહૂદી મઝહબ કે અલાવા સારે મઝાહિબ કા મજાક બનાયા હુઆ હૈ, આપકો યહૂદી મઝહબ કે ખિલાફ એક વિડીયો ભી ઈસ એપ્સ પર નહીં મિલેગી, ફિર ભી લોગ ઈસ બેહયાઈ કે સમંદર મેં ગર્ક હોતે જા રહે હૈ ઔર અપને હી હાથોં અપને મઝહબકા મજાક બના રહે હૈ.

ટિક ટોકકો ઝયાદાતર મુસ્લિમ કૌમ ઈસ્તેમાલ કર રહી હૈ ઔર કૌમે મુસ્લિમમેં જ્યાદાતાર હમારી ખ્વાતીન (ઔરત) ઈસ્તેમાલ કર રહી હૈ.

મુસ્લિમ ખ્વાતીન મે-કપ લગાકર ઐસે ઐસે બરહના કપળે પહેન કર સામને આતી હૈં કિ અલ્લાહ કી પનાહ, સાથ મેં દીન વ મઝહબ કા મઝાક બનાતે હૈ.

યહૂદી ચાહતે હી હૈ કે કૌમે મુસ્લિમ કો નંગા બરહાના કિયા જાએ ઔર તાલીમ સે હટા કર ઉન્હેં ગેમ, તીનપત્તી, લુડો, ફેસબુક, વ્હાટસઅપ ઔર બેહયાઈ વાલા ટિક ટોક કે ઈસ્તેમાલ મેં લગા દે તા કે વહ અપના કીંમતી વકત ઈસમેં લગા દે. જબ કૌમે મુસ્લિમ તાલીમ કે મૈદાન મેં ખાલી નઝર આયેંગી, તો હુકૂમત હમારી રહેગી, ગુલામ હમારે રહેંગે.

ઈન સબ ફિત્નોં કો દેખકર ગૈબ કી ખબર દેને વાલે હઝરત નબીયે રહમત ﷺ ઉમ્મત કી બખ્શિશ કે લિએ રો રો કર રબ કો મનાનેવાલે નબી ﷺને ઈરશાદ ફરમાયા થા કિ, ‘‘મૈં તુમ્હારે ઘરોં મેં ફિત્નોંકી જગહેં ઈસ તરહ દેખતા હૂં જૈસે બારિશ ગિરનેકી કતરોંકો.’’

૧૪૦૦ સાલ પહલે હમારે નબી-એ-કરીમ ﷺને હોને વાલે સારે ફિત્નોંકી પેશનગોઈયાં ફરમા દીં. દૂસરી જગહ ઈરશાદ ફરમાતે હૈં. અચ્છે આમાલમેં જલ્દી કરો કબ્લ ઈસકે કે વહ ફિત્ને જાહિર હો જાયે જો તારીકી રાત કે ટુકડોં કી માનિંદ હોંગે ઔર ઈન ફિત્નોં કા અસર હોગા કિ આદમી સુબહ કો ઈમાન કી હાલત મેં ઉઠેગા ઔર શામ કો કાફિર બન જાયેગા ઔર શામ કો મોમિન હોગા તો સુબહ કો કુફ્રકી હાલત મેં ઉઠેગા ઔર અપને દીન વ મઝહબ કો દુન્યા કી થોળી સી દૌલત કે બદલે બેચ ડાલેંગા.

*(સહીહ મુસ્લિમ)*

આજ હમારા બચ્ચા બચ્ચા નેટ કે ઈસ્તેમાલકો જાનતા હૈ, નેટ કો ઈસ્તેમાલ કરને સે જિતના ફાયદા ઉઠાના ચાહિએ ઉસસે કઈ ગુના ઈન્ટરનેટકા ગલત ઈસ્તેમાલ કરતે હૈં. આજ હમારી મુસ્લિમ કૌમ કી કુછ બેગૈરત ખવાતીન (ઔરતેં) ઘર મેં રહકર વહ કામ કરતી હૈં જો તવાયક (રન્ડી) ઔરતેં ભી નહીં કરતી, વહ બંદ કમરે મેં વહ કામ અંજામ દેતી હૈં જિસકી કિસી કો ખબર નહીં હોતી ઔર યહી બંદ કમરે સે લાઈવ આકર વહ કામ અંજામ દેતી હૈ જિસકે હુસ્નકો પૂરી દુન્યા દેખતી હૈ, જિસ કે નંગે બદનકો પૂરી દુનિયા દેખતી હૈ ઔર દેખ દેખ કર નબી ﷺકી વહ હદીષ યાદ કરતી હૈ કિ : દો ગિરોહ ઐસે હૈં જો અહલે જહન્નમ મેં સે હૈ લેકિન મૈ ને ઉનકો નહીં દેખા, એક તો વહ લોગ હોંગે જિનકે પાસ ગાયેકી દુમોં જૈસે કોળે હોંગે જિનકે સાથ યહ લોગોં કો મારેંગે ઔર દુસરી વહ ઔરતેં હોંગી જો કપળે પહનકર ભી નંગી હોગી (યાની યા તો બારીક લિબાસ પહના હોગા જિસ કી વજહ સે જિસ્મ નજર આ રહા હોગા યા ફિર ઐસા લિબાસ પહના હોગા કિ જિસને ઉનકે જિસ્મકા કુછ હિસ્સા ઢાંપા હોગા ઔર કુછ હિસ્સા નંગા હોગા). મર્દો કો અપની તરફ માઈલ કરનેવાલી ઔર ખુદ મર્દોકી તરફ માઈલ હોને વાલી હોંગી. ઉનકે સર ઐસે હોંગે જૈસે કિ ખુરાસાની નસ્લ કે

ઊંટ કે કોહાન હોં (સર કે બાલોં કે નિત નયે ફૈશન ઔર સ્ટાઈલ્સ કી તરફ ઈશારા હૈ). યહ ઔરતેં ન તો જન્નત મેં દાખિલ હોંગી ઔર ન હી ઉસકી ખૂશ્બૂ પા સકેંગી. હાલાંકિ જન્નતકી ખુશ્બૂ ઈતને ઈતને ફાસલે સે મહસૂસ હોગી.

બિન્તે હવ્વા નંગા નાચ નાચ રહી હૈ, ઈબ્ને આદમ અપની હવસ બુજાને કે લિએ ચુસ્કિયાં લે લે કે દેખ રહા હૈ (વિડિયો દેખ કર મજે લે રહા હૈ).

*શર્મે નબી, ન ખૌફે ખુદા–યહ ભી નહીં વહ ભી નહી*

ઈસ્લામને ઔરત કો એક પાકીઝા નિઝામ દિયા હૈ, જિસમેં ઉસકી ભલાઈયાં છુપી હુંઈ હૈં. ઈસ્લામને ઔરતકી હિફાઝતકી ખાતિર અઝાન, ઈકામતસે રોક દિયા. હજકે દૌરાન ઊંચી આવાઝ મેં તલ્બિયા કહને સે રોક દિયા. ઊંચી આવાઝમેં કુરઆન પઢનેસે રોક દિયા. ઊંચી આવાઝસે નબી ﷺની નાત પળ્હનેસે રોક દિયા. ઉસી મઝહબકી નૌજવાન લળકિયાં ટિક ટોક પર નાચ રહી હો તો કિતની તકલીફ હોતી હોગી હમારે રહમતવાલે નબી ﷺકો ?!

ટિક ટોકકી બીમારી કે શિકાર લળકિયાં હી નહીં બલ્કિ બચ્ચે બચ્ચે દીવાનેં હૈં ઔર લળકિયોં કે સાથમેં અપના વીડિયો બનાકર લોગોં મેં શેયર કરતે હૈં ઔર ઈસ ગુનાહ કે કામ મેં લઝ્ઝત મહસૂસ કરતે હૈં.

ઈસ કામ મેં સિર્ફ બચ્ચે નહીં બલ્કિ ઉન લોગોં કે ભી ચેહરે સામને આયે હૈં જો વાલેદૈન હૈ, બળે હૈં, દીનકે જાનને વાલે હૈં ઈસ લાઈન મેં સબ બરાબર નઝર આયે હૈં.

જબ હમારે રહનુમા હી ઐસે કામોંમેં લગ જાયેંગે તો સમઝ લેના કૌમ તનઝ્ઝુલી (પડતી)કા શિકાર હો ચુકી હૈ. રહનુમાઓં કો તો ચાહિએ ઈસ બેહયાઈવાલે એપ્લીકેશન કે ખિલાફ એહતેજાઝ કરે. ઈસ બુરાઈકે ખિલાફ આવાજ બુલંદ કરની ચાહીયે થી મગર અબ તો ડૉક્ટર હી બીમાર હોને લગે હૈં તો કૌમે મુસ્લિમકા ઈલાજ કૈસે કરેંગે ?!

અગર અબ ભી ન સભલે તો વહ દિન દૂર જબ હમારી બચ્ચીયાં ટિક ટોક પર બગૈર કપળે કે બરહના (નંગા) નાચ દિખાએગી, હમારી ગૈરત કો કયા હો ગયા ? કિસ હદ તક હમ બેશરમ હો ગયે કે હમને અપની બચ્ચીયોં કે હાથમેં મોબાઈલ થમા દિયા જિસસે વો અપની ખ્વાહિશાત બંદ કમરેમેં પૂરી કરે.

અભી બચ્ચે બાલિગ નહીં હોતે મગર વહ સેકસ કરતે હુએ નઝર આતે હૈં. મુશ્તઝની કરકે બાલિગ હોતે હૈં, ઈગ્લામ બાજી (સજાતિય સંબંધ) કરતે હૈં, કુત્તોં, બકરિયોં ઔર જાનવરોકેં સાથ અપની પ્યાસે બુજાતે હુએ નઝર આતે હૈં. આપ રોઝાના અખબારાત કા જાઈઝા લેં તો પતા ચલેગા કે હમારે મુઆશરે મેં હો કયા રહા હૈ ઔર કયોં હો રહા હૈ ? ખુદારા અપને બચ્ચોં પર રહમ કરેં ! ઔર જહન્નમકી આગ સે બચાયેં ઔર અપને બચ્ચોં પર ગહરી નઝર રખેં.

હમારી કૌમ કો હમારે નબીએ કરીમ ﷺકી સીરત પસંદ નહીં ! હમારી કૌમકી બચ્ચીયોં કો પર્દા પસંદ નહીં ! હમારે મુસ્લિમ લળકોં કો ચેહરે પર દાઢી રખના પસંદ નહીં ! અપની પહચાન અગર પસંદ હૈ તો યહૂદી સ્ટાઈલ મેં રખે જાને વાલે બાલ પસંદ હૈં, યહૂદી લોગ અગર અપને ચહેરે પર દાળ્હી કો ફૈશન બના કર રખતે હૈં તો હમારા જવાન ઉસકી તરહ અપને ચેહરે પર દાળ્હી રખતા હૈ. જૈસે વહ કપળે પહનતા હૈ હમારા જવાન ઉનકી સ્ટાઈલવાલા લિબાસ પહનતા હૈ. હમારી બચ્ચીયોં કો નકાબ પસંદ નહીં, વહ નકાબ, પરદેકો દકિયાનૂસી (જૂનવાણી) ખ્યાલ કરતે હૈં, વહ અગર કોઈ યહૂદી લળકી તંગ વ ચુસ્ત લિબાસ પહનતી હૈ તો હમારી બચ્ચીયાં ઉસકી તરહકા લિબાસ ખરીદ કર પહનતી હૈં. મર્દોં કી તરહ બાલ કટવાતી હૈં, મર્દોં કે લિબાસ પહનતી હૈં. યહા તક કે અગર યહૂદી લળકિયાં ચડ્ડી બનિયાન પહનતી હૈ તો હમારી બચ્ચીયાં ચડ્ડી બનિયાન પહનકર અપના જિસ્મ ખોલ કર લોગોં કો દિખાતી હુઈ નઝર આતી હૈં.

કિસ મુહં સે હમ કહતે હૈં કે હમ મુસલમાન હૈં ?! હમ કૌનસા કામ ઈસ્લામવાલા કરતે હૈ, હમ કિસ મુંહ સે કહેં કિ હમ કનીઝે ફાતિમા رضی اللہ عنہا હૈં ?! ગુલામે મુસ્તફા ﷺ ઔર ગુલામે અહલે બૈત رضوان اللہ تعالیٰ علیہم اجمعین હૈં ?! હમ ખુદ ઝિલ્લત વ રુસ્વાઈવાલે કામ કરતે હૈં, યહ સબ કયામતકી નિશાનિયાં હૈં જો વુજૂદમેં આ રહી હૈં, જો બચ ગયા વહ અમન પા ગયા. અપને ઘર વાલોંકી હિફાઝત કિજિએ ઔર સીરતે મુસ્તફા ﷺ પર ચલનેકા આદી બના દિજીએ, ઈન્શાઅલ્લાહ ! વહ કભી નહીં ભટકેંગે.

*હમેં કરની હૈ શહન્શાહે બતહા કી રઝા જોઈ*
*વહ અપને હો ગયે તો રહમતે પરવરદિગાર અપની*

# આશ્ચર્યમાં છું કે દુનિયા શુંની શું થઈ જશે ?!

અનુવાદક : મૌલાના મુહમ્મદ ઈદરીસ બસ્તવી
અનુવાદક : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આજના યુગમાં એટલી ઝડપથી દષ્ટિકોણ અને વિચારોમાં પરિવર્તન ઉત્પન્ન કરવામાં આવી રહ્યું છે જેની આથી પહેલાં કલ્પના પણ કરવામાં આવી શકતી ન હતી. જે વસ્તુ સદીઓથી નિંદાપાત્ર હતી, તે જ હવે પ્રશંસાપાત્ર થતી જઈ રહી છે ! અને જે ચીજ પ્રશંસા લાયક હતી તે જ હવે નિંદાપાત્ર ઠરાવવામાં આવી રહી છે. અને આ સર્વ પરિવર્તનો ધારાસભાની પરિષદ અને ઉચ્ચ ન્યાયાલયના ઉચ્ચ હોદ્દઓ પરથી થઈ રહી છે. આવું કેમ થઈ રહ્યું છે ? અમુક લોકો તેને ઈન્સાની આઝાદીની મેઅરાજ ઠરાવી રહ્યા છે અને અમુક લોકો તેને શરમ હયાથી વિમુખ યૂરોપની ગુલામીનું જીવતુ જાગતુ સબૂત કહી રહ્યા છે. વાસ્તવમાં આ શું છે ? અને આ પ્રકારના માહોલમાં તંગી કેમ પેદા કરવામાં આવી રહી છે ? સૌ પ્રથમ અમે એ પરિવર્તનોનું વર્ણન ટૂંકાણ સાથે કરીએ છીએ જે હાલના સંજોગોમાં કરવામાં આવ્યાં છે.

હિંદુસ્તાનનું મહત્વનું રાજ્ય કેરલા જે દક્ષિણ ભારતમાં છે, તે રાજયના એક ઊંચા પહાડ પર પૌરાણિક સબરીમાલા મંદિર સ્થિત છે. તે મંદિરમાં હમેશાંથી સ્ત્રીઓનો પ્રવેશ નિષેધ રહ્યો છે. આ રોક ત્યાંના ધાર્મિક ગુરૂઓ તરફથી રહી છે. પરંતુ જ્યારે સ્ત્રી સ્વતંત્રતાનાં તોફાન ચાલ્યું અને સ્ત્રીઓને પુરૂષો સમાન કરવાની ચળવળ જોર પકડી ગઈ તો કેરલાની હાઈકોર્ટમાં એક કેસ દાખલ કરવામાં આવ્યો કે સર્વ સ્ત્રીઓને સબમરીમાલા મંદિરમાં પ્રવેશની આઝાદી હોવી જોઈએ. ઈ.સ. ૧૯૯૧માં હાઈકોર્ટે આ કેસમાં એ ફેંસલો સંભળાવ્યો કે ૧૦ વરસથી ઓછી વયની બાળકીઓ અને પચાસ વરસથી અધિક ઉમરની સ્ત્રીઓ આ મંદિરમાં પ્રવેશી શકે છે. પરંતુ ૧૦ વરસથી અધિક અને પચાસ વરસથી ઓછી વયની સ્ત્રીઓ કદી પણ આ મંદિરમાં પ્રવેશી નથી શકતી. આ કેસ ઉચ્ચ ન્યાયાલયમાં અપીલમાં પહોંચ્યો અને એક મુદ્દત સુધી મુલ્તવી રહ્યો અને તેના પર કેરલામાં કોઈ હોબાળો પણ ન થયો. પરંતુ ન જાણે કયા કારણવશ ચીફ ન્યાયાધીશે ઉતાવળે એ ચુકાદો બહાર પાડી આપ્યો કે સર્વ સ્ત્રીઓ સબરીમાલા મંદિરમાં જઈ શકે છે. આ રીતે એ લોકોએ હિંદુઓના મંદિરની હજારો વરસ જૂની પ્રથાને અદાલત દ્વારા તોડી નાખી. આપણને ન નરેન્દ્ર મોદી સાથે સંબંધ છે ન મંદિરમાં પૂજા પાઠથી, પરંતુ કોઈ ધર્મની પૌરાણિક ધાર્મિક પ્રથાને તોડી પાડવી હક઼ીક઼તમાં દુઃખદ બાબત છે. ખુશી એ વાતની છે કે સુપ્રિમકોર્ટની જે બેંચે આ ફેંસલો કર્યો છે તે સર્વ સંમતિવાળો નથી, પાંચમાંથી બે જજોએ તેનાથી વિરોધ કર્યો છે અને એમનામાં જે મહિલા જજ હતાં તેમણે ઘણો જ ઉઘાડો વિરોધ કરીને પોતાનો ફેંસલો સંભળાવ્યો છે કે આ પ્રકારની ધાર્મિક બાબતોમાં અદાલતે હસ્તક્ષેપ ન કરવો જોઈએ. હું માનનીય જજના ચુકાદાનું સ્વાગત કરું છું અને મંદિરના જિમ્મેદારોથી આશા રાખુ છું કે ફેંસલામાં જે દીપક મિશ્રાજીએ આપ્યો છે તેમાં ફેરફાર કરાવી દેશે.

આમ પણ ભીડભાડવાળા સ્થળ પર સ્ત્રીઓનું જવું ખતરનાક છે અને ઘણા સ્થળો પર સ્ત્રીઓની મેદનીના કારણે મોટા મોટા અકસ્માતો થઈ ચૂક્યા છે. એટલા માટે સબરીમાલા મંદિરના જવાબદારોએ ત્યાં સ્ત્રીઓની હાજરી પર રોક લગાડી તે પ્રશંસનીય

કાર્ય છે. તેનું જે પણ કારણ તેમની નજરમાં રહ્યું હોય, પરંતુ લોકહિત અને શાંતિ તથા સ્ત્રીઓની ઈજ્જત તથા આબરૂને લક્ષમાં લેતાં તેમનો આ આદેશ પ્રશંસા પાત્ર છે.

ચીફ જસ્ટિસ સાહેબે કમસે કમ એટલુ વિચારવું જોઈતુ હતું કે મંદિર હોય કે મઝાર અથવા અન્ય કોઈ ધાર્મિક સ્થળ હોય તેમાં તે ધર્મના ગુરૂઓનો દષ્ટિકોણ જ અસલ છે. આવી બાબતોમાં અદાલતની દખલઅંદાઝી યોગ્ય નથી.

મને એ ચિંતા પણ પરેશાન કરી રહી છે કે મંદિરથી નીકળીને આવી વિચારશૈલીવાળા લોકો હવે મઝાર સુધી પહોંચવાની કોશિશ ન કરવા લાગે ! અને બે ચાર બજારૂ આવારા સ્ત્રીઓથી અપીલ કરાવી એ ફૈંસલો ન સંભળાવી દે કે સ્ત્રીઓ કલિયર શરીફ અને કિછૌછા શરીફના મુકૃદ્દસ મઝાર પર જવાની હક્કૃદાર છે, જ્યારે કે કિછૌછા મુકૃદ્દસામાં ખુદ ગૌષુલ આલમ શૈખ મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃاللہعلیہએ એ વ્યવસ્થા કરી રાખી છે કે જ્યારે કોઈ ગુસ્તાખ સ્ત્રીએ આપના આસ્તાનએ પાક પર જઈ આપના મઝાર સુધી જવા કોશિશ કરી તો તે સીડી પર જ ખાક થઈ અને ભવિષ્યમાં પણ ઈન્શા અલ્લાહ ! આમ જ થશે. એ પોઈન્ટ પણ વિચારપાત્ર છે કે ઉપરોક્ત ફૈંસલાનો જે જજે વિરોધ કર્યો છે તે એક મહિલા છે અને સ્ત્રીઓ વિશે પુરૂષ જજોની તુલનામાં મહિલાં જજનો ફૈંસલો અધિક ધ્યાનપાત્ર છે. અને તેમણે જે રીતે ધાર્મિક બાબતોમાં અદાલતોને હસ્તક્ષેપ ન કરવાની વાત કહી છે તે સમગ્ર દેશના ધાર્મિક સ્થળો માટે એક રોશન ઉદાહરણ છે. સબરીમાલા મંદિર બાબતે ચીફ જસ્ટિસ સાહબને ન જાણે શું જલ્દી હતી કે તેમણે ઉતાવળે થોડા દિવસો પહેલાં એ ફૈંસલો કરી નાખ્યો. જતાં જતાં આ પ્રકારનો વિવાદિત ફૈંસલો તેમના માટે યોગ્ય ન હતો, તેમણે એને આવનારી બેંચના હવાલે કરી દેવો જોઈતો હતો.

ઉપરોક્ત લખાણ લખી રહ્યો હતો એવામાં આજે તા. ૯ સપ્ટેમ્બર ૨૦૧૮નું અખબાર સવાર સવારમાં સામે આવી ગયું. જેમાં એ સુખદ સમાચાર હતા કે સબ્રીમાલા મંદિરમાં સ્ત્રીઓના પ્રવેશના સંબંધે આપવામાં આવેલ ચુકાદા વિરુદ્ધ સમીક્ષાની અપીલ અમુક લોકોએ સુપ્રિમ કોર્ટમાં દાખલ કરી દીધી છે. ખુદા કરે સફળતા મળે.

બીજો મોટો ફેરફાર ઉચ્ચ ન્યાયાલયે દંડધારામાં સજાતીય અને પરણિત મહિલાના પોતાના પતિ સિવાય પર પુરૂષ સાથે શારીરિક સંબંધ વિશે કર્યો છે. ભારતની દંડધારામાં ચીફ જસ્ટિસે એટલા પ્રમાણમાં ઉલટફેર કર્યા છે કે આજ સુધી જે સારું ન હતું તે પ્રશંસનીય થઈ ગયું અને જે બેહતર હતું તેને બદ્તર ઠરાવી દીધું. જેની વિગત આગળ આવે છે. પરંતુ સર્વ પ્રથમ હું એ બતાવવા માગુ છું કે અત્યાર સુધી આપણે સાંભળી રહ્યા હતા કે હિંદુસ્તાનના બંધારણનું સંપાદન વિખ્યાત કાયદાવિદ્ ડો. ભીમરાવ આંમ્બેડકરની આગેવાનીમાં એક કમિટીએ કર્યું છે જેના પર સીત્તેર વરસોથી અમલ થઈ રહ્યો છે. હવે સ્થિતિ એ છે કે ચાલતા કૃાનૂનમાં જજ સાહેબો જ્યારે ઈચ્છે અને જેમ ઈચ્છે ફેરફાર કરી નાખે. અર્થાત કાયદા ઘડનાર કમિટી જેની સમગ્ર દુનિયામાં ખ્યાતિ છે, તેના તૈયાર કરેલ બંધારણનું કોઈ મહત્વ નથી !

હવે આવો આ વિષય પર જરા વિગતે ચર્ચા કરી લઈએ સજાતીય (પુરૂષ પુરૂષ સાથે કે સ્ત્રી સ્ત્રી સાથે કરે તે) સંબંધ દૂરના ભૂતકાળથી અત્યાર સુધી ધૃણાને પાત્ર રહ્યો છે અને કોઈ પણ ધર્મે તેની અનૂમતિ નથી આપી. કુર્આનના અભ્યાસથી જણાય છે કે અમુક કૃૌમો પર એટલા માટે અલ્લાહનો અઝાબ નાઝિલ થયો કે તેઓ સજાતીય સંબંધોમાં સંડોવાયેલા હતા. અન્ય ધર્મોએ પણ તેની ઘણી જ નિંદા કરી છે. અને હકૃીકૃતમાં તે અત્યંત નિંદાપાત્ર અને ખૂબ જ ધિક્કારમય વસ્તુ છે. પરંતુ હાલના ફૈંસલામાં બંધારણમાં ફેરફાર કરીને હવે એ આદેશ આપવામાં

આવ્યો કે સજાતીય સંબંધ ભલે પુરૂષ પુરૂષ સાથે કરે અથવા સ્ત્રી સ્ત્રી સાથે, કોઈ અપરાધ નથી ! આ રીતે કલમની એક જ હરકતથી સર્વ ધાર્મિક માપદંડો અને સંપૂર્ણપણે વિશેષ શરાફતના ખાત્માનું જોરશોરથી એલાન કરી દેવામાં આવ્યું છે, જેની જેટલી પણ નિંદા કરવામાં આવે ઓછી છે. આ રીતે હકીકતની વિરુદ્ધ ફેંસલામાં એ વાતનો કોઈ લેહાજ રાખવામાં નથી આવ્યો કે સ્ત્રી અને પુરૂષના પરસ્પર સંબંધનો હેતુ મનુષ્યવંશનો વિકાસ અને ઔલાદે આદમ (માનવી)ની જમીન પર ખિલાફતની લાયકાતને સાબિત કરવું છે. એક પુરૂષ બીજા પુરૂષથી વરસો વરસ સંબંધ બનાવતો રહે પરંતુ એક ઉંદર પણ પેદા નથી થઈ શકતો. એ જ રીતે એક સ્ત્રી બીજી સ્ત્રી સાથે સંબંધ બનાવે તો પણ પરિણામ શૂન્ય જ રહેશે. સજાતીય સંભોગમાં કુદરતની આપેલી શક્તિને વેડફવા સિવાય અને મહાન પાપ સિવાય અન્ય કાંઈ નથી.

વર્તમાન યુગમાં ધરતી ઉપર ઉપસ્થિત સર્વ વસ્તુઓથી દલીલ કરવું એક પ્રબળ અને મજબૂત દલીલ પદ્ધતિ છે. હું વિચારવાનું નિમંત્રણ આપુ છું કે **ધરતી પર ઉપસ્થિત સર્વ પ્રાણીઓને જુઓ તો સ્પષ્ટ રીતે જણાશે કે અલ્લાહ ﷻની અઢાર હજાર મખ્લૂકમાં જેટલા પક્ષીઓ અને પશુઓ મળે છે તેમનામાં ક્યાંય પણ સજાતીય સંભોગનું કુકર્મ જોવા નથી મળતુ !** જજ સાહબે સજાતીય સંભોગને જાઈઝ માની જે ફેંસલો આપ્યો છે તેનાથી અશરફુલ મખ્લૂકાત (સર્વ શ્રેષ્ઠ મખ્લૂક) ઈન્સાનને જાનવરોથી પણ બદ્તર ઠરાવી દીધો છે. આનાથી વિશેષ ઈન્સાનિયતનું કોઈ અપમાન નથી હોઈ શકતું.

અંતમાં તે ભયાનક ફેરફારનું વર્ણન કરું છું જે ધારા ૪૯૭માં કરવામાં આવ્યો. એ ધારા હેઠળ **કોઈ પુરૂષ જો કોઈ અન્યની પત્ની સાથે સંબંધ બનાવે તો તેના પતિને એ અધિકાર આપવામાં આવ્યો હતો કે તે અદાલત દ્વારા તેને સજા અપાવે. હવે ઉચ્ચ ન્યાયાલયની એક બેંચે જેના પ્રમુખ ચીફ જસ્ટિસ સાહેબ હતા તેમણે એ ફેંસલો આપ્યો કે એ આખી ધારા જ ખોટી છે. જો કોઈની પત્ની બીજા પુરૂષથી સંબંધ સ્થાપિત કરી તેની સાથે વ્યભિચાર કરે તો તે સ્ત્રીનો કોઈ ગુનો નથી અને ન તે પુરૂષનો કોઈ ગુનો જેણે વ્યભિચાર કર્યો છે.** અલ્બત્ત જજ સાહેબોએ ઉદારદિલી દાખવતાં એ ઉપકાર કર્યો કે તે સ્ત્રીનો મૂળ પતિ બંધારણના કાયદા હેઠળ ફેમેલી કોર્ટમાં જઈને એ સ્ત્રીથી છૂટાછેડાની માગણી કરી શકે છે અને સ્ત્રીને પતિની ફરિયાદ પર પતિને તલાક આપવી પડશે, એટલે કે બુરી પરિસ્થિતિમાં પણ પુરૂષ સ્ત્રીને તલાક નહીં આપે બલ્કે બધું સાબિત થઈ ગયા બાદ સ્ત્રી જ પુરૂષને તલાક આપશે ! નારીમોહ અને બેહયાઈનું આનાથી મોટુ અન્ય કોઈ ઉદાહરણ નથી હોઈ શકતું.

ઉપરોક્ત ભયંકર માનવતા વિરૂધ્ધ ફેંસલાઓના સંબંધે હોબાળો કરવાથી કે ગર્વનમેન્ટને મેમોરેન્ડમ આપવાથી કોઈ ફાયદો નહીં થાય, તેનો સાચો ઉપાય એ છે કે ઉતાવળમાં મુલ્તવી પડેલા જુના કેસોના જલ્દી જલ્દી જે ફેંસલા સંભળાવ્યા છે જેમાંથી અધિકતમમાં ખુદ બેંચની સહમતિ નથી, તેવા ફેંસલાઓ વિરૂધ્ધ સુપ્રિમ કોર્ટમાં સમીક્ષાની અપીલ કરવામાં આવે અને સારા વકીલો દ્વારા ઝડપથી તેમને નિપટાવવામાં આવે તો ઈન્શાઅલ્લાહ ! જરૂર સફળતા મળશે, સુપ્રિમકોર્ટમાં જતા પહેલાં સર્વ અગત્યની અને મુસ્લિમ સંસ્થાઓ થકી દિલ્હીમાં એક સલાહ સમિતિ નિયુક્ત થવી જોઈએ જેમાં કેસના ખર્ચની વ્યવસ્થા કરવામાં આવે, અને નક્કી કરવામાં આવે કે સુપ્રિમકોર્ટમાં અપીલ કયા લોકો તરફથી અને કઈ સંસ્થાઓ તરફથી દાખલ કરવામાં આવે.

આ વિષય પર વિગતવાર લેખ બીજીવાર વાંચકોને વાંચવા મળશે અત્રે ઘણી જ ઉતાવળમાં આ અમુક વાતો રજૂ કરેલ છે.

*(અશરફિયા મંથલી, નવેમ્બર-૨૦૧૮)*

**શાદી મુબારક**

❑ **કંબોલી** : મુકામે રાજી મુબારક અલી ઈસાની નેક દુખ્તર ઝયનબ બાનુની શાદી હાફેઝ યૂનુસ મૂસા ઈસા કુરચનવી (હાલ : યુ.કે.)ના નેક ફરઝંદ મુહમ્મદ નઈમ સાથે તા. ૨૨–૧૨–૨૦૧૮ શનિવારે સવારે ૧૧ કલાકે રાખવામાં આવ્યા. જેમાં યુ.કે.થી પધારેલ જનાબ હાફેઝ આદમ ઈસા રાજી, હાફેઝ અબ્દુલ્લાહ વો.સમનીવાળા, રૂસ્તમભાઈ વકા વગેરે તેમજ અનેક સાદાત, ઉલમા, હુફ્ફાઝે હાજરી આપી. કલામે પાકની તિલાવત બાદ હાફેઝ આદમ વો. સમનીવાળા (ધ્રોલ)એ ખૂબ જ સરસ અંદાઝમાં હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہની લખેલ નઅત *'ફિર કે ગલી ગલી'* પેશ કરી હતી. બાદમાં નિકાહવિધિ થઈ હતી. છેવટમાં સલાતો સલામ દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો. તા. ૨૦–૧૨–૨૦૧૮ના રોજ આ શાદી નિમિત્તે "મેહફિલે નઅત" સજાવવામાં આવી હતી જેમાં જનાબ જાવેદ રઝા સાહબ રાજસ્થાનીએ પોતાના અનોખા અંદાઝમાં નઅતો મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા હતા.

❑ **હિંગલ્લા** : નિવાસી સલીમ હાજી આદમ મૂસા ભોટવાના નેક ફરઝંદ નાઝિમની શાદી દયાદરા ખાતે તા. ૨૬–૧૨–૨૦૧૮ બુધવારે મુબારક હાજી મુનાફ મુહમ્મદ ટોલીવાળાની નેક દુખ્તર રઈફુન્નિસા સાથે અકુજી કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવી.

❑ **ઝંઘાર** : ખાતે હાજી અબ્દુર્રહમાન ઈસ્માઈલ પટેલ (અંગ્રેજ)ના નેક ફરઝંદ શોએબના નિકાહ સલાદરા મુકામે ઐયૂબ ઈસ્માઈલ શેઠની નેક દુખ્તર આરિફા સાથે તા. ૩૦–૧૨–૨૦૧૮ રવિવારના રોજ રાખવામાં આવ્યા.

❑ **ભરૂચ** : (મદીના પાર્ક) ખાતે મર્હૂમ હાફિઝ ગુલામ મોહયુદ્દીનની નેક દુખ્તર સુમૈયા (મૌલાના મોહસિનનાં બહેન)ના નિકાહ તા. ૨–૧–૨૦૧૯ બુધવારના રોજ ટંકારીયા નિવાસી મુશ્તાક ઉમરજી છેલાના નેક ફરઝંદ મૌલાના વસીમ સાથે રાખવામાં આવ્યા. નિકાહ સવારમાં ૯.૩૦ કલાકે જુમ્આ મસ્જિદ ટંકારીઆ ખાતે થયા.

❑ **સરનાર** : ખાતે હાફેઝ મહેબૂબ હસન પટેલ (હાલ : યુ.કે. બ્લેકબર્ન)ના નેક ફરઝંદ મુસ્તકીમની નિકાહ ખ્વાની નબીપુર ખાતે મુશ્તાક વલી મતાદારની નેક દુખ્તર મુબશ્શિરા સાથે તા. ૫–૧–૨૦૧૯ શનિવારે રાખવામાં આવી. એના નિમિત્તે તા. ૩–૧–૨૦૧૯ના રોજ ઈશા બાદ નઅત તથા બયાનનો પ્રોગ્રામ થયો જેમાં જનાબ જાવેદ રઝા રાજસ્થાનીએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા, મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, જંબુસર) તેમજ મૌલાના ખૈરુદ્દીન રઝવીનાં શાનદાર બયાનો થયેલ તેમજ અનેક સાદાત, ઉલમા, અઈમ્મા હઝરાતે હાજરી આપી હતી.

❑ **બારક્કા** : ખાતેથી મુસ્તફા હાજી ઈસ્માઈલભાઈ ડાહ્યા જણાવે છે કે તા. ૨૯–૧૨–૨૦૧૮ના રોજ શેખ શાકિરહુસૈન રફીકભાઈના નિકાહ શેખ ફાતિમાબાનુ સાથે અને શેખ મુબારકહુસૈન રફીકભાઈના નિકાહ શેખ યાસ્મીનબાનુ સાથે કરવામાં આવ્યા તેની ખુશીમાં પ્રત્યેક દુલ્હા દુલ્હન તરફથી રૂા. ૧૦૦–૧૦૦ આમ કુલ રૂા. ૪૦૦/– બરકાતે ખ્વાજા માસિકને મળ્યા છે. જઝાકલ્લાહ ! દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં શાદીઓમાં ખૂબ બરકત રાખે, સૌને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ **દયાદરા** : ખાતે શાકિર રઝા ઈકબાલ ચોકવાલાના નિકાહ સાજિદાબાનુ ઈસ્હાક ખાનસાબ સાથે નબીપુર ખાતે તા. ૯–૧–૨૦૧૯, ૨–જમા.અવ્વલ હિ.સ. ૧૪૪૦ના રોજ રાખવામાં આવ્યા. આ મુબારક અવસરે ઈકબાલ ચોકવાલા તરફથી **રૂા. ૧,૫૦૦/–** ઈસ્લામિક વેલ્ફેર મિશનને મળ્યા છે. જઝાકલ્લાહ ! આ મુબારક અવસર

નિમિત્તે ૬–૧–૨૦૧૯ રવિવારે ઈશા બાદ ચોકવાલા સ્ટ્રીટમાં સુન્ની ઈજતેમા યોજાયો જેમાં જનાબ ક઼ારી મકસૂદ સાહબ કાવીવાળા તથા અન્ય નઅતખાંએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા અને મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ પતિ પત્નીના હક્કો પર શાનદાર બયાન કર્યું હતું.

- **પોરબંદર :** ખાતે જનાબ હાજી અબ્દુલ ગફ્ફાર યૂસુફ સૂર્યાના નેક ફરઝંદ "મુહમ્મદ ઈનાયત"ના એન્ગેજમેન્ટના મોક઼ાની ખુશીમાં રૂા. ૫૦૦ જનાબ હાજી અબ્દુલ ગફ્ફારભાઈ તરફથી "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં આ સગાઈમાં બરકતો રાખે. (આમીન) *–તંત્રી :*
- **દયાદરા :** નિવાસી જનાબ અબ્દુર્રહમાન વલી લહેરીના નેક ફરઝંદ હાફિઝ મુહમ્મદ હુસૈનના નિકાહ યૂનુસભાઈ ઘંટીવાળાની નેક દુખ્તર અનીસા સાથે જુમ્આ તા. ૧૧–૧–૨૦૧૯ના રોજ દયાદરા મુખ્તારુલ મસાજિદમાં જુમ્આની નમાઝ બાદ રાખવામાં આવ્યા. જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) તેમજ જનાબ ક઼ારી મક઼સૂદ સાહબ (પેશ ઈમામ) તેમજ અન્ય ઉલમા હુફ્ફાઝ તથા ગ્રામ્યજનોએ હાજરી આપી હતી. આ મુબારક અવસર નિમિત્તે તા. ૧૦–૧૧–૨૦૧૮ના રોજ પટેલ સ્ટ્રીટમાં મેહફિલે નઅત રાખવામાં આવી જેમાં મશહૂર નઅતખ્વાં જનાબ જાવેદ રઝ઼ા રાજસ્થાનીએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા.

દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ–૨૦૧૯**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

**રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.**
**એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.**

**સંપર્ક**
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



**લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.**

## ઈન્તેક઼ાલ પુરમલાલ

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે ઈસ્માઈલ આદમ નાથા તા. ૧૫–૧૨–૨૦૧૮, ૭ રબીઉલ આખર, હિ.સ. ૧૪૪૦ શનિવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે ફિરોજ દાઉદ ખાનનો તા. ૧૮–૧૨–૨૦૧૮, ૧૦ રબીઉલ આખર, હિ.સ. ૧૪૪૦ મંગળવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે યૂસુફભાઈ ગલ્લા તા. ૨૩–૧૨–૨૦૧૮, ૧૫ રબીઉલ આખર, હિ.સ. ૧૪૪૦ રવિવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે હસીનાબેન ઈસ્માઈલભાઈ ઘંટીવાલાનો તા. ૩–૧–૨૦૧૯, ૨૭ રબીઉલ આખર, હિ.સ. ૧૪૪૦ જુમેરાતના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયાં છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે જરીનાબેન ઈબ્રાહીમ (ભીખા) પટેલનો તા. ૧–૧૦–૨૦૧૯, ૪ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૦ જુમેરાતના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# માસુમ ટુર્સ


**૨૫ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ**

**જાન્યુઆરી–૨૦૧૯ ઉમરાહ**

| ઉમરાહ પ્રોગ્રામ | | દિવસ | રુપિયા |
|---|---|---|---|
| ૨૮ ફેબ્રુ. ૨૦૧૯<br>૧૫ માર્ચ ૨૦૧૯ | મુંબઇ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઇ | ૧૬ | ૫૬૦૦૦ |
| ૮ એપ્રિલ ૨૦૧૯<br>૨૩ એપ્રિલ ૨૦૧૯ | મુંબઇ થી મદીના<br>જિદ્દાહ થી મુંબઇ | ૧૬ | ૫૬૦૦૦<br>શબે બરાત મક્કા શરીફમાં |

**રમઝાનુલ મુબારક**

| | | |
|---|---|---|
| ૦૪ મે ૨૦૧૯<br>૦૫ જૂન ૨૦૧૯ | મુંબઇ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઇ | દિવસ ૩૨ |
| ૧ થી ૨૦ રમઝાન<br>૨૦ થી ૨ શવ્વાલ | મક્કા શરીફમાં<br>મદીના શરીફમાં | રૂા. ૧,૧૫૦૦૦ |



ડિસે-જાન્યુ-ફેબ્રુ-માર્ચ,એપ્રિલ-મે તથા રમઝાન શરીફના એડવાન્સ બુકીંગ ચાલુ છે.

**અમારી સુવિધાઓ...**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેક્ટ ફલાઇટ સાઉદી અરબીયન એરલાઇન્સમાં રહેશે.
- ભરૂચથી લકઝરી બસની સગવડ લોન્ડ્ર ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મક્કા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

| | |
|---|---|
| ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી : ૯૫૫૮૬ ૮૬૦૯૨ |
| ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨ | એજાઝ ડેલાવાલા : ૯૮૨૪૨ ૦૮૬૯૨ |